


પ્રાચીન મિસરનો લહિયો

કરકરા પત્થર પર રંગ ચડાવેલું આ જીવંત લાગતું પૂતળુ મિસરની સાડાચાર હજાર વર્ષ પૂર્વેની કળાનો અદ્ભૂત નમૂનો છે.

આવતી કાલનાં નાગરિકો ઘડતું

કુમાર

આજનાં ઘરોનું અદ્યતન માસિક

૨૨૩

જુલાઈ-૧૯૪૨

કુમાર

જુલાઈ ૧૯૪૨

અંક ૨૨૩

અનુક્રમ

ચિત્રો

કાવ્યો

ચરિત્ર


વાર્તા

લેખો

વિભાગો

કુમાર પ્રત્યેક અંગ્રેજી મહિનાની પંદરમી તારીખે બહાર પડે છે

મુદ્રક-બચુભાઈ રાવત, તંત્રી અને પ્રકાશક - રવિશંકર રાવળ, કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય ૧૪૫૪ રાયપુર અમદાવાદ. વાર્ષિક રૂ. ૬, બ્રહ્મદેશના રૂ. ૬॥, પરદેશના ૧૨ શિ., છૂટક દસ આના; મુંબાઇમાં: કુમાર ઑફિસ, ૧૩૬-૧૪૨ મેડોઝ સ્ટ્રીટ; આર. આર. શેઠની કં. અથવા રાવળ બ્રધર્સ પ્રિન્સેસ સ્ટ્રીટ, વડોદરામાં: નલન ફોટો સ્ટુડિયો, રાવપુરા.



સત્યની શોધમાં

ફોટો · ગફતલાલ ઇધિયા



ગોળમાટલું

ચિત્રકાર: રસિકલાલ પરિખ

વર્ષ ૧૯મું **કુમાર** અંક ૭મો

જુલાઈ · ૧૯૪૨

મેઘ સંગમાં

· ઝૂલણા ·

પુષ્પથી ગન્ધ સમ, દીપથી તેજ સમ,
સૂર સમ વા સતારીથી સરતા
દૂરના દેશથી ભીનલા અનિલ આ
મધુર સુરભિ તણાં ઝરણ ઝરતા.

સૂર્ય છાયો ઘને, શ્યામ છાયા વને,
લીલુડાં ખેતરો મૌન મરકે,
સ્તબ્ધતા છાવરે આભ ને અવનીને
ચિત્તમાં વાયુનાં ઘેન ફરકે.

શ્યામ અમ્બર મહીં શુક સુડા લીલુડા
ઝુંડ રચના ઉડે સ્વૈર પાંખે,
પલ્વલે ઊડતી ધવલ બગ–આવલી
વૃષ્ટિ આમંત્રતી મત્ત આંખે.

દૂરની વૃષ્ટિનાં ઈષ્ટ સૂચન થકી
ચિત્ત ઉત્કંઠ બની બ્હાર જાતું,
મેઘ, વર્ષા, તડિત, કાટકા સંગમાં
રંગમાં આવી અન્તર નહાતું.

તનસુખ ભટ્ટ

તેડાં

મોરલાનાં નોતરાં આવ્યાં
—ઓ મેઘરાજ!
વર્ષાને મોકલો!
આઠ આઠ માસ રહી આભના પિયરમાં,
સાસરિયાં સામું નથી જોયું;
ઓ મેઘરાજ! વર્ષાને મોકલો!
હાંસભરી વાદળીઓ હીંચતી હુલાસમાં,
ઘૂમે છે વીજ વ્હાલસોયું;
ઓ મેઘરાજ! વર્ષાને મોકલો!
વનની વનરાઈ ઓલા વાદળિયા દેશમાં,
નેજરું નાખે ને કાંઈ જોતી;
ઓ મેઘરાજ! વર્ષાને મોકલો!
ઝરણાંએ ગીત ખોયાં ડુંગરની કન્દરે,
થાકી એને હું ગોતી ગોતી;
ઓ મેઘરાજ! વર્ષાને મોકલો!
વાયુને હૈયે સૂર હલકે મલ્હારના,
ઘનઘન પથરાય વીજ-જ્યોતિ;
ઓ મેઘરાજ! વર્ષાને મોકલો!
સાસરને વાટ એને વ્હાલથી વળાવજો,
જગવગડે વેરશે એ મોતી;
ઓ મેઘરાજ! વર્ષાને મોકલો!
ધરાગીનાં નોતરાં આવ્યાં
—ઓ મેઘરાજ!
વર્ષાને મોકલો!

વેણીભાઈ પુરોહિત


અપેક્ષા

દે તો આટલું દે પરમેશ!
જીવન મારું હો કોડિયું નાનું
જળતી કર્મ-દીવેટ;
આત્મ તણો ભારેલો અગ્નિ
સ્નેહલ તેલ સમેત—દે તો૦
જીવન મારું હો માટીનો ટુકડો,
પ્રાકૃત-કુંડે ઠરેલ;
પ્રકૃતિજળમાં નાહીને પ્રગટો
આત્મ-કમળની વેલ!—દે તો૦
જીવન મારું હો ચક્રની કાઠી,
માનવતાને મ્હેલ;
એકબીજાના અભિનવ ત્યાગે
સાધો એય-સુમેળ!—દે તો૦

રતિલાલ છાયા

સંસિદ્ધિ સૌ માનવને કરે વેર!
ઉરે વસ્યાં પ્રેમ તથા ચ આરઝૂ
ને ચિત્તના ચેતનગાલે છે વસ્યું
અનેક અમોતણું કલ્પનાબળ.

હરિશ્ચન્દ્ર(બે) ભટ્ટ



(ઉત્તર ભારતનાં કલાકેન્દ્રોના સંપર્ક અર્થેની તંત્રીની સંસ્કાર-યાત્રામાં કાશીનું વર્ણન ચાલુ)

ભારતમાતા મંદિર

મુકામ પર પહોંચવાની ઉતાવળ છતાં યે કાશીનું આ બહુ પ્રસિદ્ધિ પામેલું સ્થાન બતાવવા રસ્તો ફેરવી ગાડીવાળાએ ચક્કર વધાર્યું. આ સ્થાનનું મહત્ત્વ એ છે કે તેના શ્રીમાન દાતાએ એક વિશાળ મહાલય બંધાવી, તેના મધ્યમાં ચોકઠું પાડી તેમાં ભારતભૂમિનો એક સપ્રમાણ આરસનો નકશો, ચડઊતર સપાટીઓ સાચવી તૈયાર કરાવ્યો છે, તેમજ આસપાસ જોવાની સગવડ માટે ભોંયરાં રાખ્યાં છે. તેમાં ઊતરી જોઇએ ત્યારે હિમાલયની ગિરિમાળાનું એકેએક શિખર સમુદ્રસપાટીથી સાચા પ્રમાણોમાં દેખાય છે. ચારે તરફની ભીંતો પર જુદાજુદા યુગોના ઐતિહાસિક નકશાઓ છે. આમ, ભારત વિષે જ્ઞાન આપવાની સુંદર યોજના કરી શ્રીમંતોએ દ્રવ્યનો સદુપયોગ કરી બતાવ્યો છે. પરંતુ આ નકશાઓ આપણા વિશાળ નિરક્ષર આમ વર્ગના મનમાં કેવી રીતે પ્રકાશ પાડી શકે તેની મને વિમાસણ થઇ. નકશા જોવાનું કાર્ય શાળાઓ પણ હજુ રસમય કરી શકી નથી, તો માનવ પાત્રો કે નૈસર્ગિક દૃશ્યો વિના, માત્ર માપણી-પ્રધાન (ડાયાગ્રામેટિકલ) પ્રદર્શન કેટલો પ્રભાવ પાડી શકે ? ત્યાં એક મુલાકાતવહી (વિઝિટબુક)–મુલાકાતે આવનારની નોંધનો ચોપડો–રહે છે તેમાં બધા મુલાકાતીઓ પોતાનો અભિપ્રાય લખી આપે છે, એટલે મેં પણ એમાં ઉપરનો મારો મત દર્શાવ્યો.

નાગરભાઈ

● છકડાવાળાએ પણ અમારી સાથે ચારેક કલાકમાં નાતો બાંધી દીધો હતો. ગરીબી અને લાચારી ગાતો છતાં તેને પ્રસન્નતાપૂર્વક ઠરાવ્યું જ દામ લેવા તૈયાર થએલો જોઇ, જરા વધુ આપતાં તેની લાગણી સ્મિતમય બનેલી નિહાળી. ધર્મશાળામાં આવી, રૂમ ઉઘાડી જરા બેઠા ત્યાં એક નાના કદના પણ હાસ્ય અને આનંદની રેખાભર્યા મુખવાળા તરુણ ગૃહસ્થે પ્રવેશ કર્યો અને હિંદીની છાંટવાળી ગુજરાતી વાણીમાં બોલ્યાઃ 'રવિભાઇ, હું તો ક્યારનો તમારી પ્રતીક્ષા કરી રહ્યાં છું. બે વાર આવી ગયો.' આટલી પરિચિતરીતે મને બોલાવનાર આ કોણ હશે એનો હું વિચાર કરતો હતો ત્યાં તેમણે જ ખુલાસો કર્યો: 'તમે મને ઓળખતા નથી. જાદવભાઇ (કલાકાર છગનલાલ જાદવ) મને સારીરીતે પિછાને છે. લખનૌ આર્ટ સ્કૂલમાં અમે સાથે હતા. તમે અહીં આવીને મને ખબર પણ ન આપો તેનું મને દુઃખ થાય છે. મને તો હમણાં કલાભવનમાં રાય કૃષ્ણદાસજીએ કહ્યું ત્યારે ખબર પડી. છગનભાઇએ તમારી બહુ વાતો કરી છે. ચાલો હવે, રાયસાહેબ ખાસ તમારા માટે રોકાઇ રહ્યા છે.' હવે મને ખબર પડી કે આ તો નાગરભાઇ, મારા વિદ્યાર્થીમિત્ર છગનલાલ જાદવના સહાધ્યાયી. તેઓ કાશીમાં વર્ષોથી વસેલા ગુજરાતી વૈષ્ણવ નાગરવાણિયા ગૃહસ્થ છે. તેમના સંબંધો ગુજરાતમાં ચાલુ છે. આખું કુટુંબ વેપારથી સુખી છે અને ભાઇને કલાનો પૂરો નાદ છે, એટલે સંગીત ચિત્ર આદિની ઉપાસના કરી હાલ કાશીમાં જ એક ફોટો આર્ટસ્ટુડિયો જમાવ્યો છે. બીજા કલાકાર મિત્રોને પણ તે આશ્રય અને સહકાર આપે છે.

એમણે મારી સાથે આમ પૂર્વસંબંધ બતાવ્યો ત્યારે પહેલી વાત તો અમારા પેટની સગવડ કેમ કરવી તે જ એમને પૂછી. એ વેળા હોટેલ તો બંધ હોય અને હલવાઇઓની પૂરીઓ પણ ઠંડી થઈ ગઈ હોય; એટલે તેમનો સ્ટુડિયો પાસે જ હતો ત્યાં લઇ જઈ તેમણે અલ્પાહારની ગોઠવણ કરી અને પછી અમને રાયશ્રી કૃષ્ણદાસજી પાસે લઇ ચાલ્યા.

ભારત કલાભવન

● કાશીના ટાઉન હૉલની બાજુમાં જ 'નાગરી પ્રચારિણી સભા'નું મકાન આવેલું છે. તેની ઉપરના ભાગમાં રાયશ્રી કૃષ્ણદાસજીએ પોતાનું જીવનકાર્ય સમાવી દીધું હોય એમ લાગે છે. એક મોટા ખંડમાં તેમણે ભેગાં કરેલાં પ્રાચીન હિંદી ચિત્રો તથા પુસ્તકો ભીંતો ઉપર તેમજ કાચનાં ટેબલોમાં બહુ સુવ્યવસ્થિત અને સુરુચિપૂર્વક ગોઠવી દીધાં છે. વધારામાં તેમણે આધુનિક જીવંત કલાકારોની પણ એક ચિત્રાવલિ જમાવી છે. મને આશ્ચર્ય થાય એમ, તેમણે તેના પ્રારંભમાં જ મેં 'દ્વિવેદી અભિનંદનગ્રંથ' માટે આપેલું 'પ્રકૃતિ અને પુરુષ'નું મૂળ ચિત્ર, સરસ રીતે ફ્રેમ કરેલું મને બતાવ્યું. આ ચિત્રમાળામાં તેમને બધા કલાકારોનાં સર્વોત્તમ ચિત્રો નથી મળી શક્યાં, પણ જે કંઇ છે તે ઘણો રસપ્રદ સંગ્રહ છે. કૃષ્ણદાસજીએ પોતે પણ શ્રી રામપ્રસાદજી કરીને એક જૂની રુઢિના જાણકાર કલાકારને પાસે રાખી હિંદી ચિત્રકળાનું સક્રિય જ્ઞાન મેળવ્યું છે, તેમજ એ વૃદ્ધ કલાકારને હજુ સુધી આશ્રય અને સહાય આપી રહ્યા છે.

રાયશ્રી કૃષ્ણદાસજી પાસેનો પ્રાચીન ચિત્રોનો અણમોલ સંગ્રહ ઇતિહાસના અંકોડા પૂરવામાં પણ બહુ ઉપયોગી છે. ચિત્રો અને મિત્રોના પરિધાન-સમય વિષે તેઓ બહુ ઊંડું જ્ઞાન ધરાવે છે. ચિત્રના રંગો, સાધનો અને તે પર લખેલી લિપિઓ વિષે પણ તેમનું જ્ઞાન પ્રમાણભૂત ગણાય એવું છે. ચિત્રકામ સાથે જ તેમણે કાશીની આસપાસથી બહુ ઉત્તમ પુરાણું શિલ્પ એકઠું કરી તે સંગ્રહ પણ વિશાળ કરી દીધો છે. સારનાથમાં બૌદ્ધ સંપ્રદાયનું જેટલું શિલ્પ છે



રાય શ્રી કૃષ્ણદાસજી તથા શ્રી વિજયકૃષ્ણજી

તેટલા જ પ્રમાણમાં બ્રાહ્મણ સંપ્રદાયનું શિલ્પ કાશીની આસપાસથી મળી આવ્યું છે. આથી સમજાય છે કે પ્રાચીન કાળમાં આ બે ધર્મ-સંસ્કૃતિઓ વિરોધ વિના પણ એકસાથે ફાલતી ફૂલતી હશે; કારણ કે શિલ્પના પ્રકારો જોતાં ઘણાં એક જ સમયના કારીગરોના હાથે ઉત્પન્ન થએલાં જણાય છે. શિલ્પની આટલી બધી પ્રગતિ અને ઉત્કર્ષ એ પ્રાંતોમાં થયાં તેનું કારણ પણ સમજાય છે. ગંગાના કાદવમાંથી હજારો જણને પોતાની આંગળીઓનું કૌશલ્ય કેળવવાની તક મળતી. એકાદ માટીનો લચકો લઈ તેમાં ચહેરા, મૂર્તિઓ કે આકૃતિઓ કરવાનું જાણે સર્વસાધારણ હોય તેમ એવી કૃતિઓના ભાંગેલા અસંખ્ય નમૂના સ્ટેશન પાસે નવી લાઈન ખોદતા ટોપલા ભરીને નીકળી આવ્યા છે. તે બધા કૃષ્ણદાસજીએ મહેનત અને ખર્ચ કરી આ સંગ્રહ માટે મેળવી લીધા છે. માટીના એ ટુકડાઓમાં પૂર્વકાળના ચહેરા, અંગમરોડ, અલંકારો ને મુદ્રાઓની તદ્રૂપ પ્રતિમાઓ આપણને મળે છે. કેટલા યે કેશકલાપો એમાં એવા છે કે આજની ફૅશન પણ પાછળ પડેલી લાગે. રાયશ્રી કૃષ્ણદાસજીને એ બધા સંગ્રહ માટે નાગરી પ્રચારિણી સભાનું મકાન હવે નાનું પડવા માંડ્યું છે અને ઘણી ચીજો બહાર મૂકવી પડી છે; છતાં રોજનો બધો સમય આપી તેમણે ખૂબ વ્યવસ્થાપૂર્વકની રચના તેમજ તવારીખી નોંધો તૈયાર કરી છે અને તે બધાની દેખરેખ પોતાના સંબંધી શ્રી વિજયકૃષ્ણજીને સોંપી છે.

રાયશ્રી કૃષ્ણદાસજી સંગ્રહ કરીને જ બેસી રહ્યા નથી. આ બધા અનુભવો અને સંગ્રહ દ્વારા તેમણે પ્રાપ્ત કરેલી સૌંદર્યબુદ્ધિનું જ્ઞાન પ્રચારવા તેમણે અતિ શ્રમપૂર્વક કલા ઉપર એવાં બે પ્રકાશનો કર્યાં છે કે જે દ્વારા કોઈ પણ નૂતન અભ્યાસીને ભારતીય કળાનો પ્રાથમિક પરિચય મળે અને વિશેષ આનંદ તથા અભ્યાસનો તે અધિકારી બની શકે. એ પુસ્તકો હિંદી જાણતા પ્રત્યેક જણને વસાવી લેવા મારી સર્વ શુભેચ્છાપૂર્વક ભલામણ કરું છું: **भारतीय चित्रकला–राय कृष्णदास; भारतीय मूर्तिकला–रायकृष्णदास प्रकाशक : नागरी प्रचारिणी सभा, काशी, सुलभ संस्करण रु १ विशिष्ट संस्करण रु. १। (प्रत्येकनो)**

ગોવર્ધનધારી

● ભારત કલાભવન સ્થાપવામાં રાય કૃષ્ણદાસજીને નાગરી પ્રચારિણી સભાએ પોતાનું બધું પીઠબળ આપ્યું છે. હીંદી ચિત્રકળાનો તેનો સંગ્રહ ગોઠવાઈ ગયો એવામાં એક બીજો પ્રસંગ બન્યો. જૂના કાશી પાસે રેલવે લાઈન માટે કેટલાક ટેકરા ખોદવામાં આવતાં તેમાંથી મકાનોના પાયા અને ઢગલાબંધ પકવેલાં માટીનાં રમકડાં નીકળી આવ્યાં; તે સાથે બ્રાહ્મણ સંપ્રદાયનું કેટલુંક શિલ્પ મળી આવ્યું. આ ખબર રાય સાહેબને પડતાં જ તેમણે મજૂરોને જેટલી ચીજો તેઓ બચાવી લાવે તેનો બદલો આપવા માંડ્યો, એટલે એક મોટો શિલ્પસંગ્રહ તેમને મળી ગયો. આથી સરકારી પુરાતત્ત્વખાતા સાથે એમને થોડો સંઘર્ષ પણ થયો, કારણ કે મજૂરોએ માત્ર શિલ્પ અને પદાર્થો હાથ કરવામાં એ સ્થાનના ખરા અવશેષ રૂપ પાયાઓ અને ભીંતડાંઓ પણ ખોદી નાખ્યાં! પ્રાચીન સ્થાન ખોદવામાં પણ ચોક્કસ જ્ઞાન અને પદ્ધતિની જરૂર છે અને તે ન હોય તો નુકસાન થાય છે.

સારનાથમાં જેવો બૌદ્ધ સમયનો શિલ્પસંગ્રહ રચ્યો છે તેવો જ સમકાલીન બ્રાહ્મણ શિલ્પનો સંગ્રહ ભારત કલાભવન પાસે આવ્યો છે. એ જોતાં જાણે એમ જ લાગે છે કે એક જ સમયે એ બે સંપ્રદાયો પોતપોતાની શિલ્પસમૃદ્ધિની સ્પર્ધા કરતા હશે અથવા પ્રતિમાકારોનાં જૂથ એકનાં એક હશે. પ્રાચીન કાશીના આ અવશેષોમાં બહુ ઉપયોગી અને ધ્યાન ખેંચતી મૂર્તિ શ્રી ગોવર્ધનધારીની છે. આ સ્વરૂપ



ગોવર્ધનધારી : અસલ શિલ્પ તથા તેનાં ખૂટતાં અંગ પૂરીને બાંધેલા મૂળના અંદાજનો સ્કેચ.

બહુ જ વિરલ છે, તે સાથે તેનું કલાકૌશલ પણ બહુ છાપ પાડે એવું છે. ખરેખર માનવમાપની આ મૂર્તિનાં અંગભંગ લાવણ્ય ને તરુણાઈનું ઓજસ તેને પ્રતિભાવાન શિલ્પશ્રેણીમાં મુકાવે એવાં છે. તેની મુખાકૃતિ છેદી નાખવામાં આવી હોવા છતાં ભમરો, નાકનું પ્રમાણ અને હોઠ પરનું સ્મિત સમજી શકાય એવાં છે. ઉપર મેં તેના ખૂટતા હાથો પૂરી અસલ મૂર્તિ કેવી હશે તેનો અંદાજ જોડે બાંધી બતાવ્યો છે.

કલાકાર રામપ્રસાદ

● રાય કૃષ્ણદાસજીને બચપણમાં કલાનો શૉખ લગાડનાર કલાકાર રામપ્રસાદને તેઓ હજુ પોતાના સમાગમમાં સાચવી રહ્યા છે. બીજે દિવસે સવારે હું તેમના ગંગાઘાટ પરના મકાને ગયો ત્યારે તેમણે બહુ ઉમેદારીથી એમને ત્યાં બોલાવી હાજર રાખ્યા હતા. આ પુરાણા કારીગરનું આજની બજારમાં જરા યે સ્થાન નહોતું, પણ તે એક જ એવો આનુવંશિક કારીગર છે જે જૂની માટીના રંગો, પીંછીઓ અને ચિત્રકામ બનાવી રહ્યો છે. તેનાં ઠરેલ આંગળાં એક વાળની રેખાથી કહો તેવી ઝીણી આકૃતિ દોરી શકે છે; હાથીદાંત પર સુંદર તસ્વીરો કરી શકે છે! તેનાં એકબે ચિત્રો ભારત કલાભવનમાં જોયાં હતાં. ઘેર પણ કૃષ્ણદાસજીએ તેનું દફતર સાચવી રાખ્યું હતું તે બતાવ્યું. આ કલાકારે હમેશાં માનસિક પ્રતિમાઓ કરેલી; તે સાથે તસ્વીરકામ પણ સારું કરેલું. આજે વૃદ્ધાવસ્થાએ આંખ અને હાથની શક્તિ શિથિલ કરી નાખી છે, પણ રાય કૃષ્ણદાસજીની ઉદારતાએ તેને જીવનવિગ્રહમાં ઠીક ટેકો આપ્યો છે. આ કલાકારનો ઉલ્લેખ શ્રી નાનાલાલ મહેતાએ તેમના Studies in Indian Paintingમાં કરેલો છે. મેં તેની રેખાછબિ ઉતારી એ પુરાણા કલાકારને પ્રણામ કર્યાં ત્યારે તેની



આંખો ભાવભીની બની ગઈ. બધો કૃપાપ્રસાદ કૃષ્ણદાસજીનો છે એ વાત તેણે પુનઃ કહી. પોતાના તરુણ પુત્રનો પણ પરિચય કરાવ્યો અને કોઈ વાર મારી પાસે નવી કળા શીખવા આવે તો રાખવા બલાગણ કરી.

હમઝાનામું

● અમીર હમ્ઝાની પરાક્રમકથા એ કંઈક વિક્રમકથાઓ જેવી એક સાહસ દંતકથા છે. તેમાં અનેક કિસ્સાઓ છે. પંદર વરસ સુધી ચિત્રકારોને પાસે રાખી અકબર બાદશાહે તેનાં મોટાં લગભગ ૨૦×૩૦ ઇંચનાં ૧૪૦૦ ચિત્રો કરાવેલાં, જેમાંથી આજે હિંદુસ્તાનમાં માત્ર એકએક છે અને તે પૈકી એક રાય કૃષ્ણદાસજીએ પ્રાપ્ત કર્યું છે. બાકીનાં યુરોપમાં છે. પણ એક સાહસિક જર્મને જુદાજુદા સંગ્રહોમાંથી ૧૦૦ જેટલાં પ્રાપ્ત કરી તેની રંગીન પ્લેટો સાથે મોટું પુસ્તક પ્રકટ કર્યું છે. એ પુસ્તક પણ અહીં જોવા મળ્યું. એ ચિત્રોમાં રાક્ષસો, પરીઓ, અનેક નગરો, દેખાવો, માનવીઓ તથા જીવનવ્યવહારોનું એ સમયની કલ્પના પ્રમાણેનું જંગી દફતર છે. એ એકલા પુસ્તકની જ કિંમત રૂા. બે હજાર ગણાય છે! હિંદના એ ગૌરવભર્યા વારસાની હકીકત જાળવવા પણ કેટલાં પુસ્તકાલયો કે સંગ્રાહકોએ પ્રયત્ન કર્યો હશે?

પૂરન્ ભૈયા

● નાગરભાઈનું પિછાન થયા પછી તો કાશીની અમારી સગવડોની જવાબદારી તેમણે જ ઉઠાવી લીધી. રેવાબાઈ ધર્મશાળાની બાજુમાં જ તેમનો મૉડર્ન આર્ટ સ્ટુડિયો હતો, એટલે ગમે ત્યારે ત્યાં મળી શકાતું. વરસાદ ન હોત તો તેમની ઘરની હોડીમાં ગંગાનો આખો કિનારો ઘૂમત; પણ મારા સાથીઓને તેનો તેમણે પૂરો લ્હાવ આપ્યો. આ ગુજરાતી ખાનદાન ઘર વેપારરોજગારથી સુખી છે ને નાગરભાઈને કલાની ઉપાસના માટે પૂરી તક અને સગવડ છે. કલાકારોનું આદર અને સ્વાગત કરવા તેઓ હમેશાં તત્પર રહે છે અને પોતાના સહધર્મીઓને પોતાના સ્ટુડિયોમાં બને તેટલી સહાય અને હૂંફ આપે છે. ત્યાં જ એક બીજા મસ્ત કલાકાર પૂરન્ ભૈયા મળી ગયા. જીવનમાં પ્રયોગો ઉપર ઝુકાવનારા તરુણો કેવા હોય તેનો એ અચ્છો નમૂનો હતો. લાગણીના પૂર ઉપર જિંદગીનું નાવ છોડી સમયસંજોગની લહેરીઓ કે ઝંઝાવાતને આધીન થનારા મરજીવા જેવા પૂરન ભૈયાનાં જીવન અને અનુભવો કથા યોગ્ય હતાં. તેનાં ચિત્રોમાં પણ અગમ્યવાદ અને કલ્પનાનાં પૂર દેખાતાં હતાં. પોતે સરસ લેખક પણ છે. આ ચમત્કારિક વ્યક્તિ નાગરભાઈની પ્રેમભરી છાયામાં નિશ્ચિંત અને સુસ્થિર બની કલાસર્જનો કરે તો જ તેનું જીવન સાર્થક થાય.





ડાબી બાજુ—કલાકાર રામપ્રસાદ; વચ્ચે—પૂરન્ ભૈયા; છેડે—નાગરભાઈ

લખનૌ તરફ

● લખનૌના ભૂતપૂર્વ કમિશ્નર મારા મિત્ર સ્વ. શિવલાભાઈનાં પુત્રી શ્રી કુસુમબેન પાલે મને તારથી જણાવ્યું હતું કે લખનૌની ચિત્રશાળા રજાઓના કારણે બંધ થાય તે પહેલાં ત્યાં પહોંચવું, એટલે ઝટપટ તૈયારી કરી બનારસથી લખનૌ જતી સાંજે ૭ વાગે ઊપડતી એક ટ્રેન પસંદ કરી. નાગરભાઈ અને પુરન ભૈયાએ સ્ટેશન સુધી બધી ગોઠવણ પાર ઉતારી આપી. પણ જે ટ્રેન ૭ વાગે આવનાર હતી તે રાત્રે બાર વાગે આવી. ત્યાં સુધી એ મંડળીએ પણ અમારી સાથે સહન કર્યું. ભાઈ વ્રજલાલ પણ અહીંથી કલકત્તા પાછા જવા છૂટા પડ્યા. વાદળાં ઘેરાવા માંડ્યાં હતાં. તબિયત સાચવી લેવાનો પણ પ્રશ્ન હતો. પણ એ ટ્રેનની વાત તો અજબ નીકળી. લખનૌ સવારે ૭ વાગે પહોંચાડવાને બદલે તેણે અમને ચારબાગ સ્ટેશને દસ વાગે ઉતાર્યા. (ચાલુ)

એક અણુચમકયો તારો

● ગયે મહિને કળાના આકાશમાં એક અણુચમકયો તારો આથમી ગયો. સ્વ. ભાઈ પ્રહ્લાદજી જયશંકર યાજ્ઞિક ગુજરાત કલા સંઘમાં એક નવું ખીલતું પુષ્પ હતું. કલાકારનું હૃદય અને શીલવંત સ્વભાવનો મેળ કોઈક જ વાર હોય છે. આ વિરલ ગુણોથી પ્રહ્લાદજીએ તેના વિદ્યાર્થીબંધુઓ અને આચાર્યના હૃદયમાં સંપૂર્ણ પ્રીતિભાવ જમાવ્યો હતો. પોતાના અભ્યાસ ને ચિંતનમાં તે એકાગ્ર અને શ્રદ્ધાન્વિત હોઈ સારા કલાકાર



સ્વ.ના સહાધ્યાયી શાન્તિ શાહે કરેલો રંગીન પેસ્ટલનો સ્કેચ

થવાની યોગ્યતા પ્રાપ્ત કરવા માંડી હતી એ તેણે લખેલી સ્વનોંધ અને અવલોકનચિત્રો પરથી સારીપેઠે સિદ્ધ થાય છે. કલાજ્ઞાનનો એક પણ શબ્દ તેના કાને પડતો એ તેની નોંધપોથીમાં સ્થાયી બની જતો અને તેની અભ્યાસભૂમિકાને દૃઢતર બનાવતો. એનો વિકાસક્રમ પૂર્ણ કરવા દૈવે અનુકૂળતા ન આપી અને ગઇ વૅકેશનમાં ટાઇફૉઈડથી એનો આત્મા જ્યોતિર્લય થયો. પરંતુ તેથી તેના સહધર્મીઓ અને કુટુંબને અપાર દુઃખ થયું છે. તેની નોંધનાં થોડાં વાક્યો આ રહ્યાં:

'હિંદી કળાકાર કુદરતને નહિ, પણ કુદરતના અંતરને શોધે છે.'

'મુક્તિને માટે પણ કળા આવશ્યક છે.'

'આપણાં દુઃખો ને આનંદ કળાકૃતિના સર્જનમાં ઉતારવાં જોઇએ.'

'સર્જન દ્વારા આપણે વાસનામુક્ત થઈ શકીશું. સર્જન પરિસ્થિતિનાં બંધનો તોડી નાખે છે. કળા એટલે આર્યોના સંન્યાસનો સંદેશ.'

'જેવું કળાકારનું જીવન તેવી તેની કળા.'

'કળા મનુષ્યને જરૂર ઉન્નત કરનારી છે; ફક્ત તેને તમારા હૃદયમાં ઉતરવાની અને તમારી વાસનાઓને શુદ્ધ કરવાની તક આપો.'

'ચિત્રકારની જિંદગી તરવારની ધાર ઉપરની છે. તેણે ઘણો સંયમ મેળવવાનો હોય છે. તેનામાં આળસ ને પ્રમાદ ન હોવાં જોઇએ.'

ર. મ. રા.

કુલપતિ જેમ્સ એચ. કઝિન્સની ૭૦મી જયંતી

બાવીસમી જુલાઇ ૧૯૪૨ના દિને પ્રો. જેમ્સ એ.ચ. કઝિન્સ સિત્તેર વર્ષ પૂરાં કરશે. ભારતીય કલા, શિલ્પ અને તત્ત્વજ્ઞાન દ્વારા જે સંસ્કૃતિ પ્રકટ થઈ છે તેની સમૃદ્ધિ અને પ્રચાર તેમજ સાચી શિક્ષાપ્રણાલિ સ્થાપવામાં નિઃસ્વાર્થપણે અને અવિશ્રાન્તપણે જીવનભર સેવા આપનાર વિરલ પુરુષોમાંના તે એક છે.

લાગટ સત્તાવીસ વરસ સુધી પ્રો. કઝિન્સે દેશભરમાં કળા ઉપર વ્યાખ્યાનો આપ્યાં છે તથા કળાપ્રદર્શનો કર્યાં છે, અને મોટે ભાગે તેમના જ સક્રિય પ્રયત્નોથી હિંદી ચિત્રકળાનો પ્રચાર બંગાળમાંથી ઈતર પ્રાંતો તથા રાજ્યોમાં પહોંચી શક્યો છે. તેમણે કેટલે ય સ્થળે ચિત્રશાળાઓ સ્થપાવી કલાકારોને કામ અપાવ્યું છે; મ્હૈસુર અને ત્રિવંદ્રમમાં 'રાજ્ય ચિત્રાલયો' કરાવ્યાં છે ને એ રીતે હિંદી ચિત્રકારોની કૃતિઓ ખરીદનારા મોટા ગ્રાહકો ઉત્પન્ન કર્યા છે. તેમણે આખી પૃથ્વીનો પ્રવાસ કર્યો છે. યુનાઇટેડ સ્ટેટ્સ ઑવ અમેરિકામાં પાંચ વાર એક છેડેથી બીજા છેડા સુધી પ્રવાસ કરી ત્યાંની યુનિવર્સિટીઓ અને કળાશાળાઓમાં હિંદી કળા પર વ્યાખ્યાનો આપ્યાં છે. મદ્રાસ પાસે અદિયારમાંના 'બ્રહ્મવિદ્યા આશ્રમ'ના તેઓ નિયામક હતા, અને હમણાં તેઓ ત્રાવણકોર રાજ્યના કલાસંવાહક છે તથા ત્રાવણકોર યુનિવર્સિટીના કલાવિભાગના સરમુખ છે. તેમના સંસ્કૃતિવિષયક લેખો દુનિયાના ઘણા મુલકોમાં વંચાય છે. એક કવિ તરીકે વિવેચકો તેમને અંગ્રેજી ભાષામાં હાલના પ્રથમ શ્રેણીના કવિઓમાં ગણે છે. પોતે જન્મે આઇરિશ હોઈ આયર્લેંડના નામી કવિ યીટ્સ અને એ. ઈ. તેમના જોડિયા મિત્ર હતા અને તેમની સાથે આજથી ચાલીસ વર્ષ પહેલાં આઇરિશ સાહિત્ય અને નાટ્યની નવજાગૃતિમાં તે પણ અગ્રનાયક હતા. એમનાં કાવ્યોના બે ગ્રંથ અમેરિકામાં એમના પ્રવાસ વેળા પ્રકટ થયા છે. એક કાવ્યસંગ્રહ હિંદમાં પણ હમણાં પ્રકટ થયો છે, અને આધુનિક શિષ્ટ કાવ્યગ્રંથ રૂપે તે આદર પામ્યો છે. ૧૯૨૨ની સાલથી જાપાને ડૉક્ટર ઑવ લિટરેચરની પદવી આપેલા તે એક જ પરદેશી વિદ્વાન હતા; પણ જાપાને યુદ્ધ જાહેર કર્યું ત્યારે ૧૯૪૧માં પોતે એ ઉપાધિનો ત્યાગ કર્યો છે. ૧૯૩૭ના જાન્યુઆરીની ૧૪મી તારીખે પ્રો. કઝિન્સે વૈદિક વિધિ પ્રમાણે હિંદુ ધર્મનો સ્વીકાર કરી



કુલપતિ જયરામ (પ્રો. જેમ્સ એચ. કઝિન્સ)નો ત્રિવંદ્રમના પદ્મનાભ મંદિરમાં પ્રવેશ

જયરામ નામ ધારણ કર્યું અને યુગોથી અહિંદુ માટે બંધ રહેલા ત્રિવંદ્રમના પદ્મનાભના મંદિરમાં તે દિવસે પ્રવેશાધિકાર મેળવ્યો. એ પ્રસંગને અનુલક્ષી તેમણે જાહેરમાં જણાવ્યું હતું કે ધર્મની બાબત એ દરેક માણસ અને પરમાત્મા વચ્ચેની હોવાથી તેને જાહેર સ્વરૂપ આપતાં ખુલાસાની જરૂર રહે છે. તેમણે માત્ર એ જ સિદ્ધ કર્યું કે પોતે કરેલા ધર્માંતરનો અર્થ એ થતો નથી કે એક ધર્મમાં મોક્ષ નહિ મળે માટે તે છોડી બીજો સ્વીકારવો. ખાસ કરી હિંદુ ધર્મનું તો એવું લક્ષણ છે જ નહિ. ખ્રિસ્તી ધર્મના તેઓ પાકા જ્ઞાતા અને અભ્યાસી છે. બાઈબલના જ્ઞાન માટે તો તેમને ઈનામો મળેલાં છે. પાછળથી તેઓ વૈજ્ઞાનિક તર્કવાદીઓ અને પદાર્થવાદીઓની અસરમાં આવ્યા અને ધર્મ જે રીતે આચરવામાં આવે છે તે જોઇ ૧૯મી સદીના અંતમાં તો નાસ્તિક બની ગયા. પણ તર્કવાદે તેમને સંતોષ આપ્યો નહિ, અને થીઓસોફિકલ ધર્મવૃત્તિનો સંપર્ક પામી હિંદના તત્ત્વજ્ઞાન તથા ધાર્મિક આદર્શોનો અભ્યાસ કર્યો. તે સાથે ખ્રિસ્તી ધર્મનાં મૂળભૂત તત્ત્વો પણ વિચાર્યાં. તેમને જણાયું કે કોઈ પણ ધર્મે સત્યનો, મોક્ષમાર્ગનો કે અનંત સુખનો ઇજારો રાખ્યો નથી. હિંદુ ધર્મે તો એવો દાવો કદી કર્યો નથી. એટલે તેમના સંપ્રદાય પ્રમાણે ધર્માંતર નહિ પણ સ્વરૂપાંતર તેમણે કર્યું હતું, કે જેથી જીવન કાયમ ઊર્ધ્વમુખી ને પવિત્ર બને એવા જીવનવ્રતનો સ્વીકાર થાય છે.


પોતાની પ્રત્યેક પ્રવૃત્તિ દ્વારા જેમણે હિંદના આદર્શો અને સંસ્કૃતિનો જ ધ્વજ ફરકાવ્યો છે એ પુરુષના ૭૦મા વર્ષ પ્રવેશના આ મંગલ અવસરે અમે તેમનું અભિવાદન કરીએ છીએ.

હિંદી રાષ્ટ્રીય મહાસભાની સ્થાપના થઇ ને એના પિતાએ નીએનાં ભવિષ્યવાણી શાં વચનો ઉચ્ચાર્યાં એને આજે ૫૭ વર્ષોનાં વહાણાં વાઇ ચૂક્યાં છે. ઍલન ઑક્ટેવિયન હ્યૂમે કહ્યું હતું: ‘આજે તો આપણે નાનકડું બી વાવીએ છીએ.તમે ધીરજ રાખશો તો, એનો વાવનાર ચાલ્યો ગયો હશે અને ભૂલાઈ પણ ગયો હશે ત્યારે એ બી ફૂલીફાલીને મોટું વૃક્ષ બનશે, જે આખા દેશને છાંયડો અને આશીર્વાદરૂપ અસંખ્ય ફળ આપશે.’

એ શબ્દો અક્ષરશઃ સાચા પડ્યા છે. એનો વાવનાર ભલે આજે ચાલ્યો ગયો છે, છતાં ભૂલાયો નથી. હિંદના મહાપુરુષોની નામમાળામાં એ મહાન અંગ્રેજને આવતી પેઢીઓ આદરપૂર્વક સન્માનશે.

સ્કૉટલૅંડના નૈઋત્ય કિનારાઓના રહેવાશીઓમાં એક જાતની નીડરતા જોવામાં આવે છે. પૂરો પાંચ હાથ ઊંચો,સાગના સોટા જેવો સીધો, ભવ્ય ભાલપ્રદેશ નીચે ઝીણી આસમાની આંખો ને સુંવાળી દાઢીમૂછવાળો, એવા આ મહાપુરુષના ચિત્રમાંથી માનવતા જ નીતરે છે. માત્ર પુરુષોત્તમોમાં જ જોવા મળતી ભવ્ય સાદાઇની એ મૂર્તિ હતા.

આ દરિયાવદિલ સ્કૉટ્સમેનમાં પશ્ચિમનાં સુદૃઢ શરીર અને વ્યવહારૂ ડહાપણ સાથે પૌર્વાત્ય આધ્યાત્મિકતા અને માનવપ્રેમનો સુંદર યોગ સધાએલો હિંદના હિત માટે એ પ્રેમાળ પરદેશીએ તનતોડ પ્રયત્નો કર્યા અને પ્રગતિ તથા જોહુકમી વચ્ચે અંટસ થવાથી છેવટે તે ખાતર સીમલાના સત્તાધીશોની ઈતરાજી પણ એણે વહોરી.



હિંદી રાષ્ટ્રીય મહાસભાના પિતા

ઍલન ઑક્ટેવિયન હ્યૂમ

ઈ. સ. ૧૮૨૯નું વર્ષ ઇંગ્લંડના રાજકારણના ઇતિહાસમાં બહુ અગત્યવાળું ગણાશે. એ વર્ષમાં મહાન સુધારાચળવળ ધીમી પણ ચોક્કસ ગતિએ આગળ વધી રહી હતી; કૉબ્ડન અને બ્રાઈટ લોકોના રોટીના હક્કની ચોપણા કરી રહ્યા હતા. દેશમાં જબ્બર ઉથલપાથલ કરી નાખનારા બનાવો એ વર્ષમાં બન્યા, અને સામાન્ય જનસમૂહે જાગૃત થઇને લોકશાહીના હક્કોની માગણી એ જ વર્ષમાં કરી. આવે ટાંકણે ઍલન ઑક્ટેવિયન હ્યૂમનો જન્મ થયો.

ઍલન હ્યૂમના દાદા મન્ટ્રોઝ નામના ગામમાં સાધારણ વેપારી હતા. ઍલનના પિતા જોસેફ હ્યૂમે વેપારને બદલે વિજ્ઞાન પસંદ કર્યું અને સર્જ્યન બન્યા. ઈ. ૧૭૯૯માં તેમને ઈસ્ટ ઇન્ડિયા કંપનીમાં નોકરી મળી અને હિંદ આવ્યા. આમ, બાળક ઍલન હ્યૂમે રાષ્ટ્રપ્રેમી સ્કૉટિશ પિતા પાસેથી વારસામાં વિજ્ઞાનપ્રેમ ને પ્રજાતંત્રના પ્રેમની સાથોસાથ હિંદ સાથેનો નાતો પણ વારસામાં જ મેળવ્યો હતો, જે ભવિષ્યનાં વર્ષોમાં અતૂટ પ્રેમગાંઠે ગંઠાવાને સર્જાયો હતો.

હિંદી સિવિલ સર્વિસમાં નોકરી મળ્યા પછી જોસેફ હ્યૂમે દિવસ ને રાત પૌર્વાત્ય ભાષાઓનો અભ્યાસ કરવા માંડ્યો અને થોડા જ સમયમાં દુભાષિયા (interpreter) બનીને કંપની તથા દેશી રાજાઓ વચ્ચેનું બહુ જ અગત્યનું કામકાજ કરવા માંડ્યું. અહીં એક વાતની ખાસ નોંધ લેવી જોઇએ કે હિંદમાં આ સમય એવો હતો કે ગમે તેવો મામૂલી અંગ્રેજ અમલદાર ધારે તો સહેલાઇથી નવાબ બની બેસે. પણ જોસેફ આ જ સમયે પોતાને જરૂર પૂરતું મળી ગયું એથી સંતોષ માનીને ઇંગ્લંડ ચાલ્યા ગયા અને ત્યાં જઇને વેમાઉથ પરગણામાંથી પાર્લામેન્ટના પ્રતિનિધિ બન્યા. ત્યાંનું તેમનું એ જીવન અનેક પાસાવાળું અને રંગદર્શી છે. પાર્લામેન્ટમાં ઉદ્દામ પક્ષનું તેમણે ત્રીસ વર્ષ સુધી નેતૃત્વ સંભાળ્યું અને વિરુદ્ધ પક્ષ સામે અનેક લડતો લડ્યા, જે પદ્ધતિએ પાછળથી બ્રાઇટ અને કૉબ્ડન તથા ચેમ્બરલેઈન અને લૉઇડ જ્યૉર્જ લડ્યા. ૧૮૩૪માં તેમણે ‘કૉર્ન લૉઝ’ને ઝાટક્યા ને પ્રતિપાદિત કર્યું કે એ દ્વારે કરીને ભૂખમરો ઊભો કરશે. ‘સફ્રેજ’ ચળવળ પણ તેમણે ચલાવી. તેમણે લશ્કરી સુધારા માટે પણ ખૂબ પ્રયત્ન કર્યા. પણ આ બધા સમય દરમ્યાન એ તેમના પ્રિય હિંદને તો વિસારે નહોતા જ પાડી શક્યા. ૧૮૫૩માં હિન્દના રાજ્યતંત્રની સુધારણા વિષેના સર ચાર્લ્સ વૂડના ખરડાનું વાચન થયું ત્યારે તેઓ હિંદીઓને પક્ષે કલાકોના કલાકો સુધી બોલેલા.

આવી માટીમાંથી ઍલન ઑક્ટેવિયન હ્યૂમનું ઘડતર થયું હતું. બાળક ઍલનને રૉયલ નેવીમાં જવાનો શૉખ હતો. જોકે તેનું ભાવિ તો હિંદી સિવિલ સર્વિસમાં જ નિર્માણ થઇ ચૂક્યું હતું, છતાં તેના પિતાએ એ કારકીર્દિની અજમાયેશ કરી જોવાની યે છૂટ આપી. માત્ર તેર જ વર્ષની કાચી ઉમરે એ ‘વાન્ગાર્ડ’ જહાજ ઉપર નોકરી કરવા ગયા. પછી એણે હેઈલબરી કૉલેજમાં તાલીમ લીધી અને ત્યાં પૂરૂં કરીને યુનિવર્સિટી કૉલેજમાં દાક્તરી અને સર્જરી—વાઢકાપવિદ્યાનો અભ્યાસ કર્યો. અને ત્યાર પછી ૧૮૪૯માં બંગાળ સિવિલ સર્વિસમાં તેમને નોકરી મળી ને તે હિંદ આવ્યા.

છવ્વીશ વર્ષની તરુણ વયે ઈટાવાના જિલ્લા મૅજિસ્ટ્રેટ તરીકે એને નીમવામાં આવ્યા અને થોડા જ સમયમાં એ માયાળુ યુવાને

ત્યાંના રહેવાસીઓની મમતા અને પ્રેમ મેળવી લીધાં. એ જ વખતે ખૂનખાર બળવો ફાટી નીકળ્યો ને એ સમાવવામાં યુવાન મૅજિસ્ટ્રેટ હ્યૂમે જે કુનેહ તથા મરદાનગી દાખવ્યાં એ તેના જીવનઇતિહાસમાં સુવર્ણ-પૃષ્ઠો બનશે. ઍલન હ્યૂમની યાદગીરી રૂપે આજે પણ ઈટાવા-માં સંખ્યાબંધ કીર્તિમંદિરો ઊભાં છેઃ 'ધ હ્યૂમ હાઈસ્કૂલ', 'હ્યૂમ સરાઈ' અને 'હ્યૂમ ગંજ' એમાંનાં મુખ્ય છે. જિલ્લાનું પ્રથમ તબીબી વિદ્યાલય એમણે જ બંધાવેલું અને આજે પણ જિલ્લાના એક છેડેથી બીજે છેડે હ્યૂમનું નામ સાંભળવામાં આવે છે.

૧૮૬૭માં હ્યૂમને વાયવ્ય પ્રાંતના જકાતી અધિકારી તરીકે નીમવામાં આવ્યા. એ સમયે રજપૂતાનાના મીઠા સાગે સિંધુથી માંડીને તે કટક સુધીની ૨૫૦૦ માઈલની સરકારી જકાતી નાકાબંધી હતી. એ નાકાબંધી દૂર કરાવવા માટે અનેક પ્રયત્નો થઇ ચૂકયા હતા, પણ સરકારે મચક નહોતી આપી. છેવટે હ્યૂમે એ ભગીરથ કામ પાર પાડ્યું.

આ જ સમયે હ્યૂમે તેનું બહુ જ ખ્યાતિ પામેલું પુસ્તક 'ઍગ્રીકલ્ચરલ રીફૉર્મ' લખ્યું અને મધ્યસ્થ ખેતીવાડી ખાતાની યોજના બહાર પાડી. હ્યૂમ ખેતીવિષયક જ્ઞાનના મોટા નિષ્ણાત હતા અને તેને લગતા અદ્યતનમાં અદ્યતન સિદ્ધાંતોથી વાકેફ રહેતા. લૉર્ડ મેયોએ હ્યૂમની એ યોજનાનો અમલ કરવા પ્રયત્ન કરી જોયો, પણ કેટલાક પ્રતિકૂળ સંજોગોએ એને એમાં ફાવવા દીધા નહિ. આમ એ યોજનાનો અમલ ન થઇ શકયો, છતાં તેને મહેસુલ, ખેતીવાડી અને વ્યાપાર ખાતાઓના સેક્રેટરી તરીકે નીમવામાં આવ્યા.

૧૮૫૯ની આખરમાં તેમણે 'પીપલ્સ ફ્રેન્ડ' નામનું પત્ર શરૂ કર્યું. વાઈસરૉયે એ બહુ જ વખાણ્યું ને એની નકલ મહારાણી વિક્ટોરિયાને આપવા એ હિંદી વઝીરને મોકલ્યું. ૧૮૬૩માં કેદીઓની સ્થિતિ સુધારવા તેણે હિલચાલ કરી અને તેમને સાથેસાથે ઉપયોગી ઔદ્યોગિક તાલિમ મળે એ માટે પણ પ્રયત્નો કર્યા.

વ્યક્તિ તેમજ રાષ્ટ્રના જીવનમાં કેટલીક વખત અમુક બનાવ કાયાપલટ જેવો ફેરફાર કરી નાખે છે. હ્યૂમના જીવનમાં પણ એવું જ બન્યું. તેને સેક્રેટરીએટમાંથી રૂખસદ મળી. રૂખસદ અપાવનાર કારણો અંધકારઢાંક્યાં છે. જોકે લૉર્ડ લિટને તો તેના અમલદારી ખુલાસામાં એ રૂખસદને 'જાહેર હિતને માટે જરૂરી' ગણાવી છે, છતાં વર્તમાનપત્રો એની સાથે સહમત ન થઈ શકયાં. 'સ્ટેટ્સમૅન' પત્રે જણાવેલું: 'એ તો નિઃશંક છે કે એના પ્રત્યે શરમજનક ક્રૂર વર્તાવ થવા પામ્યો છે.' લૉર્ડ લિટન એ વખતના વાઈસરૉય હતા અને એ હ્યૂમની 'ઉદ્ધતાઈ' સહન કરી શક્યા નહિ. એ જ સાહેબે એક વખત હ્યૂમને પંજાબના લેફ્ટનન્ટ ગવર્નરની પદવી આપવા કહી જોયું હતું, પણ આ 'ઉદ્ધત' સેક્રેટરીએ એનો નમ્રતાપૂર્વક અસ્વીકાર કર્યો હતો.

સિવિલ સર્વિસમાંથી હ્યૂમે નિવૃત્તિ લેતાં પહેલાં ઐતિહાસિક વસ્તુઓના સંગ્રહસ્થાન માટે ૨૦,૦૦૦ પૌંડ વાપરેલા, અને ૪૦૦૦ પૌંડને ખર્ચે 'ગેઇમ બર્ડ્ઝ ઑવ ઇન્ડિયા' નામનું હિંદનાં પક્ષીઓ ઉપર એક સુંદર પુસ્તક તૈયાર કરેલું.

૧૮૮૨માં નોકરીમાંથી નિવૃત્તિ લઇને હ્યૂમે હિંદી રાજકારણમાં ઝંપલાવ્યું. એ સમય દેશની અંધાધૂંધીનો હતો. વિદેશી રાજકર્તાઓની તુમાખીને કારણે કરોડો મૂંગા લોકોમાં ને થોડા શિક્ષિતોમાં અસંતોષનો અગ્નિ ધૂંધવાતો હતો અને એમાંથી કંઈક અનિષ્ટ બનવાનો ભય હતો. હ્યૂમના સરવા કાને આના ભણકારા સાંભળી લીધા. બંગાળમાં 'યુવાન' સુરેન્દ્રનાથે ૧૮૭૬માં 'ધી ઇન્ડિયન એસોસીએશન' સ્થાપેલી અને એમાં આનન્દમોહન બોઝ, દ્વારકાનાથ ગાંગુલી અને જોગેન્દ્રચન્દ્ર વિદ્યાભૂષણ જેવા પ્રગતિશીલ બંગાળીઓ ભળ્યા હતા.

રૂઢિચુસ્ત સરકારે સિવિલ સર્વિસમાં હિંદી વિદ્યાર્થીઓને દાખલ થવાની ઉંમર ૧૯ની બાંધી તેથી દેખીતીરીતે જ એનાં દ્વાર હિંદીઓ માટે બંધ થયાં. જાહેર મત ઊકળી ઊઠ્યો. સુરેન્દ્રનાથ બૅનરજીએ દેશવ્યાપી ચળવળ ઉપાડી. એ શક્તિશાળી વક્તાએ આખા દેશમાં ફરીને ઠેકાણેઠેકાણે ભાષણો આપી લોકમત જાગ્રત કર્યો.

૧૮૮૩માં ઇન્ડિયન એસોસીએશનના આશ્રય તળે કલકત્તામાં પહેલી નૅશનલ કૉન્ફરન્સ મળી; અને જોકે રાષ્ટ્રીય મહાસભાની પ્રથમ બેઠક તો ૧૮૮૫માં મુંબાઈ મુકામે મળી, છતાં આ નૅશનલ કૉન્ફરન્સે બંગાળમાં એનું કામ શરૂ કરી દીધું.

લૉર્ડ લિટનની ભૂલભરી વાઈસરૉયગીરીનો અંત આવ્યો હતો અને ગ્લૅડસ્ટનની સરકારનો લૉર્ડ રિપન વાઇસરૉય બનીને આવ્યો હતો. તેણે સુલેહ અને સમાધાનો જ કરવા માંડ્યાં. એથી રાજકીય ચળવળમાં કંઈક ઓટ આવી, છતાં લોકમત જાહેર કરવા માટે કોઈ દેશવ્યાપી સંસ્થાની ખોટ તો સહુની જેમ હ્યૂમને પણ સાલતી જ હતી. આ તેણે 'કલકત્તા યુનિવર્સિટીના ગ્રૅજ્યુએટોને' નામના જાણીતા ચોપાનિયામાં જણાવી. ઉદાત્ત આદર્શો બોધતો એ પત્ર ભારે કસબભર્યો છે. એના ધીરગંભીર લખાણ અને સ્પષ્ટ વક્તૃત્વ પરથી એ પત્રને શ્રી અમ્બિકાચરણ મજુમદારે 'સંત પૉલે રોમન લોકોને મોકલેલ સંદેશ' સાથે સરખાવ્યો છે.

૧૮૮૫ના માર્ચમાં ઇન્ડિયન નૅશનલ યૂનિયને એનું પ્રથમ અધિવેશન પૂનામાં ભરવાનું ઠરાવ્યું. સાર્વજનિક સભાએ અધિવેશન માટે પેશવાઓના ઐતિહાસિક આવાસ હીરાબાગમાં તડામાર તૈયારીઓ શરૂ કરી. પણ એકાએક ફાટી નીકળેલા કૉલેરાને લીધે અધિવેશન મુંબાઈ ફેરવવું પડ્યું. ગોવાલિયા ટૅન્કની ગોકલદાસ તેજપાલ સંસ્કૃત પાઠશાળા રાષ્ટ્રીય મહાસભાના જન્મસ્થાન તરીકે અમર રહેશે. ૧૮૮૫ના ડિસેમ્બરની ૨૦મી તારીખની બપોરે હિંદના સર્વ ભાગમાંથી ૭૨ માણસો ત્યાં મળ્યા હતા. ઍલન હ્યૂમ, દાદાભાઇ નવરોજી, કાશીનાથ તેલંગ, મહાદેવ રાનાડે, ફિરોજશાહ મહેતા, દિનશા વાચ્છા, નારાયણ ચન્દાવરકર, રહીમતુલ્લા સાયાણી ને સુબ્રહ્મણ્યમ્ આયર એમાંના મુખ્ય હતા. વ્યોમેશચન્દ્ર બૅનરજીને આનંદની કીકિયારીઓ વચ્ચે પ્રમુખ તરીકે જાહેર કરવામાં આવ્યા.

ગોખલે લખે છે કે એ વખતે રાજકીય ચળવળ પ્રત્યે એટલી તો શંકાથી જોવામાં આવતું કે હિંદી રાષ્ટ્રીય મહાસભા સ્થાપવાની કોઈ પણ હિંદી હિંમત ન કરી શકે એ વાત સાચી છે. એથી મહાસભા એક નિવૃત્ત સરકારી અમલદારને હાથે સરકારી આશ્રયે સ્થપાઈ. વ્યોમેશચન્દ્ર બૅનરજી લખે છે કે મહાસભા સ્થાપતાં પહેલાં હ્યૂમે લૉર્ડ ડફરિનની સલાહ લીધેલી. એનો ઉદ્દેશ હિંદી રાજપુરુષોને દર વર્ષે સામાજિક પ્રશ્નોની ચર્ચા કરવા માટે અનુકૂળ સ્થળ પૂરૂં પાડવાનો હતો.

પણ લૉર્ડ ડફરિનની ભૂલ થઈ. એણે કહ્યું હતું કે ઇંગ્લંડમાં નામદાર શહેનશાહની સરકાર સામે છે એવા વિરોધી પક્ષો કે પુરુષો હિંદમાં છે જ નહિ. એની જ સલાહે મહાસભાને સાંગોપાંગ રાજકીય રંગે રંગી દીધી. એ વખતે મહાસભાને સરકારી અમલદારોનો ટેકો એટલી હદ સુધી હતો કે એ વખતના મુંબાઇના ગવર્નર લૉર્ડ રેને પ્રથમ અધિવેશનના પ્રમુખ બનાવવાની પણ દરખાસ્ત લાવવામાં આવી હતી. પણ એવડો મોટો અમલદાર જાહેર મતનો સ્વતંત્ર વિકાસ રૂંધે એ બીકે એ દરખાસ્ત ઊડી ગએલી. બીજે વર્ષે કલકત્તા અધિવેશન વખતે લૉર્ડ ડફરિને પધારેલા ડેલીગેટોને ઉપવનસંમેલન (ગાર્ડનપાર્ટી) આ-

પેલું. ત્રીજું અધિવેશન મદ્રાસમાં ભરાયું ત્યારે પણ લૉર્ડ કાનેમેરાએ સહુનો ઉપવનભોજનથી સત્કાર કરેલો. લૉર્ડ કાનેમેરા પોતે બેઠકમાં હાજરી આપવા ખૂબ જ ઇન્તેજાર હતા. મહાસભાને મળેલો સરકારપક્ષી સહકાર આ છેલ્લોછેલ્લો હતો.

મહાસભાની શક્તિ અને ઠરાવોની સંખ્યા વધતી ચાલી. પણ એ ઠરાવો ઠરાવો જ રહ્યા. દુકાળ અને રોગચાળા ફાટી નીકળ્યા હતા. કરોડો ગરીબો ભૂખે મરતા હતા. હ્યૂમના ભેજામાં 'બ્રિટિશ કૉર્ન લૉ લીગ'ની યોજના રમી રહી હતી. કૉબ્ડનની પેઠે એમણે પણ મનમાં ગાંઠ વાળી કે સરકારની સામે ઝઝૂમવાનું એકમાત્ર સબળ શસ્ત્ર જનતાને તાલીમ આપી, જાહેર લોકમત કેળવવાનું છે.

પછી તો પત્રિકાઓ અને ભાષણો જોરશોરથી ચાલ્યાં. હજારથી પણ વધારે સભાઓ થઈ અને પચ્ચાસેક લાખ પત્રિકાઓ તથા ચોપાનિયાં વહેંચવામાં આવ્યાં. ઈંગ્લંડના માલેતુજારોને ઉદ્દેશીને હ્યૂમે પોતે 'ધી ઓલ્ડ મૅન્સ હોપ' કરીને એક દર્દભરી અપીલ બહાર પાડી. આનાથી એ માલેતુજારો છંછેડાઈ ઊઠ્યા અને રાજદ્વારી વર્તુળોમાં ખૂબ ઉહાપોહ ને વિરોધ થયાં. લંડન ટાઇમ્સે કૉંગ્રેસને પેટ ભરીને ગાળો ભાંડી અને યુક્ત પ્રાંતના એ વખતના લેફ્ટેનન્ટ ગવર્નર સર ઑકલૅન્ડ કૉલ્વિને તો કૉંગ્રેસને ગ્રાટકવામાં ટાઇમ્સને પણ ભુલાવ્યું. હ્યૂમે આનો ચાબખાભર્યો રદીઓ આપ્યો. બન્ને વચ્ચે કેવા મતભેદ થવા પામ્યા જે તેમની વચ્ચે ચાલેલા પત્રવ્યવહાર ઉપરથી સમજાય છે.

૧૮૮૫માં મહાસભાના પ્રથમ અધિવેશનની વ્યવસ્થા પતાવીને હ્યૂમ ઈંગ્લંડના લોકો હિંદી પ્રશ્નોના સમભાવપૂર્વક અભ્યાસ કરતા થાય એ સારુ ત્યાં પશ્ચાદ્ભૂમિકા તૈયાર કરવા ગયા. ત્યાં એ સર જેમ્સ કેર્ડ, જૉન બ્રાઈટ, લૉર્ડ રિપન, લૉર્ડ લૉરબર્ન વગેરેને મળ્યા. લૉર્ડ લૉરબર્ને તો પાર્લામેન્ટરી પ્રવૃત્તિ શરૂ કરવાની સૂચના પણ આપેલી.

બ્રિટિશ આમ જનતા હિંદી પ્રશ્નો સમજતી થાય એ માટે હિંદી પ્રતિનિધિ મંડળો ઈંગ્લંડ મોકલવા એ શરૂની મહાસભાનું એક કાર્ય હતું. ૧૮૮૯માં મહાસભાએ પહેલું પ્રતિનિધિમંડળ મોકલ્યું તેમાં હ્યૂમની સેવા બહુ મોટી હતી. એ મંડળમાં જ્યૉર્જ યૂલ, ઈ. આડલી નૉર્ટન, ફિરોજશાહ મહેતા, સુરેન્દ્રનાથ બૅનરજી, વ્યોમેશચન્દ્ર બૅનરજી અને આર. એન. મુધોલકર જેવી પ્રતિભાશાળી વ્યક્તિઓ હતી. આ મંડળે ત્યાંના લોકો ઉપર ઘણી જ સુંદર છાપ પાડી અને સુરેન્દ્રનાથના અદ્ભુત વક્તૃત્વે તો સહુને મુગ્ધ કર્યા. આ વખતે હ્યૂમે બ્રાડલોના હિંદી ખરડાને ટેકો આપવા ગ્લૅડસ્ટનને અરજ કરી. ઉત્તરમાં ગ્લૅડસ્ટને હ્યૂમને તેના રાષ્ટ્રવાદી પિતાનું સ્મરણ આપીને કહ્યું કે આ વખતે ડૉ. જોસેફ હ્યૂમ જીવતા હોત તો કેવું સારું!"

૧૮૯૪ના માર્ચની ૧૮મીએ તેમણે હિંદનો કિનારો તેમના જ શબ્દોમાં 'પોતાનાં પ્રિય સંતાનો, જેમને પોતે અખૂટ વહાલથી ચાહ્યાં છે, અને જેમનાં ભાવિ માટે ખૂબ ચિંતા છે, તેમનાથી' હંમેશને માટે વિખુટા પડતા પિતાની જેમ છોડ્યો.

પોતાને વતન જઇને હ્યૂમે નૉરવૂડમાં 'ધી ચૅલેટ' નામનું એકાંત ઘર બનાવ્યું અને ત્યાંથી, એટલે દૂર બેઠાંબેઠાં પણ, હિંદી મિત્રો સાથે એમણે સતત પત્રવ્યવહાર ચાલુ રાખ્યો. પોતાના એ નિવાસમાં એક સુંદર પ્રયોગશાળા એમણે બાંધી. તેમાં અવકાશને સમયે પોતાનો પ્રિય વ્યાસંગ—વૈજ્ઞાનિક પ્રયોગો કરતા.

ચોરાશી ચોમાસાં જોઇને ઍલન ઑક્ટેવિયન હ્યૂમ ૧૯૧૨ના જુલાઇની ૩૧મી તારીખે નૉરવૂડમાં મૃત્યુ પામ્યા.

હિંદી રાષ્ટ્રીય મહાસભાની સત્તાવીશમી બેઠક બાંકીપુર ખાતે મળી ત્યારે ભુપેન્દ્રનાથ બસુએ હ્યૂમના મૃત્યુનો આ શોકઠરાવ રજૂ કર્યો અને પંડિત મોતીલાલ નેહરુએ તેને ટેકો આપ્યો:

'હિંદી રાષ્ટ્રીય મહાસભાના પિતા અને આદ્ય સ્થાપક શ્રી ઍલન ઑક્ટેવિયન હ્યૂમ, જેમણે અનન્ય નિષ્ઠા અને અજોડ આત્મભોગથી હિંદી રાષ્ટ્રીય મહાસભાની સેવા કરી છે અને હિંદ જેમનું સદાને માટે ઋણી રહેશે, એના અવસાન માટે આ બેઠક ઊંડો શોક દર્શાવે છે. એમના અવસાનથી હિંદની પ્રગતિ અને સુધારાની હીલચાલને ન પૂરી શકાય એવી ભારે ખોટ પડી છે.'

તેમના મૃત્યુનો હિંદમાં રાષ્ટ્રવ્યાપી શોક પાળવામાં આવેલો. ડૉ. રાશબિહારી ઘોષે કલકત્તામાં બોલતાં સાચું જ કહ્યું હતું કે

'હ્યૂમની કબર તો આખું હિંદુસ્તાન છે અને તેમનું શાશ્વત સ્મારક આરસ કે કાંસામાં નહિ, પણ જેમને માટે એમણે જીવી અને મરી જાણ્યું એમનાં હૃદયમાં જ રહેશે.' **ચૂનીલાલ મડિયા**

ફોટોગ્રાફી

હરીફાઈનું પરિણામ

પહેલું ઈનામ: મોકૂફ; બીજું ઈનામ: 'જીવનલહરી'–ચન્દ્રકાન્ત પટેલ (અમદાવાદ); ત્રીજું ઈનામ: 'નેસાડાનાં રહેવાશી'–ડી. ડી. બારોટ (વિજાપુર). નોંધપાત્ર: (૧) 'તરસી ટોળી'–બાબુભાઇ ભણસાળી (મહુવા); (૨) 'કલાસાધના'–હાસમ સુતાર (નડિયાદ).

બીજું ઈનામ જીતનાર ભાઇ ચન્દ્રકાન્તના ચિત્ર 'જીવનલહરી'નો વિષય સારો છે. નદીકિનારે કપડાં સૂકવતાં ધોબી સ્ત્રી–પુરુષનું આ ચિત્ર છાયાતડકાની સુરચનાને લીધે આકર્ષક લાગે છે. સમગ્ર ભૂરા આકાશની પશ્ચાદ્ભૂમિ પર પાત્રો દીપી ઊઠે છે એકબીજાની મદદ લઇ સુકાએલાં કપડાંની ઘડી કરતાં એ પાત્રોના આલેખનમાં સ્વાભાવિકતા છે. પરંતુ બંનેના ચહેરા પરનું કૅમેરા–ભાન ચિત્રનો ગુણ ઘટાડે છે. પશ્ચાદ્ભૂમિમાંથી ડોકિયાં કરતાં કપડાં ચિત્રમાં ચેતન આણે છે ને પ્રસંગની વાસ્તવિકતા ભારપૂર્વક રજૂ થાય છે. ટેકનીક અને સંયોજન સારાં ગણાય.

ભાઇ બારોટનું 'નેસડાનાં રહેવાશી' ચિત્ર, રસ્તે ચાલી જતી ભરવાડણોને ઊભા રાખી લીધેલો સીધો સ્નૅપ જ છે. તેમાં કોઇ કલાતત્ત્વો નથી. હિંદમાં વસતી અનેક જાતિઓની રહેણીકરણી, પહેરવેશ વગેરે ભિન્નભિન્ન પ્રકારનાં હોય છે. તે દરેકને લગતા ફોટોગ્રાફો સંઘરવા યોગ્ય ગણાય. માત્ર એ દૃષ્ટિએ ભાઇ બારોટનું ચિત્ર આવકારપાત્ર છે.

અખાસાથે કાંઈક પીવા મચી પડેલી કૂતરાની ટોળીના ભાઇ ભણસાલીએ પાડેલ ચિત્રનો વિષય નવીન છે પરંતુ રજૂઆત બરાબર નથી. ઊંચો દૃષ્ટિકોણ ને વધુ પડતા પડછાયા તે ક્ષતિ માટે જવાબદાર છે. ભાઈ હાસમ સુતારના 'કલાસાધના'ની ટેકનીક સારી છે, પણ છાયાચિત્રની મુખ્ય અંગ ડિઝાઈનની એમાં ઊણપ હોવાથી ચિત્ર નબળું બને છે.

આ ઉપરાંત હરીફાઈમાં આવેલાં બીજાં ચિત્રોમાં ઘણામે સારા પ્રસંગો સાંપડ્યા છે, પણ મળેલી તકનો સારો ઉપયોગ તેઓ કરી શક્યા નથી. એમાં જમનાદાસ પંચાલી (અમદાવાદ), વિનોદ કોઠારી (જામનગર), બાબુ ભણસાળી (મહુવા), બાબુભાઇ દવે (વિજાપુર), મહેબૂબખાન (અમદાવાદ) વગેરેને ભલામણ છે કે આવા જ પ્રસંગો આગળ વધેલા કલાકારો કેવી રીતે લઈ શક્યા છે તેનો તેઓ અભ્યાસ કરશે તો લાભ થશે.

બલવન્ત ભટ્ટ

નાથો

આ ડાહ્યા જગત વચ્ચે વસતા અનેક ગાંડાઓમાંના એકની વાત



● ભાઈસાહેબ એ કલાકે ત્યારે ખૂણે બેસી તરંગે ચડે: 'પગાર આવશે ત્યારે એક સાદલા ભાભીને...ને એક પાઘલી મોતાભાઇને....'

'અરે, માર મારે, કાંઇ માર મારે ?—અમારી આંખે તો લોહી તરી આવ્યું. અને ઘડીભર તો એમ થઈ ગયું કે આ તે ગાંડાની ઇસ્પિતાલ છે કે કતલખાનું ? અને તેમાં એક માણસ તો ગાંડો જ નહોતો લાગતો. શું સરસ વાતો કરે, વિનુભાઈ !'

'તમે, સારુબહેન, અમારો નાથો જોયેલો ?'

'ના.'

'એ ય એક ગાંડો હતો. એની વાત સાંભળવા જેવી છે.'

એ અમારી શાળા પાસે બાવા સાધુની ધર્મશાળા છે, ત્યાં બેઠો હોય. હશે સોળ-સત્તર વરસનો. દિવસ આખો છોકરાંઓ સાથે ગલકગલકની વાતો કરતો હોય. કેટલાક 'ઘરડા છોકરાઓ' પણ તેને બનાવી, ખીજવી ખૂબ રસ લેતા હોય. હું દરરોજ નીકળું અને નાથા તરફ નજર ફેંકતો ચાલ્યો જાઉં. થોડા દહાડામાં તો એ છોકરાઓ દ્વારા જાણતો થઇ ગએલો કે હું શિક્ષક છું.

અને ત્યાર પછી તો, જાણે આગલા ભવથી ઓળખતો હોય તેટલા પ્રેમથી દરરોજ મને તે બોલાવવા લાગ્યો: 'માસ્તર, જે જે.'

હું મોં પર જરા સ્મિત લાવું અને માથું હલાવતો ચાલ્યો જાઉં. એ પણ પોતાને પૂરતો જવાબ મળી ગયો હોય તેટલો સંતોષ અનુભવતો દેખાતો. પણ એ સંતોષ લાંબો વખત ન ટક્યો. તેના મગજમાં તો કંઈની કંઈ કલ્પનાઓ રમતી હતી.

એક દિવસ અમારો સંવાદ આગળ ચાલ્યો: 'માસ્તર, પછી અમને નોકરી અપાવવી છે કે નહિ ?'

હું સામાન્ય રીતે ગાંડા સાથે વાતો કરતો નહિ. તેથી મેં સ્મિત સાથે ડોક હકારમાં હલાવી. અને હું ચાલ્યો ગયો.

બીજે દિવસે પણ માગણી થઇ. હું એની એ રીતે માથું હલાવી ચાલ્યો ગયો. આમ થોડા દહાડા ચાલ્યા કર્યું.

પણ એક દિવસ વર્ગમાં નાથાની વાત નીકળી ત્યારે એક વિદ્યાર્થીએ ખબર આપ્યા: 'નાથાને તો, સાહેબ, તમે નોકરી અપાવવાના છો ના ?'

'કોણે કહ્યું ?'

'નાથો કહેતો'તો. અરે, પછી તો નાથો ગાડી પણ રાખવાનો છે. અને અમને બધાને જમાડવાનો છે.'

માત્ર અવિચારમાં હું, જવાબ આપવા ખાતર માથું હલાવતો તેના ઉપર આવા મહેલ બંધાતા હશે તેની મને તે દિવસે ખબર પડી.

'એ તો ગાંડો છે.' મેં વાત ફેરવી.

પણ ત્યાર પછી તો મારું ધ્યાન નાથા તરફ વિશેષ ખેંચાતું ગયું. રહેતે રહેતે હું તેની સાથે વાતમાં ઊતરવા લાગ્યો, અને થોડા દહાડામાં એ ગાંડાનો ઠીક પરિચય થઇ ગયો. પછી તો દરરોજ વાતો થતી. એ તેની નોકરીની માગણી કરતો, અને હું હાથે હા કરી ફુલાવતો. આમ અનેક દહાડા ગયા.

એક સોમવારે હું શાળાએ ગયો ત્યારે નાથાની જગ્યા ખાલી પડી હતી. કોઇ દિવસ નહિ અને આજે જ એ જગ્યા ખાલી હતી. મેં ધાર્યું કે એ ક્યાંક માગવા ગયો હશે. જોકે આજ સુધી તો તેને આસપાસમાંથી કોઇ આપી જાય તેના ઉપર જ તેનું નભતું, એટલે એ ક્યાં ય જતો નહિ.

સાંજે હું પાછો ફર્યો ત્યારે પણ નાથો દેખાયો નહિ આખા દિવસના અભ્યાસને લીધે હું એમ ને એમ ન જઇ શક્યો. મેં ધર્મશાળાના રખવાળને પૂછ્યું: 'આજ નાથો કેમ દેખાતો નથી ?'

'એ તો બઇ કાલનો તાવે પડ્યો છે. એ...સામે માધવરાયમાં.'

મંદિરમાં જાઉં કે નહિ એ વિચારમાં હું ઘડીભર અટક્યો, અને બીજી ઘડીએ હું મંદિર તરફ ગયો. એક દૂરના ખૂણામાં ફાટેલું ધોતિયું ઓઢી નાથો પડ્યો હતો. ધોતિયું તેના શ્વાસ સાથે ઊંચુંનીચું થતું હતું.

હું તેની પાસે જઈ ઉભડક પગે બેઠો ને તેના શરીર પર હાથ ફેરવ્યો. ધોતિયું પણ ગરમ થઇ ગયું હતું. શ્વાસ જોરમાં ચાલી રહ્યા હતા. આટલા સ્પર્શથી પણ નાથો સળવળ્યો નહિ. આથી મેં તેના મોં પરથી લૂગડું આઘું કર્યું ને બૂમ મારી: 'નાથા !'

પણ જવાબ ન મળ્યો. ફરી મેં એનું શરીર ધણધણાવ્યું. ચમકી ગયો હોય તેમ નાથો બેબાકળો બેઠો થઇ ગયો.

તેની લાલ આંખો, ઝીંખરવીંખર વાળ અને સ્થિર દૃષ્ટિથી જ્યારે એણે મારી સામે જોયું ત્યારે એ બહુ ભયંકર લાગતો હતો. પણ તેને તેના તાવની નહોતી પડી. તેણે બેઠા થઇ પહેલો જ સવાલ પૂછ્યો: 'માસ્તર, નોકરી મલી ?'

એક અનાથ, અને તે ય આવી દયાજનક સ્થિતિમાં મને મોટી આશાથી પૂછે ત્યારે, સારુ બહેન, હું કેમ તેને નિરાશ કરી શકું ? મેં હા કહી દીધી.

તેના મોં પર અવર્ણનીય આનંદ ફરક્યો. તે મારા પગ પકડતો બોલી ઊઠ્યો: 'ઠીકઠીક, માસ્તર; હવે તો પગાર આવછે ને પછી ખૂબ ખાવાનું મલછે. માસ્તર, આજ બે દિ' થ્યાં કાંઇ ખાધું નથી. તાવ ઉતલે પછી વાત.'

આમ કહી તે સૂઇ ગયો. તેનું શરીર લોઢા જેવું તપતું હતું. કોણ જાણે કેમ, પણ એને છોડી જતાં મારો જીવ ન ચાલ્યો. હું વિચાર કરતો મંદિરની બહાર નીકળ્યો. હું કાંઇ નિર્ણય કરું તે પહેલાં ત્યાંથી એક ભાડૂતી ગાડી નીકળી. તરત તેને ઊભી રખાવી હું મંદિરમાં ગયો નાથાને ઉઠાડ્યો પણ એ મારે ઘેર આવવા નહોતો માગતો. મેં ખૂબ આગ્રહ કરી તેને ઊભો કર્યો ને ગાડીમાં બેસાડી ઘેર લઈ ગયો.

બે દહાડામાં જ અમારા વૈદે નાથાનો તાવ ઉતારી નાખ્યો. તેને પેટમાં ડાબે પડખે ગાંઠ ઊપડી આવી હતી. તાવ ઊતર્યા પછી પણ તેને પેટમાં દુખવા વારંવાર આવી જતું.



મેં તેના મોં પરથી લૂગડું આઘું કર્યું ને બૂમ મારી: 'નાથા!' પણ જવાબ ન મળ્યો.

સાંજે થયો ત્યારે નાથાને કંઈક કામ અપાવવું જોઈએ એમ મને લાગ્યું. આથી મેં આ અમારા પડોશી વકીલ છે ના, તેમને ત્યાં પેટવડિયો રખાવ્યો. જોકે વકીલ સાહેબ એ ગાંડાને રાખવા ખુશી ન હતા, પણ મેં તેમને મોઢું દબાણ કરી રખાવ્યો.

અને નાથાએ પણ થોડા દહાડામાં જ પોતાની ઉપયોગિતા સાબિત કરી દીધી. એ જેમ ખાવામાં બીજાને આશ્ચર્યમુગ્ધ કરી દેતો તેમ જ કામમાં પણ એ એક્કો જ હતો. અને એક દિવસ તો ખુદ વકીલ સાહેબ પણ મારી પાસે ખૂબ વખાણ કરતા બોલેલા કે 'આ છોકરો બોલબોલ ન કરતો હોય તો ગાંડો જ ન કહેવાય.'

પણ, નાથો તો ગાંડો ખરો ના? એનામાં દુનિયાનું ડહાપણ જરાકે નહિ. તે પાણી ભરવા જાય ત્યાં ફેરે પોતાનું પાણી ભરે ને કોઈ મીઠાબોલું માણસ મીઠી જીભે તેની સાથે વાત કરે તો તેનું પણ પાણી ભરી આપે! પણ તેથી ઘેર મોડું થાય તેનું કંઈ નહિ! અરે, કેટલીક વાર તો ભાઈ કપડાં ધોતા હોય અને કોઈ મજૂર નો શેઠના સાબુએ પેલાનાં કપડાં પણ ધોઈ આપે!

અને ભાઈસાહેબ એકલા પડ્યા કે ખૂણે બેસી તરંગે ચડે: 'પગાર આવશે, તેમાં એક સાદલો બાબાને અને એક પાયલી માતાભાઈને....' એ મારે ઘેર આવ્યા પછી હું 'માસ્તર' મટી 'માતાભાઈ' થયો હતો.

આંગળીઓ ઉપર આમ હિસાબ થતો હોય અને વચ્ચે કોઈ આવીને પૂછે કે 'નાથાભાઈ, શું કરો છો?' તો નાથાભાઈ તરત જ તાળી પાડીને જવાબ આપે: 'હવે તો મોટી ગમ્મત થવાની છે. કાલે તો જોજો. હા—એક નાત જમાડવી છે, હેહેહે! તમને ય કેડું, હા. પછી છે કાંઈ?'

અને સંવાદ રસિક બને તો કામ કામને ઠેકાણે!

પણ ધીમેધીમે આ રીત વકીલસાહેબને ખૂંચવા લાગી. તેમણે ઘણી વખત એને ધમકાવ્યો. પણ નાથાભાઈના સિદ્ધાંતો ફરે જ નહિ!

અને કેટલીક વાર તો નાથો પણ એવો ગાંડો થતો કે જો કોઈ ખીજવે તો બાંઠા પડી સામે જોયા કરે, નહિ તો હસતો હસતો રડી પડે. અને એ વખતે ગમે તે કહો, એ ડગલું પણ નહિ ભરવાનો. અને પાછળથી ખૂણે બેસી રડ્યા કરવાનો.

નાથાને એકાદ માસ થઈ ગયો, નોકરી કરી. પણ વકીલ અને તેમના કુટુંબી સભ્યો હવે નાથાથી થોડાઘણા કંટાળી ગયા હતા. 'એ ગાંડો છે.' એ ભાવથી બધાંને જે દયા પેદા થતી'તી તે હવે ચાલી ગઈ હતી. હવે તેને કોઈ ગાંડો માનવા જ તૈયાર નહોતું. સ્વાર્થથી તેઓ હવે માનતા થયા હતા કે નાથો જાણીજોઈને જ ગાંડો થાય છે! આથી તેના તરફ સૌને બેદરકારી અને કંઈક તિરસ્કાર પણ આવી ગયો.

પછી તો નાથો પણ ઝાઝું બોલતો નહિ. એ ગાંડાને ય સ્વમાન વહાલું હતું. ત્યાર પછી તેને ગમતું નહોતું, પણ મારે લીધે છોડી નહોતો જતો. પણ એના મોં પરનું અખંડ હાસ્ય તે પછી ખંડિત થઈ ગયું.

તેમાં વળી અચાનક એક દિવસ પેલી ગાંઠ ઊપડી આવી ને તાવ ચડી આવ્યો. વકીલ ઘરને તો હવે એના તરફ દયા રહી જ નહોતી. આથી તેની કોઈએ દરકાર કરી નહિ. ડેલીના એક ખૂણામાં એ આખો દિવસ પડ્યો રહ્યો હશે.

દરરોજ રાત્રે નાથાની ખબર કાઢવાનો મારો રિવાજ. મેં રાત્રે જમતાંજમતાં અનુપમાને નાથાના સમાચાર પૂછ્યા.

'એ તો આજ દેખાયો જ નથી.'

'કામમાં હશે.' એમ ધારી મેં રાત્રે તપાસ ન કરી.

સવારે હું બારીએ દાતણ કરતો ઊભો હતો, ત્યાં અનુપમા નાથાને તેડી લાવી. નાથો ટાઢથી ધ્રૂજતો હતો. હું પાસે ગયો. અનુપમાએ તરત ધાબળો લાવી ઓઢાડ્યો.

'શું તાવ ફરી આવ્યો છે?' મેં પૂછ્યું.

'હાઆઆ. પેટમાં દુખે છેએએ.' નાથાએ ધ્રૂજતાં જવાબ દીધો.

અનુપમા તરત સ્ટવ ઉપર ચા કરી લાવી અને દીકરાને ચા પાતી હોય તેમ પોતાને હાથે નાથાને રકાબી વતી પાયો.

સારુંબહેન, અમે પુરુષો માત્ર શબ્દથી લાગણી બતાવીએ, અને બહુ બહુ તો, તસ્દી ન પડતી હોય તો, કંઈક મદદ કરીએ. અને ત્યાં તો માની લઈએ કે અમે વિશ્વપ્રેમી થઈ ગયા! જ્યારે તમે, સ્ત્રીઓ, મૂંગીમૂંગી, લાગણીનું પ્રદર્શન કર્યાં વગર, સહૃદયતાથી જે દુઃખભાગી થાઓ છો તેનો પાઠ અનુપમાએ ત્યારે મને આપ્યો. તેના ચહેરા પર તેનો દીકરો માંદો પડ્યો હોય તેટલું દુઃખ હતું.

'નાથાભાઈ, આમ સારું ન હોય ત્યારે ય અહીં ન ચાલ્યું અવાય કે?' અનુપમા કોઈ વાર નાથાને નાથાભાઈ કહેતી.

અનુપમા સગડી કરી લાવી. તેણે તો થોડા વખતમાં કેટલી ય તૈયારી કરી નાખી. ખાટલો પાથર્યો, કપડાં બદલ્યાં, કપાળે લવીંગ ભૂંસ્યાં અને દોડતી દોડતી અમારા વૈદ્ય પાસેથી દવા પણ લઈ આવી. આ બધો વખત હું તો માત્ર મોંમાં દાતણ રાખી જોતો જ રહ્યો હતો.

પણ અનુપમાની આ દોડાદોડીની અસર વકીલ ઘર પર જુદી જ થઈ. આ વાત તો અનુપમાએ મને પાછળથી કહેલી.

અનુપમાએ પોતાનો વૈદક જ્ઞાનભંડાર વાપરવા માંડ્યો. શેક કર્યાં, ચાની બાફ આપી વગેરે ઘણુંઘણું કર્યું. આમ અનુપમા તો એક જ ધ્યાન ધરી બેઠી.

અને સાચે જ અનુપમાની મહેનત બર આવી. ચોથે દહાડે

નાથાનો તાવ ગયો. પણ અનુપમાની સારવાર જોવાતેવા દરદીને કામ ન આવે. તેણે ચાર દિવસ નાથાને અનાજ જ નહિ આપેલું. માત્ર આ પર જ રાખેલો. આથી તાવ ઉતરી ગયો, પણ અશક્તિ આવી ગઈ. પરિણામે નાથો પથારી ન છોડી શક્યો.

પણ ચોથે જ દહાડે વકીલનાં વહુ ખબર કાઢવાને બહાને જાણી ગયાં કે હવે તાવ નથી આવતો. 'ત્યારે નાથા, હવે ચાલ આવજે ઘરે. ધીમેધીમે થાય તેટલું કામ કરજે ને ત્યાં જ ખાજે.' શેઠાણી બોલ્યાં.

નાથાએ તેની ભાભી તરફ જોયું. અનુપમા સમજી ગઈ. તેણે જ વાત ઉપાડી: 'કાકી, બે'ક દિ' નાથો ભલે સૂતો રહે. આજ ચાર દિ' થયાં એના પેટમાં અનાજનો દાણો નથી ગયો, એટલે એનામાં ઊઠવા-નીય શક્તિ નથી'.

શેઠાણી મૂંગા તો રહ્યાં, પણ મોં પર ખીજ દેખાયા વગર ન રહી. થોડીવાર બેસી એ ચાલ્યાં ગયાં.

સાંજે અનુપમાએ મને વાત કરી; અને હું જ્યાં 'બરાબર કર્યું' એમ કહેવા જાઉં છું ત્યાં વકીલે નીચેથી બૂમ મારી: 'કાં માસ્તર?'

'પધારો' મેં સામે જઈ આવકાર આપ્યો.

વકીલ સાહેબ ઉપર આવ્યા. તપાસણી અમલદારની અદાથી ઊભા રહી તેમણે નાથાને નીરખ્યો. પછી મારી સામે ફરી બોલ્યા: 'હવે તો આને કંઇ નથી, માસ્તર. તમે આવા લોકોને મફતના ચડાવી મૂકો છો. નોકરોએ શું કઠણ ન થવું જોઇએ? મેં તમારા ખાતર આવા ગાંડાને નોકરીએ રાખ્યો, તે આ માટે? જુઓ છો ના, આજ પાંચ છ દિવસ થયાં અમારે હાથે કામ કરવું પડે છે?'

'આટલાં વર્ષો હાથે કામ થતું' એ દલીલ મેં ન કરી. મેં નરમાશથી કહ્યું: 'પણ જુઓ, એક તો એનામાં અશક્તિ બહુ છે; અને બીજું, હજી તેના પેટમાં ગાંઠ છે તે ફરી ઊપડી આવશે તો વળી આગળ જઇ પાછા પડવા જેવું થશે. માટે એક બે દિવસ કાઢી નાખો ના?'

'અરે, તમે શિક્ષકો બધા માણસોને તમારા જેવા પોચા જ સમજો છો કે શું? આને પથરાય નથી પડવાના. અને હું કહી દઉં કે આજ એ નહિ આવે તો મારે બીજો નોકર શોધી લેવો પડશે'.

આમ અલ્ટીમેટમ આપી વકીલ સાહેબ ચાલ્યા ગયા.

સારુબહેન, નાથાને મારે ત્યાં હંમેશને માટે નિભાવી શકું એવી તો મારી સ્થિતિ નહિ જ. તેથી મેં નાથાના મત પૂછ્યાં. એ તો મારી સામે જ જોઇ રહ્યો. એ શું કહેવા માગતો હતો તે હું એના મોં પર વાંચી શકતો'તો: 'તમે ય મને કાઢી મૂકશો?'

પણ બીજો ઉપાય નહોતો, તેથી મેં વકીલને ત્યાં જવાની તેને સલાહ આપી. પણ તેને તો હવે એ ઘેર જવું જ નહોતું. એ વાતની મને બીજે દિવસ ખબર પડી. મેં તે દહાડે તો જતું કર્યું.

બીજે દિવસ એ કંઇક વધારે ઠીક થયો હતો. મને લાગ્યું કે હવે તેણે જવું જ જોઇએ. આથી મેં જરા હુકમના રૂપમાં જવા કહ્યું.

'હું, મોતાભાઈ, તમાલું કામ કલીસ. હું ઉંવાં નઈ જાઉં.'

'પણ ભાઇ, મ રું ક મ જ શું છે?'

પણ એ એક ટળી બીજો ન થયો, ત્યારે મારે એને વિશેષ કહેવું પડ્યું. મેં કહ્યું ત્યાં સુધી તે મારી સામે દયાભરી આંખે જોઇ રહ્યો હતો. પણ ત્યારે મેં ન ગણકાર્યું. તે બોલ્યા વગર પડ્યો રહ્યો. મેં પણ પછી બહુ ન તાણ્યું.

સાંજે હું ઘેર આવ્યો ત્યારે નાથો નહોતો. અનુપમા પણ પાણી ગઈ હતી. નાથો કામે લાગી ગયો હશે, એમ મેં ધાર્યું.

પણ અનુપમાએ આવતાંવેંત જ મને ઊધડો લીધો: 'અરે, તમારામાં તો દયાનો છાંટો ય છે કે નહિ? બિચારા બકરી જેવા છોકરાને સવારે કેટલો ધમકાવ્યો! બિચારો કેટલું રડ્યો. એના...'

'કેમ, કેમ, શું થયું?'

'શું થાય? બિચારો ચાલ્યો ગયો'.

'ક્યાં, વકીલને ત્યાં ને?'

'ના રે ના: એ તો ભાગી ગયો. મેં કેટલો સમજાવ્યો, મારા સોગન દીધા, પણ એણે ન માન્યું. એ તો એટલું જ બોલ્યા કરતો'તો કે 'મારા મોટાભાઇએ ય મને ન રાખ્યો'. આમ બોલતો જાય ને રડતો જાય. આપણી જેટલી ચીજ વસ્તુ એની પાસે હતી તે બધી પાછી આપી ગયો. તમે આપ્યો'તો એ કોટ ને ધોતિયું, બધું મૂકી ગયો. આ ચોમાસાના દિ' છે. બિચારો હજી તાવમાંથી ઊઠે છે. અને કોણ જાણે કેટલો ય હેરાન થશે.'

અનુપમાની આંખમાં આંસુ સમાતાં નહોતાં. મને ય થોડું લાગી આવ્યું. પણ અનુપમા જેટલી ઉપાધિ કરવાનું મને ત્યારે ઠીક ન લાગ્યું.

દિવસ પર દિવસ જવા લાગ્યા. અમારા સ્મરણમાં નાથાનું ચિત્ર ઝાંખું પડવા લાગ્યું. થોડા દહાડા અનુપમાએ બળાપા કાઢ્યા; અને એકલી હોય ત્યારે રડતી હોય એમ પણ જણાતું. પણ ધીમેધીમે એ પણ શાન્ત પડી ગઈ. ત્યાર પછી જો કોઈ દહાડો કોઇ સંભારે ત્યારે તેનું મન ભરાઈ આવતું.

નાથો કોઈ દહાડો અમને દેખાયો નહિ. અમે ધાર્યું કે કદાચ ગામ છોડી ગયો હશે. પણ અચાનક એક સાંજે નાથો આવ્યો. તે આખો દિવસ વરસાદ વરસ્યો હતો. નાથો આવ્યો ત્યારે હું નહોતો. અનુપમા રવેશમાં બેસી ચોખા વીણતી હતી. નાથાએ નીચેથી ધીમે સાદે બૂમ મારી: 'ભાભી!'

અવાજ ઓળખી ચમકીને અનુપમાએ નીચે જોયું તો સાચે જ એ તો એનો નાથો! તેના મોં પર આનંદ છવાઈ ગયો. તેણે તરત જ કહ્યું: 'નાથા, આવ, આવ ઉપર.'

નાથો આખો દિવસ વરસાદમાં પલળ્યો હતો ને તેથી ધ્રૂજતો હતો. ઉપર ચડતાં એનો જીવ ન ચાલ્યો. અનુપમા નીચે જઈ તેનો હાથ પકડી ઉપર લાવી.

નાથો એકાએક રડી પડ્યો. અનુપમાથી પણ ન રહેવાયું. છતાં રડવું અટકાવી તે બોલી: 'નાથા, આટલા બધા દિ' તું ક્યાં હતો? ગાંડા, અમને તો ભૂલી જ ગયો?'

અનુપમાએ તરત ઊઠી લૂગડાં બદલવા આપ્યાં. પણ નાથો નીચું માથું નાખી બેઠો જ રહ્યો. હજી તેની આંખમાંથી આંસુ અટક્યાં ન હતાં. અનુપમાએ બોલાવવા અનેક પ્રયાસો કર્યા, પણ તેણે ઉપર હેઠથી કંઈ પણ જવાબ ન દીધો. અનુપમાએ પોતાના સોગન દીધા ત્યારે જ નાથો બોલ્યો: 'ભાભી, મોતાભાઇ કેંદી આવસે?'

'હમણાં જ આવશે, હોં?'

'તેં ઈ તો હું જાઉં છું.' નાથો ઊઠતાં બોલ્યો.

'કેમ, શા માટે? તું એમનાથી બીએ છે?'

'હા, મોતાભાઇ મને વઢે.'


'અરે, તારે નામ ન લે. તું, ચાલ, લૂગડાં બદલાવ. જો, તું કેવો ધ્રૂજે છે? વળી ક્યાંક તાવ આવી જશે.'

પણ નાથો મૂંગો બેઠો રહ્યો.

'તારે ચા પીવી છે?'

જવાબ ન મળ્યો.

અનુપમાએ બોલ્યા વગર તેનો ભીનો કોટ કાઢવા માંડ્યો. પણ નાથો તેમ ન કરવા દેતાં ઊભો થઇ ગયો. 'ના ભાભી, હું તો તમને



સંસારદર્શન ચિત્રાવલિ — (૮) 'દુનિયા ન માને !'

ધાર્મિકતા અને શાસ્ત્રની ઓથ લઈને હિંદુ સમાજમાં જે અનેક અકૃત્યો થાય છે તેમાં વૃદ્ધવિવાહ સર્વોપરી છે. દેશમાં અકાળ બનેલી ઘણી વિધવાઓ, ત્યક્તાઓ અને કુમાર્ગે ખેંચાઈ ગયેલી અબળાઓ આ એકપક્ષી સ્વાર્થલગ્નને જ આભારી છે. સાઠસાઠ વર્ષને આરે ઊભેલા અને જેના શરીરની શક્તિઓની બાદબાકી થઈ ગઈ હોય તથા જીવન ટકાવવા જે અનેક ચાકુીઓ, ભસ્મો ને લેપોનો આશ્રય લેતા હોય એવા વૃદ્ધો ધન કે કુટુંબની ખાનદાનીના સહારો લઈ સમાજની કળી સમી કન્યાઓને પોતાના ગૃહસંસારમાં નોતરી દે છે ને આગલી પત્નીઓને દુઃખ આપે છે કે રખડતી છોડી દે છે. જ્ઞાતિ તથા ધર્માચાર્યો તેને નભાવી લે છે. નારીભગ્યા આ માનવો પરાણે પ્રેમ કરવા સ્ત્રી આગળ પોતાનો ભોજ અને દેખાવ સાચવવા ઘરેણાં, લૂગડાં અને મિઠાઈઓથી એ સંબંધ મીઠો કરવા મહેનત કરે છે, પણ તેમની એકાંત સ્થિતિ જુઓ તો રાતદિવસ પોતાની ખખડતી કાયાની સંભાળ લેવાની ઉગ્ર ચિંતામાં તેઓ કોઈ નરપિશાચનું જીવન જીવતા હોય છે. સમાજની પાયમાલી, અને અધોગતિનાં બીજકો આવાં લગ્નોથી રોપાય છે એ વાત હજી દુનિયા નથી માનતી એ જ નવાઈ છે.

તેવા આવ્યો'તો. હું હવે જાઉં છું. મોટાભાઈ આવે તો વધે.'

અનુપમાએ બહુ બહુ સમજાવ્યો. પણ એ ટેકીલો નાથો ન રોકાયો તે ન જ રોકાયો. એ ચાલ્યો ગયો ને અનુપમાના દિલમાં વળી લાગણી ઉભરાતી ગઈ.

હું આવ્યો ત્યારે ફરી વરસાદ શરૂ થઈ ગયો હતો ને અનુપમા પણ શ્રાવણ ભાદરવો વરસાવી રહી હતી.

'કેમ, વળી શું છે ?' મેં કારણ પૂછ્યું.

'આજ નાથો આવ્યો'તો.'

'એમ ? પાછો ક્યાં ગયો ?'

'એ ક્યાંથી રહે ? બિચારો તમારાથી કંઈ ઓછો બીનો છે ? એના મોંમાંથી "મોટાભાઈ વઢે" ખસતું જ નહોતું. બિચારો આજ આખો દહાડો વરસાદમાં પલળ્યો છે. આહીં કેવો ધ્રુજતો હતો ! મેં કેટલું ય કહ્યું, પણ એ ન જ રોકાયો. મને ચોક્કસ લાગે છે કે એ વરસાદમાં માંદો પડશે.'

મને ય વિચાર થઈ પડ્યો. મને થયું કે આવા વરસાદમાં એનું શું થશે ? ઘણા ભિખારીઓનું શું થતું હશે ?—એ વિચાર ન આવ્યો; અમારા નાથાનું શું થશે, એ વિચાર મને ત્યારે મૂંઝવવા લાગ્યો.

બહાર વરસાદ વધતો જ જતો હતો. અનુપમા મારી પાસે આવી : 'તમે જ જમીને તેને શોધી લાવો. એ બિચારો કેટલો ય દુઃખી થતો હશે.'

મને એ ઠીક લાગ્યું. મેં તરત જમી લીધું અને કપડાં પહેરી છત્રી લઈ બહાર નીકળ્યો. બહાર અંધારું વધતું જતું હતું. પવન સુસવાટા મારી રહ્યાં હતો. સાથે વરસાદ પણ ઝોકાયે જતો હતો.

મને ઘડીભર આવા વરસાદમાં જવું અશક્ય લાગ્યું. પણ ત્યારે એ વિચારો નકામા હતા. હું ચાલતો થયો. શેરીમાં ગોઠણગોઠણ પાણી ચડી ગયું હતું. વરસાદ વધતો જ હતો. પાણી મને પોતાના પૂરમાં ઘસડવા પ્રયત્ન કરતું હતું. હું શેરીના નાકે ઊભો થઈ રહ્યો. કઈ બાજુ જવું એ વિચાર થઈ પડ્યો. છેવટ એક દિશા તરફ ચાલ્યો.

છત્રી નકામી હતી. એક માથા સિવાય બધું ભીંજાઈ જતું હતું.

હું આગતેમ જોતો ચાલ્યો. મને જરાકે આશા નહોતી કે જાઉં છું એ બાજુ નાથો મળશે. પરંતુ કોઈ પણ રીતે નાથાને શોધવો છે, એવી મનમાં ગાંઠ વળી ગએલી.

શેરીએ શેરીએ મેં એને ઢૂંઢ્યો. આશ્રય જેવાં સ્થાનો જોયાં. ક્યાંય પત્તો ન લાગ્યો. મારી નિરાશા વધતી જતી હતી, અંધારૂં વધતું જતું હતું, વરસાદ પણ વધતો જતો હતો. વીજળી સબકારા મારી રહી હતી અને ધીમોધીમો ગડગડાટ પણ થતો હતો. આ બધું તોફાન વરસાદ વધવાની આગાહી રૂપ હતું. હું ઉતાવળો થયો. બહુ બહુ શોધ કરી પણ નાથો ન મળ્યો. આખરે ઘર તરફ વળ્યો. રસ્તે એક પણ માણસ સામે મળતું નહોતું પાણી વધતુંવધતું સાથળ સુધી થયું હતું.

હું ઘર નજીક આવી પહોંચ્યો.

નાથાની ચિંતા ને અનુપમાની તેને માટેની ચિંતા મને આવરવા લાગી. ઘડીભર ફરી શોધ કરવા જવા વિચાર થયો, પણ દિલ ન ચાલ્યું. હું ડેલા પાસે ઊભો રહ્યો. આપણા ઘર સામે જ આ કૂવો છે, ત્યાં જ ડેલા પાસે ઊભો હતો.

અચાનક એક મોટો વીજળીનો ચમકારો થયો, ને મેં ખૂણામાં કૂવા ઉપર કંઈક દીઠું. પહેલાં તો મને થયું કે કૂવા પર ભૂત થાય છે એ વાત સાચી હશે. જરા દિલમાં બીકની છાયા ફરી વળી.

બીજી વખત વીજળી થઈ ત્યારે નક્કી થયું કે ત્યાં કંઈક લૂગડાં જેવું છે. હું તો જ્યાંત્યાં નાથો જ દેખતો હતો. આ પહેલાં પણ બેત્રણ છોકરાઓને નાથા જ ધારી લીધેલા.

પરંતુ આહીં તો સાચે જ નાથો નીકળ્યો!

બેભાનાવસ્થામાં એ ત્યાં પડ્યો હતો. મેં ખૂબ ઢંઢોળ્યો, પણ તે ભાનમાં ન જ આવ્યો. છેવટે હું તો થાક્યો. કંઈ ઉપાય ન સૂઝ્યો.

'અનુ!' મેં મોટેથી બૂમ મારી.

અનુપમા થોડી જ ઊંઘી જાય? તેણે તરત જ બારીએ આવી કહ્યું 'તેડી લાવ્યા?' મેં તેને વાત કરી અને નીચે આવવા કહ્યું એ દોડતી આવી. મેં છત્રી બંધ કરી બગલમાં દબાવી અને અમે બંને નાથાને ઉપાડી ઘરમાં આણ્યાં.

નાથો બેભાન જ હતો. અનુપમાને તો થઇ જ ગયું કે નાથામાં જીવ નથી. પણ મેં ધીરજ આપી ને ઉપાય કરવા કહ્યું. મેં કપડાં બદલાવ્યાં, અનુપમાએ તરત જ મારો ગરમ કોટ લાવી એને પહેરાવી દીધો, ખાટલે સુવાડ્યો, બંને સગડીઓ સળગાવી ખાટલા નીચે મૂકી અને બ્રાન્ડી લઈ હાથપગ ચોળવા લાગી. હજુ અનુપમાને ખાત્રી નહોતી કે નાથો જીવતો છે.

પણ તેના સાનંદાશ્ચર્ય વચ્ચે થોડી વારે નાથો સળવળ્યો ને ગરમી આવી એટલે તેણે આંખો ઉઘાડી. હું દૂર ઊભો હતો. તેનું માથું અનુપમાના ખોળામાં હતું. નાથાએ અસ્પષ્ટ અવાજ કાઢ્યો: 'ભાભી'

એની ભાભીની આંખમાં આંસુ ભરાઇ આવ્યાં. હર્ષનાં કે શોકનાં એ તો એ જાણે. પોતાનો દીકરો આજ મરણપથારીએ પડ્યો હોય એટલી ચિંતા તેના મોં પર હતી.

તે જ વખતે જગત રડ્યાં. પણ જગતની મા આજે નાથાની મા થઈ હતી. અનુપમાએ ધ્યાન ન દીધું. હું જગતને હીંચોળી ઉંઘાડી આવ્યો.

બહાર વરસાદ ઝમઝટ વરસી રહ્યો હતો વીજળીના કડાકા થઇ રહ્યા હતા. મધરાત જામી ગઈ હતી. દૂરદૂરથી કોઈનાં છાપરાં ઊડવાના અવાજો આવી રહ્યા હતા. કોઇની બૂમો સંભળાતી હતી. છાપરાં ઉપરથી ધોધબંધ પડતું પાણી કોઇ ભયંકર તાલ બજાવી રહ્યું હતું. જાણે બહાર શિવનું તાંડવ ચાલતું હોય તેમ ઘરમાં બેઠાં લાગતું હતું. અને વીજળી થતી ત્યારે જાણે શિવની ભૂતાવળ બારણાંની તરાડોમાંથી હસી રહી હોય એવું લાગતું હતું. સારુબહેન, આ હું એ રાતની વાત કહું છું, જે એક રાતમાં ત્રીસ ઇંચ પાણી પડ્યું હતું.

નાથો ફરી આંખ બંધ કરી ગયો હતો. તેનો શ્વાસ જોરથી ચાલી રહ્યો હતો. મને કંઈક શંકા પડી મેં પાસે જઇ હાથપગ તપાસ્યા એ પાછા ઠંડા પડતા જતા હતા. અનુપમા મારા તરફ અનિમેષ નેત્રે જોઈ રહી હતી.

'તમને કેમ લાગે છે?'

'હાથપગ ફરી ઠંડા પડતા જાય છે. વાત ગંભીર બનતી જાય છે'

અનુપમા ઘડીભર શૂન્યમનસ્ક મારી સામે જોઈ રહી અને કંઇ ન સૂઝ્યું એટલે ફરી શીશીમાંથી બ્રાન્ડી લઇ બધે ઘૂંસવા લાગી. પણ એથી સુધારો થશે એમ તેને ખાત્રી નહોતી.

હું મૂંઝાતો બારી તરફ ગયો, બારી ખોલી બહાર જોવા પ્રયત્ન કર્યો. મધરાતના અંધારામાં બધું બિહામણું લાગતું હતું. થોડી વારે એ ભયંકરતા સાચા સ્વરૂપમાં બતાવવા વીજળી થઇ. મેં નીચે જોયું. શેરીમાં માથોડુંમાથોડું પાણી વહી રહ્યું હતું. હું વિચાર કરતો ઊભો હતો ત્યાં ઉપરથી મારા માથા ઉપર પાણીની ધારા પડી.

મને ત્યારે આ બધું ભૂતલીલા જેવું લાગ્યું. જાણે એ બધાં નાથાને લેવા આવ્યાં હોય ને નાથાને બચાવવાના અમારા મિથ્યા યત્ન ઉપર હસતાં હોય તેમ મને લાગ્યું. ત્યાં મને અનુપમાએ અંદર બોલાવ્યો.

'જુઓને, આ કંઇક આડુંઅવળું બોલે છે.' અનુપમાએ મને કહ્યું.

થોડી વારે નાથો બોલવા લાગ્યો: '... લાડુ તમાલે. હેહેહે! નાત કલી છે. મોતાભાઈ, લાડુ પીલસો. ભાભી, તમે ય ઘલેનાં પહેલો ... હેહેહે ...'

વળી એ મૂંગો થઇ ગયો.

'તમે અત્યારે આપણા વૈદ્યને બોલાવી લાવો તો?'

'હું પણ એ જ વિચારમાં હતો. પણ બહાર માથોડું માથોડું પાણી છે. હું શું કરું એ જ મને સૂઝતું નથી.'

મને મુંઝાએલો દીઠો એટલે અનુપમાની બધી હિંમત ભાંગી પડી. તેની આંખમાંથી દડદડ આંસુ ચાલવા લાગ્યાં. અનુપમા મૂંગી રડતીરડતી બ્રાન્ડી ચોળવા લાગી.

અમારી, સારુબહેન, કારી ન ફાવી.

થોડી વારે નાથાએ આંખો ખોલી ત્યારે હું પણ પાસે જ હતો. પણ તેનું પહેલું ધ્યાન તેની ભાભી તરફ ગયું. 'ભાભી, તમને હું સાદલો લઈશ. હા? ને મોતાભાઈ, તમને પાઘડી—મને પધલાવશો મા હો?'

તેણે બે હાથ ભેળા કર્યા અને એની ભાભીને પગે લાગ્યો. પછી થોડી વાર ટગરટગર મારી સામે જોઈ રહ્યો અને પછી આંખ બંધ કરી ગયો.

સારુબહેન, હું કમનસીબમાં નાથાને છેવટસુધી વિશ્વાસ ન બેઠો.

પછી થોડી વાર શાન્તિ રહી. અને પછી એકદમ તેનો ડાબો હાથ અને જમણો પગ ખેંચાવા લાગ્યા. આંખો બંધ હતી તે ખૂલી ગઇ, મોં વક્ર થતું ચાલ્યું અને ગળું થોડાંક ડચકાં ભરી અટકી ગયું.

આમ, સારુબહેન, એ ગાંડો નાથો આ ડાહ્યા જગતમાંથી ચાલ્યો ગયો.

હં, પણ તમે કેમ છેક સુધી અવાક્ જ બેઠાં રહ્યાં?—અરે! તમે તો રડો છો?'

'ના, વિનુભાઇ, હું ડાહ્યા-ગાંડાની વ્યાખ્યા શોધું છું.—પણ અરે, આ બહાર કોણ ડૂસકાં ભરે છે?—અનુભાભી?

જયન્તીલાલ ઓઝા



તુતંખ આમન

પુરાતન મિસરની તવારીખ

જેને આંગણે આજે કાળના તાંડવ સમું યુદ્ધ તોળાઈ રહ્યું છે એ મિસરદેશે આજથી પાંચ હજાર વર્ષ પૂર્વે જે સંસ્કૃતિ ને કળાલક્ષ્મી સર્જી હતી તેથી આપણે બહુ ઓછા જ્ઞાત છીએ. એ કાળની ઊડતી તવારીખનોંધ તથા તેની કળાનો આછોતરો પરિચય અહીં આપ્યો છે.

મિસર! જગતની અપર સંસ્કૃતિઓની કામદુઘા! હજરત મૂસાને જેણે ખુદાઈ જ્ઞાન આપ્યું. જેના મહોરાં પ્લેટો ને હીરોડોટસે જ્ઞાનના પ્રથમ સંસ્કાર મેળવ્યા. વિખ્યાત ગણિતી યુડોકસસ ને ભૌગોલિક સ્ટ્રાબોએ જેની ભૂમિ પર જ્ઞાનવિસ્તારની તમન્નાએ રખડપાટ આદરેલી. એ મિસર, જે શ્રીકૃષ્ણના વખતમાં આર્યાવર્તનું એક સંસ્થાન બન્યું હતું તે અનિરુદ્ધ ને શાંબની ભૂમિ. એક વખતનું એ જાહોજલાલ મિસર, જેણે પત્થરોમાં પ્રાણ પૂર્યા. એક વખતની એ નીલ, જેના મુક્ત પ્રવાહે માનવસંસ્કૃતિના પહેલા ઘડતરને પરિપુષ્ટિ આપી. આજે કયાં છે એ બધું? મિસર તો છે-- આજે પણ; પરંતુ હતગૌરવ, પાંચ હજાર વર્ષની પોતાની ભવ્યતાના અવશેષો પર સમાધિ અનુભવતું. નીલ પણ આજે છે; એ લુપ્તપ્રાય: અવશેષોની બાજુએ તાડની ઘટાઓ વચ્ચે વહેતી. પણ ક્યાં છે એ ભૂતકાલીન ઉન્માદ? એની કરોડ પર પોષાએલી સંસ્કૃતિના અધ:પતન પર એનાં નીલાં જળ જાણે વિષાદભર્યા મૌનમાં ડૂબી ગયાં છે. એ જ ચક્રનેમિક્રમ છે, જે આર્યાવર્ત આજે અનુભવે છે.

આટલાંટિકના તળિયે બેસી ગએલા પ્રાચીન લેમુરિયા ખંડના વતનીઓ આફ્રિકાના કિનારે પહોંચ્યા હોય તો જ ઇતિહાસના પ્રાચીન કાળમાં એટલી સંસ્કૃતિ અને જ્ઞાનસમૃદ્ધિની જાહોજલાલી એ પ્રજા ભોગવી શકી હોય. અને એવી જ રીતે વિદ્વાનોની માન્યતા પ્રમાણે એ લુપ્ત ભૂમિના અવશેષો સમી દ્રાવિડી પ્રજાએ હિંદમાં આર્યોના આગમન પૂર્વે જે સંસ્કૃતિ નિર્માણ કર્યું, માનવસમાજની જે વ્યવસ્થિત જીવનપ્રણાલી ઉપજાવી તેણે વિજેતા આર્ય દળોને પણ પોતામાં મિશ્ર કરી દીધાં. શ્રવણ બેલગુળના ગોમટેશ્વરની પાર્વતીય પ્રતિમા, ગોપુરો વગેરે મિસરની પ્રાચીન પ્રતિભાનો પડઘો જ જણાય છે. એક વખત આફ્રિકા અને હિંદ એક વિશાળ ખંડથી જોડાયેલા હતા તેની ઝાંખી યાદી બે બાજુના છૂટા પડેલા કિનારાની પ્રજાઓના અવશેષો, જૂના રિવાજો અને વનશ્રીમાં મળી આવે છે. ફરક માત્ર ભાવનામાં છે. ઇજીપ્તમાં કબ્રસ્તાનો પર માનવસમૃદ્ધિ અને શાહી દોલત ન્યોછાવર બની; હિંદમાં દેવસ્થાનો પર જનસમાજનું સર્વાર્પણ થવા લાગ્યું. નશ્વરદેહની માયા છોડી દેવત્વની કલ્પનામાં લોકમાનસ ઝૂલતું ગયું અને હજુ આ યુગમાં પણ ઈજીપ્તનો વારસો સાચવનારા અરબસ્તાનના સંપ્રદાયમાં કબર ઉપર અનર્ગળ ખર્ચ કરવાનો નમૂનો પકાણા અને મુગલ શાહનશાહતોએ પૂરો પાડ્યો છે. તેની કલ્પનાનું મૂળ ઈજીપ્તના પ્રાચીન મકરબા પિરામિડોમાં જ છે.

મિસરની તવારીખનો આંક ઈ. પૂ. ૩૫૦૦થી તે ૩૨૦૦ સુધીના ગાળામાં મૂકવામાં આવે છે. એનો પહેલો જ રાજા મેનીસ. આપણા પુરાણોના વૈવસ્વત મનુ સાથે તેનું મળતાપણું જુઓ. પુરાણો ગણાવે છે કે મનુનો પુત્ર ઈક્ષ્વાકુ ને તેનો પુત્ર કુક્ષિ થયા. જ્યારે મેનીસના પુત્રનું નામ એટીથોસ ને તેના પુત્રનું નામ કેનીકેનીસ મળી આવે છે. મનુનો વંશ સૂર્યપૂજક હતો, તેમ મેનીસનો પણ. મિસરના પહેલા રાજવંશના અમલમાં ચણાએલું અર્ધ મનુષ્ય ને અર્ધ સિંહના આકારનું 'સ્ફિંક્સ'નું બાવલું પણ સૂર્યદેવતાનું છે. શ્રી જ્વાલાપ્રસાદ સિંઘલના અભિપ્રાય પ્રમાણે, દૈત્યોને આર્યો બનાવવાનું કામ હાથમાં લેનાર નરસિંહ અવતારનું એ સૂચક છે. વળી મિસરના બીજા એક દેવતાનું નામ બોલપીઆરા મળી આવે છે, એટલા પરથી આપણા પુરાણોમાનો બલિરાજા તે બાબીલોન, મય, મિસર અને ફીનિશિયાનો દેવતા બન્યો હોય એવી કલ્પના બંધાઈ છે. મિસર અને આર્યાવર્તનો સંબંધ બેશક સહસ્રાવધિ વર્ષો જૂનો છે, પણ એ પુરવાર કરવાને કોઈએ હજુ પૂરતી કમર કસી ન હોવાથી એવા વેરવિખેર પ્રયત્નો સાથે તડજોડ કરવાને બદલે આપણે માત્ર તવારીખ રૂપે જ મિસરના ઇતિહાસનું રેખાદર્શન કરીએ.

મિસરી સંસ્કૃતિનો પિતા ઝોસર

મિસરના પહેલા બે રાજવંશોનો ઇતિહાસ પૂરતા પ્રમાણમાં હજુ નથી મળ્યો. પ્રખ્યાત ગ્રીક ઇતિહાસકાર માનેથોના લખવા મુજબ તેમની રાજધાનીનું શહેર થીબ્ઝ હતું. ત્યાર પછી ત્રીજા રાજવંશના અમલમાં મિસરના ઉપલા ને નીચલા બંને વિભાગોનું એકીકરણ થયું. એનો પહેલો રાજા ઝોસર. એણે પોતાની રાજધાની મેમ્ફિસમાં સ્થાપી. એને હાથે જ મિસરમાં પહેલું પાકું મકાન બંધાયું, અને એના અમલથી જ પિરામિડ યુગ શરૂ થયો. ઈંટોને બદલે પાથરનો ઉપયોગ હાથ આવતાં મિસરી કળાને જાણે પાંખો ફૂટી. અત્યાર સુધી નાનાં રૂપવિધાનોમાં રાચતી એની કળા ઊર્ધ્વમુખ બની. એ કળાલક્ષ્મીનું મૂળ તો ઠેઠ પ્રાગૈતિહાસિક કાળ સુધી જાય છે, પણ આ ઝોસરના યુગમાં તો તેનું વિધાન એટલી ઉચ્ચ કક્ષાએ પહોંચ્યું કે આજનાં નિર્માણશાસ્ત્રીઓ પણ એમાં રજમાત્ર ચૂક નથી કાઢી શકતાં.

ઝોસર યુગનું આ કલાગૌરવ એના શાણા પ્રધાન ઇમહોતપને જ આભારી છે. સુલેમાનથીયે તે વધુ શાણો હતો ને મિસરની કહેવતોનો પહેલો સંગ્રહ એણે જ કરેલો. વૈદકમાં પણ તે એવો જ નિપુણ હતો. પોતાના સ્વામી ઝોસરને અમર બનાવવા એણે જ સક્કારાની પગથીવાળી પહેલી પિરામિડ ઊભી કરી ને ઍબીડાસ ખાતે તેના નામનો મકતબો બાંધ્યો. મિસરના ઇતિહાસમાં એ એક એવું કલાનિર્માણ હતું, જે ત્યાર સુધી કોઇ માણસની આંખોએ ન જોએલું, ને જે આજે પાંચ હજાર વર્ષ પછી પણ જોનારાને આશ્ચર્યમૂઢ બનાવી દે છે. એ પ્રગલ્ભ પ્રતિભાને લઈને જ ગ્રીકોએ તેને આદ્ય સ્થપતિનું સંમાન આપેલું ને પછી તેને ઈમુથિસના નામે દેવપદે સ્થાપિત કરેલો.

મગરિબ (પશ્ચિમ)ના વેરાનમાં ઊભેલ એકાકી કોઈ રાક્ષસ શી ઝોસરની એ ચોરસ પિરામિડ મિસરની કલાલક્ષ્મીના નવજન્મની યાદ આજ પણ તાજી કરાવે છે. એના એકેએક ગજિયાનું કામ એટલું તો બારીક છે, કે ભૂંડી તેને આજના કોઇ આંખના શસ્ત્રવૈદ્યની બારી-



ફ્રાની સાથે નિઃસંકોચ સરખાવે છે! અતુલ સમૃદ્ધિ ને નિરુપદ્રવ શાંતિ વગર આવી કલાસાધના શક્ય ન બને. એ વખતની ચિત્ર-લિપિમાં મળી આવેલાં કેટલાંક લખાણો એ બાબતની સાક્ષી આપે છે. અને એનું પાટનગર મેન્ફિસ? બોથી તે કેલ્સી ને ટેમ્સથી તે હૅમ્પસ્ટેડ સુધી વિસ્તરતા આજના લંડન જેવડી એ મહાનગરી આજે તો રેતીના થર નીચે દફનાઇ ગઈ છે ને તેના પર આજના મિસરી ખેડૂતો ફેલાહીનોનાં હળ ફરે છે.

પિરામિડ અને સ્ફિંક્સનાં સર્જન

ત્યાર બાદ ઈ. પૂ. ૨૭૦૦માં સોરિસના અમલથી મિસરનો ચોથો રાજવંશ શરૂ થયો. એના અમલમાં પણ મુલ્કની આબાદી એવી ને એવી રહી હતી, ને સીનાઇનો દ્વીપકલ્પ તેણે જીતી લેતાં મિસરની ખનિજસમૃદ્ધિ પણ વિપુલ બની હતી. પરિણામે કેટલાક ચિંતકો એ સમયમાં 'કત, કુ અને કા' (શરીર, મન ને આત્મા) પર ચિંતન ચલાવતા થયા હતા. ઈમહોતપનો ચીલો એ વંશે પણ ચાલુ રાખ્યો, પણ સ્થાપત્યને તેમણે ચોરસને બદલે ત્રિકોણનું સ્વરૂપ આપ્યું, જેને ગ્રીકોએ 'પિરામિડ'ને નામે ઓળખાવ્યું. એ વંશના ખુફુ, ખફરા ને મેંકાઉરાએ આજ પણ દુનિયાની ચમત્કૃતિ તરીકે રહેલી ગીઝેની પિરામિડો બાંધી. તેમાં ખુફુની પિરામિડ સૌથી ભવ્ય ને ઝોસરની પિરામિડથી માત્ર ૨૦જ ફૂટ નીચી છે. એમાં કેટલાં યે દીવાનખાનાં છે. જેમાં એનું મમી (શબ) છે એ દીવાનખાનું ૧૯ ફૂટ ઊંચું, ૩૪ ફૂટ લાંબું ને ૧૭ ફૂટ પહોળું છે. મહાન ગ્રીક ઇતિહાસકાર હીરોડોટસે મેળવેલી માહિતી પ્રમાણે તેના માટે રોજ એક લાખ મજૂરો કામે વળગતા ને દર ત્રણ મહિને તેમને છૂટા કરી દેવામાં આવતા. નાઇલને પૂર્વ કિનારેથી તે માટે પત્થરો લાવવામાં આવતા. તેર એકર પટમાં બંધાએલી એ પિરામિડમાં, પેટ્રીએ કાઢેલા હિસાબ મુજબ, સરેરાશ અઢી અઢી ટનના ૨૦,૦૩,૦૦૦ પત્થરો વપરાએલા છે.

સ્ફિંક્સનું જબરૂં બાવલું પણ કેટલાક ખફરાને નામે ચડાવે છે, કારણ તેના પર તેના નામનો ઉલ્લેખ મળી આવે છે. એનું શરીર સિંહનું ને ચહેરો કોઈ ફારોહનો છે, પણ ઈસ્લામી આક્રમણકારોએ એ ચહેરાને એટલો તો બેડોળ બનાવી મૂક્યો છે કે ઓળખી શકાતો નથી. ખફરા સાથે જોડાએલો 'રા' શબ્દ બતાવે છે કે તેણે સૂર્યપૂજાને મહત્ત્વ આપ્યું હશે. એના પછી મેંકાઉરાએ ચાર પિરામિડો બંધાવી. એક ૨૧૮ ફૂટ ઊંચી ને ત્રણ નાની. પ્રજાનાં સુખશાંતિ વચ્ચે આમ ચોથા રાજવંશે મિસરની કલાસમૃદ્ધિનો ઉચ્ચતમ વિકાસ સાધ્યો.


અને એ કલાસમૃદ્ધિ ને વૈભવનાં અનેક કારણો હતાં. એક તો નીલની નહેરોએ મિસરનો પાક અનેકગણો વધારી મૂક્યો હતો. બીજું, એશિયનો તથા ન્યૂબિયનોને હરાવીને ખુફુ અને ખફરાએ સરહદ પર કિલ્લા ઊભા કરી પાકો બંદોબસ્ત રાખ્યો હતો. તેનો વેપાર ઠેઠ ક્રીત ને સીરિયા સુધી પહોંચેલો. આ બધું ૨૨૦ વર્ષના એ વંશના અમલમાંના કલાવિકાસ માટે આશીર્વાદ સમાન નીવડ્યું. એ વખતે, માત્ર પા ઇંચના હાથીદાંતના ટુકડા પર કોતરાએલા ખુફુના ચહેરા ઉપર તેનો નિર્માતા જે ભાવોદ્રેકો ને સજીવતા આણી શક્યો છે તે આણવાની આજના આપણા સિદ્ધહસ્ત કૌશલ્યમાં યે તાકાત નથી.

હિક્સોસનું આક્રમણ અને પડતી

પાંચમો રાજવંશ ગાદીએ આવે છે ને મિસરની કલા ચોથા વંશની બધી સમૃદ્ધિ તથા લાલિત્ય ગુમાવે છે, અને ઉદાસીન ગાંભીર્યભરી ભૂમિતિની આકૃતિઓનું ખોખું જ માત્ર બની રહે છે. નીલમાં હોડીઓ ને તરાપાનું સ્થાન મછવા તથા વહાણો લે છે, પણ બહારનો વણજ ખેડાવાને બદલે પાંચમાથી તે પંદરમા વંશ સુધીનું મિસર અંદરોઅંદરના રાજકીય ને ધાર્મિક બખેડાઓમાં જ પરોવાઇ રહે છે; ને હજારો વર્ષ જૂનું એ મહારાજ્ય નાનાં નાનાં રાજ્યોમાં છિન્નભિન્ન થઇ જાય છે. વચ્ચે બારમા વંશમાં થોડો ઊભરો આવી જાય છે. 'આપુરા' જેવી સાહિત્ય કૃતિઓ નિર્માણ થાય છે. ફાયુમના ૨૭,૦૦૦એકરમાં નહેરો ખોદાય છે.હાથીદાંતની કોતરણી ને મૃતાત્માઓના જનાનાને શણગારવાની કળા ખીલે છે. પણ મિસરની ભાંગેલી કરોડ ફરી ટટ્ટાર નથી થતી. એ રાજઅમલમાં જ બાબિલોનિયાનું મહાસામ્રાજ્ય નષ્ટ થઈ ખત્તીઓનું જોર વધ્યું.


આ હીન દશાનો લાભ હીક્સોસ નામની એક ચાલાક ને લડાયક પરદેશી જાતિએ લીધો. એનો ઉદ્ભવ હજુ નક્કી નથી જણાયો. કોઈ તેને સેમેટિક ગણાવે છે, કોઈ આર્ય તો કોઇ ઇથીઓપિયન મિશ્રિત લોહીની.

આ હીક્સોસ ચડાઇ સાથે મિસરમાં ઘોડાની પહેલી આયાત થઈ. એ પહેલાં ઘોડાને પાળનારી જાતિ આર્ય સિવાય કોઈ ન હતી. આસી-



ચિત્રપરિચય (ઉપર) મિસરની કળાલક્ષ્મીના પ્રથમ જન્મ સમી સક્કારામાં આવેલી પગથીવાળી પહેલવહેલી પિરામિડ. મિસરના પહેલા રાજા ઝોસરને અમર બનાવવા તેના શાણા પ્રધાન ઈમહોતપે ઇ. પૂર્વે ૨૯૫૦માં એ બંધાવેલી.એ એક જ પિરામિડ ચોરસ છે; પછીની બીજી બધી ત્રિકોણ છે. (બાજુએ) માણસના ચહેરા અને સિંહના શરીરના આકારનું જગતમાં અપૂર્વ એવું મિસરનું જંગી શિલ્પ–સ્ફિંક્સનું (સૂર્યદેવતાનું મનાતું) બાવલું અને ગીઝેની ભવ્ય પિરામિડો.એ પિરામિડોના પેટાળમાં ચણેલાં મૃતકમંદિરોમાં પુરાતન મિસરના રાજવંશો અને મહાજનોનાં શબ તેમની સર્વસમૃદ્ધિ સાથે રાખવામાં આવેલાં છે.

ચિત્રપરિચય: જમણી બાજુ (ઉપર) ૧–ગીઝેના ભવ્ય પિરામિડોમાંનો સૌથી ઊંચો, ક્રીઓપ્સનો પિરામિડ; ૨–ઈ. પૂર્વે ૧૪૦૦માં બંધાએલાં લકઝરમાં વિરાટ મંદિરોની સ્તંભમાળા. એ એકેક થાંભલો બાવન ફૂટ ઊંચો છે તે પરથી મિસરના એ ભવ્ય મંદિરની વિરાટતાની કલ્પના આવશે. (નીચે)–પ્રાચીન મિસરી સંસ્કૃતિનું છેલ્લામાં છેલ્લું સ્થાપત્ય—ઇ. પૂર્વે પહેલા સૈકામાં થએલા ટૉલેમીના સમયનું—એડફુમાં કાળ ભગવાનનું મંદિર. ૨–થીબ્ઝમાં આવેલા વિરાટકાય 'મેમન' પૂતળાં કહેવાય છે કે એમાંના ડાબી બાજુના પૂતળામાંથી હમેશાં સૂર્યોદય સમયે સંગીતનો સૂર નીકળતો. તેથી એ 'ગાતા મેમન' કહેવાય છે.



ડાબી બાજુ હતશેપસુત નામની રાણી જેના રાજ્યકાળમાં ખૂબ શાંતિના સમયમાં લકઝર પાસેના કર્ણાકનાં ભવ્ય મંદિરો તથા બીજાં ઘણાં કલાસર્જનો થયાં.



રિયનો સુદ્ધાં તેથી બીનવાકેફ હતા ને તેને પૂર્વના ગંધેડા તરીકે આળખતા. સંશોધકો માટે હીકસોસ ચડાઇને લગતો આ મહત્વનો પ્રશ્ન છે.

સોળમા રાજવંશના દેવો પણ મિસરના પ્રાણીદેવતાઓથી જુદા હતા. મિસરની પ્રજા પર એણે એ દેવોની પૂજા લાદવા માંડી. એક પછી એક મંદિરોનો એણે નાશ કરવા માંડ્યો. નવા દેવોની પૂજાનો ઈન્કાર કરનારા પુરુષો કત્લ થવા લાગ્યા ને સ્ત્રીઓ ગુલામ બનવા માંડી. મિસરી પ્રજા આખરે એ દમનથી કંટાળી ને તેણે બળવો કર્યો. બળવો સફળ થયો ને રાજગાદી પર ખુદ મિસરનો જ સત્તરમો રાજવંશ આવ્યો. પ્રજાએ જુલમનું એવું તો વેર વાળ્યું કે આજે એ હીકસોસ વંશનો એકે ઉત્કીર્ણ અવશેષ સુદ્ધાં હાથ નથી લાગતો.

પુનર્રચના

સત્તરમા વંશનો બધો સમય મિસરની પુનર્રચનામાં જ ખર્ચાય છે. ત્યાર બાદ એ વંશની જ શાખા રૂપે અઢારમો વંશ ગાદીએ આવે છે. એના શાસનકાળથી મિસર મહારાજ્ય બને છે ને એ આખા વંશના અમલને 'નવ સામ્રાજ્ય'નું નામ અપાય છે. તેના પહેલા રાજા આમોસીએ મિસરના ઇશાન ખૂણે હજુ પગદંડો જમાવી બેઠેલા હીકસોસોને ઉખેડી નાખ્યા. મિસરને તેણે લશ્કરી સત્તાનું રૂપ આપી દીધું ને ઠેઠ પાલેસ્ટાઈન સુધી પોતાનું સામ્રાજ્ય વિસ્તાર્યું.

એના પછી થ્યુમોસિસે બધા આંતરિક ઝગડાઓ શમાવી સર્વ સત્તા એકહાથ કરી. એણે ન્યૂબિયા પણ જીતી લીધું. ત્યાર બાદ એની પુત્રી હતશેપસુત ગાદીએ આવી કશા પણ ઉપદ્રવ વગર ચૌદ વર્ષ એણે કરેલું રાજ્ય બતાવે છે કે મિસર તે વખતે પરિપૂર્ણ શાંતિ ભોગવતું હતું. દર-અલ-બહરીનું તેણે બંધાવેલું હોતપનું મંદિર ને કર્ણાકના સ્તંભો ભગ્નાવસ્થામાં યે એના અમલનું ગૌરવ જાળવી રહ્યાં છે.

સામ્રાજ્યના વિસ્તાર અને શાંતિના આશીર્વાદ સાથે મિસરની સમૃદ્ધિ યે વધી. ને એ સાથે જ પ્રજાનો જૂનો કલાપ્રેમ ફરી પ્રગટી નીકળ્યો. લાંબે ગાળે પુનઃ પ્રગટેલી એની જ્યોતે સભર રોશની રેલાવવા માંડી. પોશાક, હથિયારો, ઝવેરાત, કુંભારકામ, બધાંમાં નવીનતાએ પ્રવેશ કર્યો. લોઢા ને કાંસાનો ઉપયોગ પણ શરૂ થયો. પરંતુ ધર્મ હજુ જેવો ને તેવો સાંકડો, વહેમનાં જાળાંમાં ગૂંથાએલો રહેલો. જુદાંજુદાં પશુ-પક્ષીઓના પ્રતીક રૂપ બેશુમાર દેવોની પૂજા પ્રચલિત થઈ ગએલી.

અખનાતન અને તુતંખ-આમન

આ પરિસ્થિતિમાં, એ જ વંશમાં ઈ. પૂ. ૧૪મી સદીમાં થએલા અખનાતને ધરમૂળથી ક્રાન્તિ આણી. એકલા સૂર્યની પૂજા ચાલુ રાખી, એણે બીજા બધા દેવોની પૂજા બંધ કરાવી. મિસરી કળાને આથી તેના સાંકડા વર્તુલમાંથી મુક્તિ મળી. એ ક્રાન્તિયુગની કળા પહેલાંની કળાથી એટલી તો નોખી પડી જાય છે કે તેની રાજધાની તેલ-અલ-અમર્નામાંથી મળી આવેલા એના અવશેષોને 'અમર્ના કલા'ને નામે જ ઓળખવામાં આવે છે.

પરંતુ અખનાતન પછી તેનો જમાઈ તુતંખ-આમન ગાદીએ આવતાં તેણે તરત એને નાસ્તિક જાહેર કર્યો ને લોકમતને માન આપી બધી પુરાણી ધાર્મિક બદીઓને સજીવન કરી. પરિણામે મિસરી માનસ હીણું થતું ચાલ્યું. કલા ને ચારિત્ર્યમાં હીનતા આવતાં કૌવત પણ પરવાર્યું. રાષ્ટ્રની સાંસ્કૃતિક ચેતના વિસરાવા લાગી ને સરહદના તથા આંતરિક ઝઘડા વધતા ગયા. આમ જ્યારે મિસર નબળું પડતું જતું હતું, એક પછી એક રાજવંશ તેના પર બદલાયે જતો હતો અને જ્ઞાતિસંસ્થાના થએલા ઉદયે ને ધર્મના પ્રાધાન્યે વ્યક્તિગત મહત્વા-



જમણી બાજુ: ઈ. પૂર્વે ૧૪મી સદી માંય એલો મિસરી મહારાજ્યનો ક્રાન્તિકારી સમ્રાટ અખનાતન. એણે વિવિધ મૂર્તિપૂજા બંધ કરી એકેશ્વરવાદ પ્રસાર્યો. યુદ્ધ પોતાનો જાન લેવા મથનારને પણ દેહાંતદંડ ન દેનાર એ અહિંસાવ્રતી રાજા સંસ્કૃતિના સૌ પહેલા પુણ્યશ્લોક પુરુષોમાંનો એક હતો. ડાબી બાજુ: તેની રાણી નેફરતીતી, જે એ કાળની રૂપસુંદરી ગણાતી ને જેની અનેક શિલ્પમૂર્તિઓ મળી આવે છે. તેનું આ રંગીન શિલ્પ એ કાળની બેનમૂન કલાકૃતિ ગણાય છે



કાંધા પર પથરો મૂકી દીધો હતો ત્યારે, રાષ્ટ્રહીનતાના એ કાળે જ એશિયામાં આસીરિયાનું સામ્રાજ્ય પ્રબળ બનતું હતું. હળવેહળવે એણે મિસરની નબળાઈનો લાભ લેવા માંડ્યો.

ઈ. પૂ. ૬૬૮માં ઈસરહદ્દનના અવસાન પછી એનો પુત્ર અસુર બાનીપાલ આસીરિયાની ગાદીએ આવ્યો કે લાગલા જ તેણે મિસર પર વ્યવસ્થિત આક્રમણ કર્યું. ૨૫મા રાજવંશનારાજા તિર્હકને સાંકળોએ બાંધી તે એને પોતાની રાજધાની નિનેવે લઈ ગયો ને મિસર પર નિકુ નામના એક સરદારને સૂબા તરીકે નીમતો ગયો.

આ નિકુના (૨૬મા) રાજવંશના વખતમાં મિસરની પ્રજા પાછી પિરામિડ યુગ તરફ વળી. ભૂતકાળમાં પ્રવેશતી એની નજરે પરાધીનતાનું પાપ બરાબર ઓળખ્યું ને ઈ. પૂ. ૬૩૨માં શકોના હુમલાથી આસીરિયન સામ્રાજ્ય ભાંગ્યું ત્યારે ગ્રીકોની મદદથી નિકુના પુત્ર સંમતિકસે આસીરિયનોને હાંકી કાઢ્યા ને એક સદી પછી પાછું મિસર સ્વતંત્ર બન્યું.


પરંતુ એ માત્ર ઊભરો જ હતો. સાઠ વર્ષ સુધી એ સ્વાતંત્ર્ય ટક્યું ને પાછી પ્રજાની પતિતાવસ્થા શરૂ થઈ. ગ્રીસ અને ઈરાનનાં જામતાં જતાં સામ્રાજ્યો માથું ઊંચકવા લાગ્યાં હતાં, પણ તેની કોઈએ દરકાર ન કરી. પરિણામે આર્ટાઝર્ક્સિસ બીજાના પુત્ર ઑકસસે તેના પર ચડાઈ કરી તેને ઈરાનનું ખંડિયું બનાવી દીધું ને છેલ્લા ફારોહ નખ્તારહેબનો ઈ. પૂ. ૩૪૧માં અંત આવ્યો.

જોકે ઈરાનની પરદેશી ધૂંસરીમાંથી મુક્તિ મેળવવાના મિસરીઓએ પ્રયાસ તો કર્યા, પણ બધા જ નિષ્ફળ નીવડ્યા. છેવટે ઈરાનીઓ પાસેથી ઈ. પૂ. ૩૩૧માં મહાન મૅસિડૉનિયન વિજેતા સિકંદરે ટાયર અને ગાઝા સાથે મિસર પણ ખૂંચવી લીધું ને પોતાના સામ્રાજ્યમાં ઉમેરી દીધું. એ કાળ સુધામાં મિસરની સંસ્કૃતિ સંપૂર્ણ હ્રાસ પામી ગઈ હતી. છતાં લેખન, કાચકામ ને ગણિતમાં એણે પોતાનું સર્વોપરિ સ્થાન ટકાવી રાખ્યું હતું.

મિસરમાં ગ્રીકો

સિકંદરના મરણ પછી એનું આખું મહારાજ્ય તેના સરદારોએ વહેંચી લીધું, મિસર ટૉલેમી લાગી નામના સરદારના હાથમાં આવ્યું. તેણે પોતાને ત્યાંનો રાજા જાહેર કર્યો ને રાજવહીવટનું બધું તંત્ર ગ્રીકોને સોંપ્યું. આ ટૉલેમીના વંશે મિસરનો પરદેશો સાથે રહેલો નહિ જેવો સંપર્ક અનેકગણો વધારી વેપારવણજ ખૂબ ખીલવ્યાં. આખો દેશ જુદા જુદા 'નોમ'માં વહેંચી નાખી, દરેક પર મિસરી 'નોમાર્ક' નીમ્યો. પ્રજાની ભાષા, ધર્મ કે બીજી કશી યે આંતર્વ્યવસ્થામાં એણે દરમ્યાનગીરી (હસ્તક્ષેપ) ન કરતાં લોકપ્રિયતા પણ મેળવી. પરંતુ એ લોકપ્રિયતાએ મિસરી પ્રજામાંથી રાષ્ટ્રપ્રેમનો બધો જુસ્સો નાબૂદ કરી નાખ્યો ને એનું બધું લક્ષ સાહિત્ય ને ઉદ્યોગમાં પરોવાઈ ગયું.

ટૉલેમી લાગી પોતે સાહિત્ય અને કલાનો રસિયો હતો. એણે જૂની રાજધાની મેમ્ફિસથી ખસેડી સિકંદરિયા (ઍલેક્ઝાન્ડ્રિયા) આણી, ત્યાં એક જબરું પુસ્તકાલય વસાવ્યું એટલું જ નહિ, પણ આખા દેશના વિદ્વાનોને ત્યાં વસાવી લીધા અને સિકંદરિયાને પૂર્વની શારદાપીઠ બનાવી મૂક્યું. મહાન ભૂમિતિકાર યુક્લિડ તેના અમલમાં જ થયો હતો. ઉપરાંત હિપ્પોડ્રોમનું મેદાન, સેરાપિસનું મંદિર, હેપ્ટા સ્ટૅડિયમ તથા પ્રખ્યાત ઓમ અથવા મૌસોલિયમ વગેરે પણ તેણે જ ઊભાં કરેલાં. કર્ણાકના મહાન મંદિરના અંદરના ખંડ ઉપર ઘણા મિસરી સ્થાપત્યનો એણે જીર્ણોદ્ધાર કરાવ્યો. એનું જીવન તદ્દન સાદું હતું ને પોતાની બધી મહત્વાકાંક્ષાઓ છોડી, મિસરના વિકાસમાં જ એણે બધું ધ્યાન પરોવી દીધું હતું. ઈ.પૂ. ૨૮૩માં તેના અવસાન બાદ ગાદીએ આવેલા તેના પુત્ર ફિલાડેલ્ફસે પિતાની નીતિ જ ચાલુ રાખી. આજની સુએઝની નહેરની પૂર્વજ એક નહેર તેણે નાઈલ ને લાલ સમુદ્ર વચ્ચે ખોદાવી મિસરનો વ્યાપારી સંબંધ અરબસ્તાન, ઇથિયોપિયા ને હિંદથી માંડી ઠેઠ યુરોપ સુધી વિસ્તાર્યો. એના રાજઅમલમાં જ પ્રખ્યાત ઇતિહાસકાર માનેથોએ મિસરનો ઇતિહાસ લખ્યો ને હિબ્રૂ ધર્મગ્રંથોનાં ગ્રીક ભાષામાં ભાષાંતર થયાં.



આફ્રિકાના પૂર્વોત્તર પ્રદેશને પરિપ્લાવિત કરતી નીલ—નાઈલ નદી મિસરદેશની જીવાદોરી સમી છે. આફ્રિકાના ઈશાન વિભાગમાં આવેલા ચાર હજાર માઈલ-ના વિરાટ અને વેરાન મહારણમાં સર્પાકારે અને ગૌરવગતિએ વહેતી, અને જગતના મહા નદોની આગલી હરોળમાં આવતી એ નદીએ સીંચેલા ને સમૃદ્ધ કરેલા તટપ્રદેશ પર જ મિસરની પ્રાચીનતમ સંસ્કૃતિ જન્મી અને જીવી; અને આજે પણ મિસરની પોષક માતા એ જ છે આ ઉપરના નકશા-માં મિસરની પુરાતન સંસ્કૃતિના બધા મુખ્ય અવશેષો નીલના તટ પર ક્યાં ક્યાં પડેલા છે એ બતાવ્યું છે. ઍલેકઝાંડ્રીઆથી આસ્વાનના બંધ સુધી નીલને તીરે તીરે સળંગ રેલવે લાઈન ચાલી આવે છે, ને તેની અઢાર કલાકની સફરમાં, બંને બાજુના કિનારા પર, તાડનાં ઝુંડથી ભાતીગળ બનેલા પાંચપાંચ માઈલ સુધી પથરાએલા ખેતીના હરિયાળા પટમાં, વચ્ચેવચ્ચે આવતા એ મહાન અવશેષો મિસરના ભવ્ય ભૂતકાળનો વિસ્મયમય રોમાંચ કરાવી જાય છે.

ત્રીજો ટૉલેમી યુએરગેટીસ મહાન લડવૈયો હતો. એણે મિસરનું સામ્રાજ્ય મિસર અને સાયરેનીકા ઉપરાંત ન્યૂબિયા, ઇથિયોપિયા ને અરબસ્તાનનો થોડો ભાગ, પાલેસ્ટાઇન ને ફીનિશિયાથી માંડી ઠેઠ આયોનિયા ને થ્રેસ સુધી જમાવ્યું. એ સાથે સાહિત્યને પણ એણે એટલું જ પોષણ આપેલું ને દુનિયાના ખૂણેખૂણાથી હસ્તલિખિત ગ્રંથો મેળવી સિકંદરિયામાં સંઘર્યા હતા. એના કાળમાં જ મહાન ગ્રીક સમા-લોચક ઍરિસ્ટોફેનીસ, મહાન ભૌગોલિક ઍરેટૉસ્થિનિસ ને કવિ ઍપોલોનિયસ જેવા સિતારાઓએ પ્રથમ પ્રકાશ રેડ્યાં હતો.

ક્લીઓપેટ્રા

પચીસ વર્ષના અમલ પછી યુએરગેટીસ અવસાન પામ્યો. ઇતિ-હાસકારોના કથન મુજબ એના પછી નવ ટૉલેમીઓ મિસરની ગાદીએ થયા, જેમાંનો છેલ્લો ટૉલેમી ઑલેટીસ ઈ. પૂ. ૫૧માં મર્યો ત્યારે પોતાની પાછળ ચાર સંતાનો મૂકતો ગયો: ક્લીઓપેટ્રા ને આર્સિનોઈ નામની બે પુત્રીઓ ને ટૉલેમી નામના બે પુત્રો. તેમાં મોટો ટૉલેમી ઉંમરલાયક થતાં ક્લીઓપેટ્રાને પરણે ને બંને સાથે રાજ્ય ચલાવે એવી એણે કરેલી ગોઠવણથી એ સહોદર પતિપત્ની મિસરની ગાદીએ બેઠાં. (મિસરના ફારોહો માફક સગાં ભાઈબ્હેનોએ લગ્નસંબંધથી જોડાવાની પદ્ધતિ ટૉલેમીઓએ વહેલી જ અખત્યાર કરી લીધી હતી.)

આ તે જ ક્લીઓપેટ્રા, જેની મહત્ત્વાકાંક્ષાએ મિસરના ઇતિ-હાસમાં એક અવનવું રંગદર્શન ઉમેર્યું છે. પતિના હાથ નીચે રહી સત્તા ચલાવવામાં તેની મહત્ત્વાકાંક્ષા ઘવાઈ ને એણે સ્વતંત્ર થવા પ્રયાસો કર્યા. પરિણામે લડાઇ થઇ ને તેને નાસી જવું પડ્યું. રોમ-ની ત્યારે ચડતી કળા હતી. ટૉલેમીઓનાં ઘણાંખરાં સંસ્થાન એણે લઈ લીધાં હતાં ને તેના કૉન્સલ જુલિયસ સીઝરે તેના સામ્રાજ્યની સરહદ અનેકગણી વધારી મૂકી હતી. ક્લીઓપેટ્રા નાસીને સીધી તેની પાસે પહોંચી. એનાં રૂપ અને લાવણ્ય પર મોહિત થએલા સીઝરે તેને મદદ આપી ને તે મિસર પર ચડાઈ લાવી. મોટો ટૉલેમી લડાઇમાં નાશ પામ્યો. રોમનોના આગ્રહથી એ નાના ટૉલેમીને પરણી, પણ પછી તેને યે ઝેર આપીને સત્તાને આડે આવતી એ આડ-ખીલી પણ તેણે દૂર કરી ને એકહથ્થુ સત્તા પ્રાપ્ત કરી.

હવે તે રોમમાં જ જુલિયસ સીઝર સાથે રહેવા લાગી. ઈ. પૂ. ૪૭માં એને એક પુત્ર જન્મ્યો. એ પુત્ર સીઝરથી થયો હોવાનું જાહેર કરી એણે સીઝેરિયન નામથી તેને મિસરની ગાદી પર બેસાડ્યો. સીઝર સાથેના આ જોડાણે રોમમાં ખૂબ કકળાટ મચાવ્યો હતો. આખરે સીઝરનું ખૂન થયું ને ક્લીઓપેટ્રા મિસર નાસી આવી. સી-ઝર પછી રોમના ઉત્તરાધિકારી તરીકે આવેલો ઍન્ટની પણ આ અદ્ભુત લાવણ્યવતી મહારાણી પાછળ એટલો જ ગાંડો બન્યો ને ક્લીઓપેટ્રા પાછી મિસર છોડી રોમ આવી રહી.

રોમનો પહેલેથી જ ક્લીઓપેટ્રાને ધિક્કારતા આવ્યા હતા, તેમાં ઍન્ટનીએ જ્યારે જાહેર કર્યું કે ક્લીઓપેટ્રાથી પોતાને થનારું સંતાન રોમનો ઉત્તરાધિકારી બને ત્યારે તો તેમના ગુસ્સાનો પાર ન રહ્યો. ક્લીઓપેટ્રાને તેમણે દેશની દુશ્મન જાહેર કરી ને જુલિયસ સીઝરની બ્હેનના પૌત્ર ઑક્ટેવિયનની સરદારી નીચે બધા એકત્ર થયા. આથી ક્લીઓપેટ્રા ને ઍન્ટની બંને ઈ. પૂ. ૩૧ના સપ્ટેંબરની ૨ જીએ મિસર નાસી છૂટ્યાં. ઑક્ટેવિયન ત્યાં પણ પાછળ પડ્યો. જીતની કંઈ આશા ન રહેતાં ક્લીઓપેટ્રાએ તેનું કહેવું કબૂલી, ઍન્ટનીનો છળથી અંત આણ્યો, પણ પાછળથી ઑક્ટેવિયનના હાથે જ એનો ને એના પુત્ર સીઝેરિયનનો પણ અંત આવ્યો ને મિસર રોમન સામ્રાજ્યનું એક અંગ બની ગયું.

આ ઑક્ટેવિયનને રોમનોએ પહેલો બાદશાહ બનાવ્યો ને સેનેટે ઈ. પૂ. ૨૭માં તેને ઑગસ્ટસનો ઇલકાબ આપ્યો, પણ મિસર-નો કારોબાર સેનેટના હાથમાં ન સોંપતાં એણે એને પોતાનો અંગત પ્રાંત જ ગણ્યો ને પોતા તરફથી તેનું શાસન ચલાવવા મિસરમાં એક મંત્રીસભા નીમી જે 'ઑગસ્ટલ પ્રીફેક્ટ'ના નામથી ઓળખાઈ.

એમાંની પહેલી પ્રીફેક્ટના વખતથી જ મિસર રોમનું કોઠાર





ડાબી બાજુ: રાજવંશી શિરવેષ્ટ અને પવિત્ર ગરુડનું ચિહ્ન ધારણ કરેલી રાજા ખફરેનની, નીલઘેરા પત્થરની, ઈ. પૂર્વે ૨૮૦૦ની આ પ્રતિમા ગીઝેના પિરામિડ-માંથી મળી છે. જમણી બાજુ: ઇ. પૂર્વ ૫૭૦મા વર્ષમાં થએલા રાજા વાહ-ઈબ્-રીની આ બેઠી પ્રતિમા મિસરની પ્રાચીન કળાનો સુંદર નમૂનો છે.

પ્રાચીન મિસરની કળા

પ્રાચીન મિસરની કળાએ દશ્યસૃષ્ટિના અનુપમ આવિર્ભાવો શિલ્પમાં ઉતારી માનવજાતિ સમક્ષ કળાનો એક એવો ઉત્કૃષ્ટ આદર્શ મૂકી દીધો છે કે તેની આગળ ગ્રીક કળા પણ ઝાંખી પડતી લાગે. ઇતિહાસનાં પડળો હજૂ પૂરાં દૂર થયાં નથી ત્યાં સુધી પ્રાચીન મિસર જ સર્વ કળાઓની ગુરુકૂંચી ધરાવતું દેખાય છે. આસીરિયા અને હિંદની કળાઓને તેની સાથે કેટલો સંપર્ક હતો તેના તર્કો પણ રસપ્રદ પ્રકરણ બની શકે. પ્રાચીન મિસરમાં ખુરશી અને ઊંચી બેઠકનાં આસનો છે, તે સાથે જમીન પર પલાંઠી મારી બેઠેલી રાજપ્રતિમાઓ અને સાહિત્યલેખકો (જુઓ પૂઠા પરનું ચિત્ર) પણ છે. મિસરના લાલ, ભૂરા ને લીલા રંગોની અસર હિંદમાં આવેલી જાતિઓના પહેરવેશમાં દેખાશે. પણ હિંદ અને મિસરનો સંબંધ ગુરુશિષ્યનો છે કે કોઇ પ્રાચીન પ્રજાના સરખા વારસદારો તરીકેનો છે તેની તપાસ પણ જરૂરી છે. દક્ષિણની પ્રચંડ પથ્થર-પ્રતિમાઓ, ગોપુરો અને સાગરમાં લુપ્ત થએલ મહાબલિપુરના પાષાણ-મહાલયોનાં આદ્ય સ્વરૂપો ક્યાંથી આવ્યાં, તેનો વિકાસ હિંદમાં જ થયો કે બહારથી તેનાં સૂચન મળ્યાં? ઈ. સ. પૂર્વેના રાજવંશોમાં મૃતક રાજપુરુષોની પ્રતિમાઓ કરી રાખવાનો રિવાજ હતો અને તે સ્થાનને દેવકુલ કહેવામાં આવતું. પિરામિડની કબરોનું એ કોઈ સંસ્કારી રૂપ ગણવું? આ બધા પ્રશ્નો ઉકેલ માગે છે.

બની ગયું. બીજી પ્રીફેક્ટના અમલમાં મસાલાનો વેપાર એકહથ્થુ લેવા દલિયસ ગૅલસે અરબસ્તાન પર હલ્લો કર્યો, પણ નિષ્ફળ ગયો. ત્રીજી પ્રીફેક્ટે નાઇલની જૂની નહેરોનો પુનરુદ્ધાર કર્યો ને હિંદ સાથે સીધો વેપારી સંબંધ બાંધ્યો. એ પછીના શાસનકાળમાં મિસરની બધી પૌરાણિક અસરો નાબૂદ થતી ગઈ.


અને રોમે ખ્રિસ્તી ધર્મનો સ્વીકાર કર્યા પછી તો બૂતપરસ્ત અને જિનપરસ્ત મિસરમાં નવો જ સંઘર્ષ ઊભો થયો. ગ્રીકોથી ઊલટું રોમન સામ્રાજ્ય માત્ર તલવારના બળે જ ત્યાં ટકી રહ્યું હતું. એ અપ્રિય તો હતું જ, તેમાં વળી ધર્મની બાબતમાં એણે હસ્તક્ષેપ કર્યો એટલે જ્યાંત્યાં આર્થિક અંધેર ને અવ્યવસ્થા ફાટી નીકળ્યાં. ફિલસૂફ હાઇપેશિયા ને બીજા મિસરીઓની ખ્રિસ્તીઓએ ત્યારે આદરેલી કત્લ આજ પણ રૂવાં ખડાં કરે એવી છે.

અરબોનો સપાટો

આ આંતરિક અંધેરનો લાભ લીધો ઈસ્લામ નીચે નવજીવન પામેલા અરબસ્તાને. ઈ. ૬૩૯માં અમ્ર નામનો તેનો સરદાર મિસર પર અતુલ સૈન્ય સાથે ચડી આવ્યો. બે વર્ષ સુધી તો રોમન સેનાપતિ સાઈરસે અરબોને ખાળી રાખ્યા, પણ હળવેહળવે એનું બળ ઘટતું ગયું, જ્યારે અરબ સૈન્યમાં તાજો ઉમેરો થતો રહી એનું બળ વધતું જ ચાલ્યું. આખરે સાઈરસ સિકંદરિયાના બારામાંથી નાસી છૂટ્યો ને મિસર અરબોને હાથ પડ્યું. ઇસ્લામી મુલકોમાંથી નવા થએલા મુસલમાનોનાં ધાડાં ત્યાં વસવા આવી લાગ્યાં ને મિસરના રાષ્ટ્રીયત્વનો હ્રાસ થવા સાથે જ એના ધર્મ, ભાષા વગેરેનો પણ હ્રાસ થયો.

મિસરની પુરાણી તવારીખનો અહીંથી અંત આવે છે. હળવે-હળવે મિસરીઓ પોતાનું પ્રાચીન સ્વત્વ ભૂલતા ગયા અને આજે તો

પોતાને 'અરબ' તરીકે ઓળખાવવામાં જ તેઓ ગૌરવ લેતા થયા છે. ભૂતકાળના મિસરની આજ એમને કંઈ પડી નથી. એમને મન એમનું સાચું ગૌરવ તો દમાસ્કસ અને ઈસ્પહાન, કૉર્ડોવા ને ગ્રેનેડા, ઈસ્તંબુલ અને બુસામાં જ રહેલું છે. એત શકસ (સૂર્યમંદિરો)માં ઊભેલી એમના દેશના પુરાણા દેવતાઓની મૂર્તિઓ અત્યારે તો રઝળતી ખડકો કોઈ સંશોધકમંડળ કે વિદ્વાન વ્યક્તિનું જ આકર્ષણ રહી છે. માય, અઝટેક ને ટોલટેક, સુમેરૂ બલ્ખ ને અસુર સંસ્કૃતિઓથી યે પુરાણી સંસ્કૃત એ ભૂમિ, જગતને એના સાચા વ્યક્તિત્વનું ભાન કરાવવા કબરમાંથી યે હજુ આર્ય સંસ્કૃતિ તરફ નજર નાખી રહી છે. એ નજર સાર્થક બનાવવા જેટલાં ખંત અને શક્તિ આપણી પાસે છે?



પ્રાચીન મિસરની સંસ્કૃતિનો ખ્યાલ આપતા આલેખ. (ખોદકામમાંથી નીકળેલાં પ્રમાણભૂત સાધનો ઉપરથી)
(૧) તાડની સોટીઓમાંથી બનાવેલી પ્રાથમિક ગામઠી જાળી, અને તે પરથી ધીમેધીમે વિકસેલું પાકું જાળિયું. (૨) ઇ. પૂર્વે ૩૫૦૦ના સમયનું મિસરનું પ્રાથમિક કાળનું ઝૂંપડું, જેનું બાંધકામ તાડ અને પેપીરસનાં ઘરાં પર માટી-કાદવ થાપીને કરવામાં આવતું. તે પરથી વિકાસ પામીને નં. ૫ તથા ૮ના નમૂના મુજબની સ્થાપત્યરચના થઇ. (૩) ઇ. પૂર્વે ૩૦૦૦ની, ગમે ત્યાં ફેરવી શકાય તેવી પાટિયાની કોટડી. એમાં હવાની વધઘટ અને સંકોચ પૂરતી છૂટ રાખવા માટે ઉપરની આકૃતિમાં બતાવ્યા પ્રમાણે પાટિયાં દોરાથી બાંધેલાં છે. (૪) ઇ. પૂર્વે ૧૩૬૫માં નહાવાની રીત (૬) ઇ. પૂ. ૧૨૬૫ની અનાજની કોઠીઓ (૭) તે કાળનો અસ્ત્રો; ઓશીકું; તે સમયે રોટી બનાવવા માટે લોટ બાંધવાની, રોટીનાં ઘરાંમાં લોટ દાબવાની તથા શેકવાની ક્રિયાઓ. રોટીનાં ઘરાં તથા ચૂલો જોવા જેવાં છે.

સંસારનાં શહેરો (અનુ૦ પૃ. ૨૧૮થી) અભ્યાસાર્થે આવે છે. ઑકસફર્ડ કે કેમ્બ્રિજનો જન્મ નહોતો થયો તે પહેલાંથી મુલકે મુલકના વિદ્યાર્થીઓ અહીં શરીઅત પઢવા આવતા, ને હજી આવે છે. તેમાં ઐતિહાસિક કલાના નમૂનાનું ખાસ સંગ્રહસ્થાન પણ યોજવામાં આવ્યું છે.

એ ઉપરાંત 'સિટાડેલ'–સલાદીને બંધાવેલો ગઢ, અલ-કાસ્રાનો અરબ સ્થાપત્યનો પુરાવો દરવાજો અને ત્યાંની મસ્જિદોના ઘુમ્મટ તથા મિનારા અદ્‌ભુત લેખાય છે. ગીઝાના પિરામિડના પત્થરો વડે તે બાંધવામાં આવેલા છે.

શિયાળામાં શહેરનું હવામાન, સૂકું ને આરોગ્યદાયી છે, ઉનાળામાં ઉકળાટભર્યું. ચોમાસું તો અહીં નહિ જેવું છે, પણ સપ્ટેમ્બર, ઑક્ટોબર ને નવેમ્બરમાં નાઈલનાં પૂરથી મિસરનો પ્રદેશ રેલી રહે છે. અનારોગ્ય ગણાતા આ શહેરમાં અંગ્રેજોના આગમન પછી દાખલ થએલી સુઘડતા, પાણીની આયાત ને ગટરની રચનાથી હવે મરણપ્રમાણ ઘટી ગયું છે. ઝવેરાત, સૂતર, ખાંડ, કાગળ, રેશમી કાપડ અને ચામડાંના ઉદ્યોગો ને કારખાનાંને લીધે અહીંનો વેપાર ધમધોકાર ચાલે છે. દારૂગોળા બનાવવાનાં કારખાનાં પણ અહીં છે.

કૈરોથી દક્ષિણે કેપટાઉન સુધી ને પૂર્વે મેસોપોટેમિયા સુધી ધોરી હવાઈ માર્ગ છે.

સંસ્કૃતિના ધ્વંસની ગર્જના કરતું મહાયુદ્ધ આજે ભીષણ તાંડવ ખેલતું જે ઇજિપ્તને આંગણે ઊતર્યું છે તેની રાજધાનીનો આ પરિચય.

ભૂતકાળની શોધમાં

કચ્છના રણપ્રદેશ પર જ્યાં એક કાળે સાગર ઘૂઘવતો તેના અવશિષ્ટ બેટો ને ખંડિયેર બંદરોની ભાળ કાઢવા માટે કરેલા પગપાળા પ્રવાસની લેખમાળા



કોટલાપત્તનના અવશેષોને પોતાના પેટાળમાં સમાવીને પડેલો ટેકરો (સ્કેચ: લેખક)

૪–કોટલાપત્તન

'આપણા ઘરનું તો એમને કાંઈ ખપે નહિ, એટલે મહારાજને મોટા મંદિરે લઈ જા ને ત્યાં મોટા બાપજીને કહી એમના સારા ઉતારાપાણીની તજવીજ કરાવી આવ!' ડોશીમાએ ગાડાવાળાને કહ્યું ને પછી મને ઉદ્દેશીને બોલ્યાં.' મહારાજ, રસ્તામાંથી મોદીને ત્યાંથી એક નાળિયેર લેતા જજો. એ નાળિયેર અને પૈસો મોટા બાપજીને પગે લાગીને પછી તેમની સામે ધરજો.'

નાળિયેર લઇ ગાડાવાળાની જોડે હું મોટા મંદિરે પહોંચ્યો. વિશાળ ચોગાનમાં એક મોટું મંદિર દેખાતું હતું. તેમાં લોકોની સારી અવરજવર જણાતી હતી. તે મંદિરની સામે ઘણું વિશાળ બે માળનું મકાન આવેલું હતું. એમાં 'મોટા બાપજી' કહેવાતા કુંવરગામના મહંતની ગાદી હતી. ઓસરીમાં સામાન મૂકી હું અંદર ઓરડામાં ગયો. ત્યાં એક આસન ઉપર ભગવાં વસ્ત્રોમાં એક વૃદ્ધજન એકલા બેઠા હતા. તેમની મુખાકૃતિ જોતાં જ સમજાઇ ગયું કે એ જ મોટા બાપજી છે, એટલે ડોશીમાએ કહ્યું હતું તેમ, એમને પગે લાગી, નાળિયેર ને પૈસો તેમની સમક્ષ ધરી હું ઓસરીમાં આવીને એક સ્થળે બેસી ગયો. બધાં મારી સામે જોઈ રહ્યાં. પછી મોટા બાપજી બહાર ઓસરીમાં આવ્યા. કેવા છો, ક્યાંથી આવ્યા, ક્યાં જવું વગેરે પૃછા કરી તેમણે એક માણસને બોલાવીને કહ્યું કે 'આ મહારાજને સીધું ને છાણાં આપ એટલે રાંધી ખાય.'

એ વેળા નવ તો વાગી ગયા હતા. રાંધતાં આપણને ખાસ આવડે નહિ, એ છતાં વગર તસ્દીએ થઇ શકે તેવી કોઈક વસ્તુ ખીચડી કે ભાત મૂકી દઉં તો ય અગિયાર વાગી જવાના, એટલે એ કડાકૂટમાં પડવા કરતાં જો થોડુંક દૂધ મળી રહે તો પીને ચલાવી લેવું, નહિતર આમ જ સૂઇ રહેવું, એવો વિચાર કરી મેં કહ્યું 'બાપજી, સીધાની તસ્દી મારા માટે લેશો નહિ. જો બશેરેક દૂધ મળી શકે તો સારૂં, નહિતર કાંઇ ખાસ તકલિફ લેશો નહિ.' બાપજીએ મેં કહ્યું તેટલું જ દૂધ મંગાવી આપ્યું ને તે જેવું આવ્યું તેવું જ હું પી ગયો.

'મહારાજ, એકલા દૂધમાં શું વળવાનું હતું? આ થોડાક ચણા ખાઇ જાઓ' એમ કહી મોટા બાપજી એક વાડકામાં અર્ધો પોણો શેર શેકેલા ચણા મૂકી ગયા. આપણે ધીમેધીમે અર્ધા કલાકમાં તે સાફ કરી નાખ્યા. રાતના ૧૧ વાગ્યે મંદિરની ધમાલ શાંત પડી. ઓસરીમાં પથારીઓ ગોઠવાઇ ને તેમાંની એક મને મળી મારી બાજુમાં જ મોટા બાપજીના એક શિષ્ય જેવા લાગતા ભાઇ સૂવા આવેલા. મેં તેમને કુંવરગામની પ્રાચીનતા વિષે પૃછપરછ કરી. અહીં કાંઈ પ્રાચીન જેવું નથી એવો તેમણે ઉત્તર આપ્યો. મારી બીજી બાજુની પથારી ઉપર મોટા બાપજી આવીને પડ્યા. તેમણે મારી જોડે વાતો કરવી શરૂ કરી. એમણે મારા ઉતારાની જે સારી સગવડ કરી આપી હતી ને મારા વાળુની ખાસ કાળજી રાખી હતી તે બદલ તેમના આભારનો થોડોક ભાર મારૂં હૃદય અનુભવી રહ્યું હતું, એ હળવો કરવાની આ સારી તક જાણી હું બોલ્યો: 'બાપજી, આપે તો આ સરસ આશ્રમ સ્થાપ્યો છે, કેવું વિશાળ મકાન બંધાવ્યું છે, શી સુખદ સગવડો છે! આમ મોટા બાપજીની સ્તુતિ મેં કરી. મારી વાતો આજુબાજુ સૂતેલા માણસોએ સાંભળી હશે તે વિષે શંકા નથી. થોડાક માણસો એ સાંભળી તો અંદર અંદર વાતો કરતા મોઢે ડૂચો દઈ કશીક બાબત ઉપર હસતા પણ લાગ્યા; પણ તેમની વાતોનો વિષય જુદો જ હોવો જોઇએ એમ માની મેં મારી વાતો ચલાવ્યે રાખી અને એમાં જ મને ઊંઘ આવી ગઈ.

રાતના ત્રણેક વાગ્યા હશે. મને પેટમાં આંકડી આવી ને હાજત થઈ. અર્ધાઅર્ધા કલાકે દસ્ત થવા લાગ્યા. મને સમજાઇ ગયું કે બશેર કાચું દૂધ પીને તેની ઉપર અર્ધો પોણો શેર ચણા ખાઈ ગયો છું, એટલે જે થયું છે તે યોગ્ય જ થયું છે. એમાં વાંક આપણો જ છે.

માંડમાંડ સવાર પડી. મારા ટાંટિયા ઢીલા થઈ ગયા હતા. દાતણપાણીથી પરવાર્યો ને ચા આવી તે પીધી એટલે મન જરા સ્વસ્થ થયું. એટલામાં મંદિરના ચાકરડા જેવા બે માણસો આવ્યા ને મોટા બાપજીને તુકારે બોલાવી તેમની ધૂળ ખંખેરવા લાગ્યા. પછી તો ગાળો પણ ભાંડવા મંડી ગયા. એ જોઇ હું તો સ્તબ્ધ થઇ ગયો! પાસે બેઠેલા માણસને મેં એનું કારણ પૂછતાં તે બોલ્યો: 'અરે, આ શાના મોટા બાપજી? તમે ય ઠીક લાગો છો! મોટા બાપજી તો મહંતોના મેળામાં દૂધરેજ ગયા છે. આવો આ તો અહીં કોઠાર સાચવે છે.' હું તો આ સાંભળીને સડક થઈ ગયો! કાલે આને મોટા બાપજી લેખીને હું પગે લાગેલો ને સુતી વખતે એનાં ભારોભાર વખાણ કરેલાં એ બધું જોનારા ને સાંભળનારાઓએ મારા વિષે શું ધાર્યું હશે? રાતે પેલા માણસો મોઢે ડૂચો દઈ હસતા હતા તેનો ભેદ હવે સમજાઇ ગયો. ખૂબીની વાત તો એ હતી કે મારા આ કલ્પિત મોટા બાપજી પણ મારી વાતોનો વિરોધ કર્યા વિના ઢોંગ ચલાવ્યે ગયા. હવે મને આ સ્થળે રોકાવામાં માલ ન લાગ્યો. અને કુંવરમાં પણ પ્રાચીન જેવું કાંઇ નથી તે રાત્રે જ જાણી લીધું હતું. સંજોગવશાત્ મજૂર પણ મને મંદિરમાં જ મળી ગયો. એટલે રણના કાંઠે, કુંવરથી ચાર ગાઉ આઘે, રાપુ નામનું ગામ છે ત્યાં જવા હું રવાના થયો. રાપુ બપોર પછી પહોંચાશે એટલે નાસ્તા માટે કંઈક મળે તો લઈ લેવું એમ વિચારી બજારમાં થઇને હું નીકળ્યો. દસ બાર દુકાનોની એ બજાર હતી ને તેમાં કંદોઈની દુકાન એકેય ન મળે. એક મોદીને ત્યાં પેંડા હતા તે લઈ ગામ બહાર જઇ નાસ્તો કરવા બેઠો; કારણ આ વિસ્તારમાં પાણીની ઘણી તંગી હતી, અને રાપુ સુધી રસ્તામાં એકે ગામડું આવવાનું નથી એમ મજૂરે કહ્યું હતું. પેંડા ખાધા તો કેટલાય દિવસના જૂના લાગ્યા, બકરીના દૂધનો નામપૂરતો તેમાં થોડોક માવો જણાયો. ખાઇને માઈલેક ચાલ્યો હોઈશ ત્યાં મને ઊલટી થઈ. સહેજ આગળ ચાલ્યો હોઈશ કે દસ્ત થયો અને તાવ પણ ડીલમાં ભરાવા લાગ્યો. પણ ચાલ્યા વગર છૂટકો નહોતો.

ત્રણેક માઈલ ચાલ્યા પછી એક નાની નદી આવી. તેનાં બે વહેણ હતાં. સામે પાર એક નાનું દહેરૂં હતું. તેની પાસેના ઝાડ નીચે ત્રણ ચાયરો ઘેટાંબકરાં લઇને બેઠા હતા. હું પણ જરા વિસામો ખાવા

ત્યાં બેસી ગયો. આ આયરો સરળ ને સારા માણસો લાગ્યા. તેમાંનો એક તો કુંવરનો જ હતો. વાતો કરતાંકરતાં મેં તેમને પૂછ્યું 'આ રણ જ્યારે દરિયો હતું તે વખતના કોઈ બંદરના અવશેષો આટલામાં છે? તમારામાંથી કોઈની પાસે જૂના વખતના સિક્કા છે ખરા?' મારી વાત સાંભળી કુંવરવાળો આયર તરત બોલી ઊઠ્યો: 'તમે કહો છો એવું તો તમે પછવાડે જ મૂકતા આવ્યા છો. રણ જ્યારે દરિયો હતું તે વખતે કુંવરમાં વહાણો લાંગરતાં. એ વખતે ગોદી હતી તે ટેકરો પણ હજુ છે. કુંવરને એ જમાનામાં કોલાપુરપાટણ કહેતા. કુંવરની આથમણી બાજુ બે ખેતરવા દૂર રણનો જૂનો કાંઠો આવેલો છે ત્યાં એ ટેકરો ઊભેલો છે. પાસે જ તરેણ નામનું ગામડું છે, તેમાં તરેણ માતાનું મંદિર છે. વળી તમે આગલા વખતના સિક્કાઓની વાતો કરો છો એવા બેત્રણ ચાંદીના સિક્કા તો મારા ઘરમાં છે.'

આ સાંભળીને મારા હર્ષનો પાર ન રહ્યો. પૂરી તપાસ વગર આવું મહત્ત્વનું સ્થાન છોડીને નીકળી આવવા માટે સંતાપ પણ થયો.

'તમે એ સિક્કા વેચાતા આપશો?' મેં આયરને પૂછ્યું. તેણે હા પાડી ને તેની સાથે હું કુંવર પાછો વળવા તૈયાર થયો. મજૂરને મેં કહ્યું કે 'તું સામાન લઈને આ ઝાડની નીચે બેઠો રહેજે. હું બપોર સુધીમાં એ બધું તપાસી કરી પાછો આવું છું. પછી સાંજ સુધીમાં આપણે રાપુ ભેગા થઇ જઈશું. તને થોડાક વધારે પૈસા આપીશ!'

ચડેલ તાવે ફરી ત્રણ માઇલનો પંથ કાપી હું પાછો કુંવર પહોંચ્યો. હું રાત રહેલો તે મંદિરની પછવાડે જ એ આયરનું ઘર હતું. ઊનની સાંદરીનો ભરેલો ખાટલો તેણે ઢાળ્યો, આયરાણીએ નજીકમાં રહેતા કોઇ મહારાજને ઘેરથી પાણી મંગાવીને ચા મૂકી ને આયરે પટારામાંથી બે સિક્કા શોધી કાઢ્યા. બંને ચાંદીના ને મુસલમાની કાળના હતા. મેં એકેક રૂપિયો આપીને બંને વેચાતા લઇ લીધા.

સિક્કા ખરીદતી વેળા એક વાત ખાસ ધ્યાનમાં રાખવી જોઇએ. એની ધાતુના વજન પ્રમાણે ચાલુ ભાવે જે કિંમત થતી હોય તેનાથી સવાઈ કે દોઢી આપણે આપવી જોઇએ. તેમ કરવાથી સિક્કાઓ સોની કે કંસારાને ત્યાં જતા બચી જાય છે ને એ લોકો તો તેમને ગાળી તેમનો નાશ કરી પોતાના કામમાં લે છે. જો ગામડાના લોકોને એવી ખબર હોય કે સિક્કાના શોખીનો તેમની વધારે કિંમત આપે છે તો તેઓ કદી સોની કે કંસારાને વેચે નહિ અને આમ એ ઐતિહાસિક સાધનો કમોતે મરતાં બચી જાય. વળી સિક્કા કે તામ્રપત્રો શોધવાનું કામ વ્યવસ્થિતરીતે થવું જોઇએ. મોટા શહેરનું કોઈ મ્યૂઝિયમ અગર કોઇ ઇતિહાસસંશોધકસંસ્થા તેનું કેંદ્ર હોય ને તેના એકબે માણસો ગામડેગામડે ફરી હમેશ શોધ કરતા રહે તો જ ઇતિહાસસંશોધન માટે ઉપયોગી સંગ્રહ કરી શકાય. કમનસીબે આપણે ત્યાં આ પદ્ધતિએ કોઈ કામ કરતું નથી. પરિણામે, ઉત્તર હિંદનાં મ્યૂઝિયમોના એજન્ટો આવીને આપણે ત્યાંના સિક્કાઓ લઈ જાય છે. અમદાવાદ, રાજકોટ અને જૂનાગઢમાં એવા એજન્ટો નિયમિત આવે છે તેની મને ખબર છે. એ સ્થળોના અમુક કંસારાઓ ને સોનીઓ તેમના માટે સિક્કા ભેગા કરે છે. એ ઉપરાંત પ્રાચીન સમયનાં ધાતુનાં પાત્રો, મૂર્તિઓ વગેરે પણ એવી જ રીતે આપણે ત્યાંથી પરપ્રાંતોનાં મ્યૂઝિયમોમાં પહોંચી જાય છે ને તેની આપણને ખબર સુદ્ધાં પડતી નથી. ગુજરાતમાં સોલંકીઓના સિક્કાઓ મળ્યા નથી એ નવાઇની વાત છે. પણ એ ન હોય તેવું નથી. આપણે ત્યાં એનીતપાસ જ કોણ કરે છે? થેડાંક વર્ષો પર સિદ્ધરાજનો સોનાનો એક સિક્કો ગુજરાતમાંથી લંડનના મ્યૂઝિયમમાં પહોંચી ગયેલો એ વાત પ્રસિદ્ધ છે.

આ પીતાંપીતાં આયરની પાસેથી હું તેનાં દુઃખસુખની વાતો સાંભળવા લાગ્યો. એવી વાતોમાં વખત તો પસાર થાય છે જ, પણ મારા પંથના માણસોને એથી સમાજશાસ્ત્રનું યે સારૂં જ્ઞાન મળે છે. ગુજરાતની આવી ફરતી રહેતી તથા માલધારી (pastoral) કોમો વિષેનું આપણું જ્ઞાન નહિવત્ છે. એ જ્ઞાન વૃદ્ધિ પામે તે સમાજશાસ્ત્ર તથા સમાજસુધાર બંનેની દૃષ્ટિએ અગત્યનું છે; ને એ જ્ઞાન એ લોકોના સમુદાયોમાં સાથે રહીને મેળવાય તો જ ઉત્તમ પરિણામો નીપજાવી શકાય. ઉત્તર ગુજરાતમાં જ્યારે દુષ્કાળ પડે છે ત્યારે આ માલધારીઓ પોતાનાં ઢોરઢાંખર લઇ ઉત્તરે છેક જેસલમેર ને સિંધ સુધી પહોંચી જાય છે ને દક્ષિણ તરફ છેક ખાનદેશ ને ડાંગમાં મહિનાઓ પસાર કરી આવે છે. એ પ્રદેશોની આ આયરને એવીસરસ ને ઝીણી ભૌગોલિક માહિતી હતી કે મને તો તે સાંભળી નવાઇ જ લાગી.

એ બધી વાતોમાં હું રોકાએલો હતો ત્યાં તો આયરાણીએ મારી સામે ઘીથી તરબોળ સુખડીની થાળી સરકાવી દીધી. આ શું? આયર બોલ્યો: 'મહારાજ, બપોર થવા આવ્યો. તમારે પંથ કાપવો છે. અમારૂં પાણી તમને ખપે નહિ. એટલે ઘીનો આ પાક બનાવ્યો છે.' મને તો તાવ ચડેલો હતો, એટલે ભૂખ શાની હોય? વળી એવી સ્થિતિમાં આવો ભારે ખોરાક પેટમાં જવાથી અનર્થ જ થાય; પણ તે આને ન્યાય આપવામાં ન આવે તો આ આયરની લાગણી દુભાય. અંતે ભગવાને જે ધાર્યું હશે તે થશે એમ વિચારી એંઠું મોઢું કરવા પૂરતો થોડોક પાક મેં આરોગ્યો.

આયરની વિદાય લઈ હું તરેણ ગામ ભણી ઊપડ્યો. કુંવરથી અર્ધો માઇલ પશ્ચિમે પહોંચતાં રણનો જૂનો કાંઠો આવ્યો. સામેની બાજુમાં ઝાંઝવાનાં જળનાં દૃશ્યો ધરાવતી રણની સપાટી છેક ક્ષિતિજ સુધી પથરાએલી પડી હતી. કોલાપુરપાટણના બંદરની ગોદીના અવશેષો ધરાવતો ટેકરો નજીકમાં જ દેખાયો. હું તેના શિખર ઉપર જઇને બેસી ગયો, રણના વિશાળ વિસ્તાર ઉપર એક લાંબી નજર નાખી અને પાછુંવાળીને કુંવર ગામ ઉપર દૃષ્ટિપાત કરી વિચાર કરવા લાગ્યો. અને મારા અંતરપટ પર ધીમેધીમે આ સ્થળના પ્રાચીન ગૌરવનું ચિત્ર ખડું થતું ગયું.

ઍલેક્ઝાન્ડરના મરણ પછી તેના સેનાપતિઓએ બૅક્ટ્રિયામાં જે રાજ્ય સ્થાપિત કરેલું તે વંશવેલામાં બીજા સૈકામાં મીનાન્ડર નામનો તેજસ્વી રાજા થયો હતો. એ ઉત્તર અને પશ્ચિમ હિંદ પર વિજય પ્રાપ્ત કરતો કરતો છેક ગંગાના તટપ્રદેશ સુધી જઈ પહોંચ્યો હતો. ગુજરાત પર પણ તેનું આધિપત્ય થયું હતું. એ મીનાન્ડરે ભારતીય સંસ્કૃતિ ઉપર મુગ્ધ બની બૌદ્ધ ધર્મ સ્વીકાર્યો હતો અને ત્યારથી તે મિલિન્દ કહેવાતો થયો હતો. આ મિલિન્દે એક સંતને પૂછેલા પ્રશ્નો અને તેના એમના તરફથી અપાએલા ઉત્તરોનો સંગ્રહ પાલી ભાષાના 'મિલિન્દ પણ્હો' નામના ગ્રંથમાં કરવામાં આવ્યો છે. એ બીજા-ત્રીજા શતકની કૃતિ છે. એમાં એક સ્થળે *પશ્ચિમ હિંદના દરિયાકાંઠે આવેલાં બંદરોની યાદી આપેલી છે, તેમાં અનુક્રમે ભરુકચ્છ, સુરઠ, કોલ્લાપત્તન અને સુવીર આ ચાર બંદરોનાં નામો આવે છે. આ બંદરો પર ગ્રીકવહાણોની ખૂબ અવરજવર થતી હતી એમ એ ગ્રંથમાં જણાવેલું છે. આ ચારેમાંના 'કોલ્લાપત્તન'નું નામ કુંવરના પ્રાચીન નામ 'કોલા (પુર) પાટણ' સાથે મળતું આવે છે. ખરૂં જોતા તો એ નામ સંસ્કૃતનું શુદ્ધ પ્રાકૃત રૂપ છે. એની પહેલાંનું નામ સુરઠ એટલે કે 'સુરાષ્ટ' બંદરનું છે જે કાઠિયાવાડના કાંઠા પરનું એક બંદર હતું. કોલ્લાપત્તન પછી સુવીરનું નામ છે. એ સુવીર, સૌવીર

*Milind Panho (English translation), Vol. II, P. 269.



કચ્છના રણ ઉપરનો પ્રાચીન સમુદ્ર અને તે વેળાનો
ગુજરાતનો દરિયાકાંઠો–ઈસ્વી સનની શરૂઆતમાં

દેશનું બંદર હતું. સિંધુ નદીની પૂર્વે લૂણીના પ્રવાહ સુધી આ પ્રદેશ વિસ્તરેલો હતો ને તેની દક્ષિણ સીમા કચ્છના રણસાગરને ઉત્તરે આવી મળતી હતી. એ વિસ્તારમાં હાલના નગરપારકરની નજીક આ સુવીર બંદર આવેલું હતું. આમ, કોલ્લાપત્તનની સ્થિતિ કાઠિયાવાડ ને લૂણીના મુખ વચ્ચેના વિસ્તારમાં હોવાનં જણાય છે ને બરોબર તે જ વિસ્તારમાં આપણું આ કોલા(પુર)પાટણ આવેલું છે, એટલે હું એમ માનવા પ્રેરાયો છું કે એ જ સ્થળ બીજા સૈકાનું કોલ્લાપત્તન બંદર છે, જ્યાં ગ્રીકોનાં વહાણો આવતાં જતાં. બીજા સૈકામાં કચ્છના રણસમુદ્રમાં વહાણો ચાલતાં એ વાત પેરીપ્લેસે પણ નોંધી છે.

આપણે ત્યાં મધ્યકાળમાં રચાએલા ગ્રંથોમાં પણ એ સ્થળનું માહાત્મ્ય મળી આવે છે. સરસ્વતીમાહાત્મ્ય અને સરસ્વતીપુરાણ પ્રમાણે 'સરસ્વતી (કુંવારકા) નદી સિદ્ધપુરના બિંદુ સરોવર પછી દધીચિઆશ્રમ, ચંદ્રતીર્થ, પ્રાઙ્મુખી, પીલપર્ણિક, સ્વર્ગદ્વાર (પાટણ પાસે) ગોવત્સ, લોહયષ્ટિ (લોટેશ્વર) અને ત્રિલાણ (ત્રિપુવાડા)-તીર્થ થઈ ત્યાંથી કોલા નામના સ્થળે કે જ્યાં કોલાદેવીનું મંદિર છે ત્યાં આગળ કચ્છના રણને મળે છે' એ વાત તદ્દન સાચી છે. સરસ્વતી નદી એ જ ગામ આગળ હાલ પણ કચ્છના રણને મળે છે. જે સ્થળે હું મારા મજૂરને બેસાડી આવેલો ત્યાં જે બે પ્રવાહો હતા તે આ સરસ્વતી નદીના જ હતા એમ રસ્તામાં આયરે મને કહ્યું હતું. નકશામાં પણ સરસ્વતી નદીને કુંવર ગામ આગળ રણને મળતી દેખાડી છે. આમ આ સ્થળનું કોલાપુર કે કોલાપત્તન (પાટણ) નામ લોકવાયકા ઉપરાંત આ પૌરાણિક પુસ્તકો પરથી પણ જણાઇ આવે છે.

મિલિન્દ પન્હોમાંનું આ કોલ્લાપત્તન બંદર હજી સુધી શોધાયું નહોતું. તેના વિષે અનેક તર્કવિતર્કો ચલાવવામાં આવતા. આજે એ સ્થળની શોધ કરીને હું તેના અવશેષોના ટેકરાના શિખરે બેઠો બેઠો ગૌરવ અનુભવી રહ્યો હતો. મારી જગ્યાએ કોઇ યુરોપિયન હોત તો દેશના ખૂણે ખૂણામાં આ શોધના સમાચારો ચમકી ગયા હોત!

કોલ્લાપત્તન એટલે શું? પ્રાચીન કાળમાં બંદરને પત્તન કહેતા. પ્રાચીન સાહિત્યમાં એ જ અર્થમાં આ શબ્દ વપરાએલો મળી આવે છે. પાછળથી એ 'પુર' માટે વપરાયો છે. કોલ્લા એ સંસ્કૃતનો શબ્દ નથી. દ્રાવિડી ભાષાઓમાં તેનો અર્થ પશ્ચિમ દિશા થાય છે. આમ કોલ્લાપત્તનનો અર્થ થયો 'પશ્ચિમ દિશાનું બંદર', જે કુંવરને માટે યથાર્થ છે. એની દ્રાવિડી ઉત્પત્તિ દર્શાવે છે કે ગુજરાતમાં આર્યોના આગમન પૂર્વે દ્રવિડો વસતા તેમણે એની સ્થાપના કરેલી હોવી જોઇએ.

સરસ્વતીપુરાણમાં જણાવ્યું છે કે સિદ્ધરાજે સહસ્રલિંગના કાંઠે કોલ્લાપુરપીઠની સ્થાપના કરી હતી. વિદ્વાનો આ કોલ્લાપુરને દક્ષિણનું કોલ્હાપુર માને છે, પણ તે આપણા ઘરઆંગણાનું જ આ કોલ્લાપુર કેમ નહિ હોય! આ સ્થળે વધુ શોધખોળ ચાલે એ ઈચ્છવાજોગ છે.

કોલ્લાપત્તન બંદરની ગોદીના એ ટેકરાનો મારે સ્કેચ કરવો હતો. તેના માટે યોગ્ય સ્થળ શોધતાં એક જારાની ઝાડી નીચે બેઠો. ત્યાં બેસી એ કામ પતાવ્યું ત્યાં આશ્ચર્ય સાથે જોયું કે એ ઝાડીમાં એક ડૉલમન પણ આવેલી હતી. આ ડૉલમન વિષે પાછલા લેખાંકોમાં પુષ્કળ લખાઈ ગયું છે.

કામ પત્યું એટલે હવે મને ત્રણ માઇલ દૂર સરસ્વતીને કાંઠે મારો સામાન લઇ સવારનો રાહ જોતો બેઠેલો મજૂર સાંભર્યો ને મેં ત્યાં જવાનો પંથ પકડ્યો. ચાર વાગી ગયા હતા. હવે મને જણાયું કે મારો તાવ ખૂબ વધી ગયો છે. કઇ ઘડીએ પથારીમાં પડું એમ જ મને થવા લાગ્યું. ઉપર સૂર્ય અંગાર વરસાવી રહ્યો હતો. તરસથી ગળું સુકાતું હતું. પણ ચાલ્યા વગર છુટકો નહોતો. અંતે લથડિયાં ખાતો ખાતો માંડમાંડ હું એ સ્થળે પહોંચ્યો. મજૂર બિચારો ત્યાં જ બેઠો હતો. હવે મારામાં આગળ રાપુ જવાનું સામર્થ્ય નહોતું, કે નહોતી પાછા કુંવર જવાની શક્તિ. મજૂરનો હિસાબ ચૂકવી મેં તેને વિદાય કર્યો. તેણે મને ચેતવ્યો કે રાતે અહીં પડી રહેતા નહિ. અહીં વાઘવરૂનો ભય છે. ઉપરાંત લુંટાઇ જવાની બીક પણ પૂરેપૂરી. નદીનું વહેણ પડખે છે, એટલે સર્પ વીંછી પણ રાત્રે ફરતા હોય છે. વળી પાણીનું નામ નથી. મારે એ ભાષણ સાંભળવું નહોતું, એટલે હું તો નદી પરની મહાદેવની નાની દહેરીમાં સામાન લઇને પેઠો. દહેરીને કમાડ સુદ્ધાં નહોતાં! તેના ગર્ભગૃહમાં પેઠો તો ત્યાં અઢી ફૂટ વ્યાસનું મોટું શિવલિંગ જણાયું. તેની ચારે બાજુ ઠંડક જણાઈ. ત્યાં ધોતિયું પાથર્યું. હવે તરસ અસહ્ય બની હતી. નદીના પટમાં એક ખાબોચિયું દેખાયું. તેમાં થોડુંક તદ્દન ખારૂં–દરિયાના જેવું ડહોળું પાણી ભરેલું હતું. મારાથી ન રહેવાયું. પેટ ભરીને એ પી ગયો. પછી દહેરીએ આવ્યો. મારી તકલિફનો પાર નહોતો. હું ક્યાં છું ને કેવી દશામાં છું તેનો વિચાર, દુખાવાથી ધમધમી રહેલા મારા મગજને આવતો નહોતો. ચારેકોર ભયંકર સૂનકાર વ્યાપેલો હતો. ચોફરતી ક્ષિતિજ પર ક્યાંય કોઈ ગામડું કે કાળા માથાનું માનવી દેખાતું નહોતું. એકલા માણસનું હૈયું ફાટી પડે તેવું બીહામણું એ સ્થળ હતું ને વળી તેના ઉપર હવે ઘોર રાત્રિનાં અંધારાં જામવા લાગ્યાં હતાં. હું દહેરીના ગર્ભગૃહમાં પેઠો. પગ લંબાવવા પૂરતી યે જગ્યા નહોતી; પડખું પણ ફેરવી શકાય તેમ નહોતું; એટલે ધોતિયા પર કોકડું વળીને હું સૂઇ ગયો. ગર્ભગૃહની ઠંડકે મને થોડી શાતા આપી ને હું ઘસઘસાટ ઊંઘી ગયો.

(ચાલુ)

અમૃતલાલ વ. પંડ્યા

'તમે માનશો? પેલો માણસ જે આટલો જબ્બર હનુમાન કુદકો લઈ શકે છે તે લગભગ આખું વર્ષ પગે તદ્દન પાંગળો હતો!'

'ખરેખર? એ કેટલાં વર્ષ પહેલાં પાંગળો હતો?'

'૨૧ વર્ષ પહેલાં'.

'આજે તેની ઉંમર કેટલી છે?'

'૨૨ વર્ષ!'

જીવનનું પરોઢ ભાગ ચોથો

પ્રકરણ ૫મું

માની શિખામણ

જેલની વાતો રોજ ઊઠીને સાંભળેલી, એની કલ્પના પણ બહુ યે કરેલી; પણ બહારથી જેલની ભીંતોનાં દર્શન તો મને તે જ દિવસે પહેલી વાર થયાં, જ્યારે ફીનિક્સના સત્યાગ્રહીઓને અમે વધાવવા ગએલા દરવાજાના ખૂણાથી માંડી જેટલે દૂર નજર પહોંચે ત્યાં સુધી લંબાએલી એ ઊંચી ભીંતો મેં અવાક્ થઇ જોયા જ કરી. . . ખરી કારમી દિવાલોનો વિસ્તાર જેમજેમ નજરે પડતો ગયો તેમતેમ મનમાં અકળામણ વધતી ગઈ. એના કાંગરા પર પાસેથી . . વતીજતી આગગાડીના ધુમાડાના ડાઘ પડવાથી એ વધુ ભયા- . .ક દેખાતી હતી. મને થયું, 'શું મારા પિતાશ્રી આ ભીંતો પાછળ પૂરાએલા રહેલા? રામદાસકાકા, રેવાશંકર અને બીજાઓએ છ છ દહાડાના ઉપવાસ કર્યાં ને રેવાશંકરને ત્યાં ને ત્યાં કબર ભેગો કરી દેવાની ધમકી અપાઇ ત્યારે એમને આ ભીંત કૂદી જઇ બહાર આવવાનું મન નહિ થયું હોય? આમ વિચારતો ફાટક સામે જોતો બીજાઓની સાથે હું ઊભો રહ્યો.

સૂરજ ઝપાટાબંધ ઉપર ચઢતો જતો હતો. ફાટકની સામે ખુલ્લી સડક પર છૂટાંછવાયાં ટોળાં ટહેલી રહ્યાં હતાં. સડકની પાર રેલપાટાની આ તરફના ટીંબાઓ ઉપર માણસની ભીડ જામી હતી અને હમણાં જ ફાટક ઊઘડશે ને રૂસ્તમજી શેઠ આવશે એ આશાએ લોકો ફાટક તરફ ટાંપી રહ્યા હતા. પણ ફાટક તો મૂઢની જેમ બંધ જ પડી હતી. બેએક રખેવાળ પાસે ઊભાઊભા એની જડતામાં વધારો કરતા હતા. પા-અર્ધે કલાકે જ્યારે ફાટક ઊઘડતી ત્યારે તો સેંકડો માણસો ઊભા થઈ આતુર બની જતાં હતાં, પણ ફાટ્યાંતૂટ્યાં કપડાં પહેરેલા એકાદ હબસીને પોતાની કેદ પૂરી કરી આવતો જોઈ નિરાશ થઈ બેસી જતાં હતાં. આમ બબ્બે પાંચપાંચ કેદીઓની કેટલી યે ટોળીઓ એ દરવાજેથી બહાર આવી, પણ અમારા મંડળના વાવડ ન મળ્યા. છૂટનારા હબસી કેદીઓના ઉદાસ ચહેરા હજી મને ભૂલાયા નથી. પોતે ક્યાંક ખોવાઇ ગયા હોય એવા કઢંગ ભર્યા તે દેખાતા હતા.

હબસી કેદીઓ છૂટતી વખતે ક્ષણવાર ફાટક ઉઘાડી રહેતી ત્યારે અંદર જેટલે દૂર પહોંચે એટલે દૂર નજર દોડાવવાનું અમે ન ચૂકતા. દરવાજાની મેડી પર બારીના સળિયા ઘસતા કેદીઓને પણ અમે જોયા, પણ જેમને જોવા ને લેવા આવ્યા હતા એમની ઝાંખી ન થઈ.

બે'ક વાર વચ્ચે ઉચક જીવે પાણી પણ પી આવ્યા. અને પછી એ અળખામણી ફાટક જોતાં થાકી આસપાસના લોકોનું નિરીક્ષણ કરવા તરફ મારૂં ધ્યાન ગયું. એક જેન્ટલમૅન અમારી ડાબી બાજુએ ઊભાઊભા બહુ સ્ફૂર્તિ અને અમારાથી વધુ આતુરતા દાખવી રહ્યા હતા. ઝીણી કાળી ચોકડીવાળો અક્કડ સૂટ એના પાતળા લાંબા શરીરને વધુ અક્કડ બનાવતો હતો. એની ચામડીનો રંગ અબનુસને મળતો હતો, પણ એ બધો ઠાઠ એનાં ચશ્માં આગળ સાવ ચડી જતો હતો! દાંડી વિનાનાં એનાં ચશ્માં આંખ વચ્ચે નાકની બેસ-ણીમાં અદ્ધર લટકી રહ્યાં હતાં! એ મારે મન મોટી નવાઇ હતી. એ ભાઈ બીજા સાથે લટકાથી વાત કરવા જાય ને ચશ્માં પડી જાય! ચશ્માને છેડે બાંધેલા કાળા દોરાને આધારે એ લટકી પડે ને ફરી તે હાથમાં લઇ નાકે ચડાવે. એવામાં લોકોમાં ખળભળાટ મચ્યો ને 'આવે છે આવે છે'ના શબ્દો કાનોકાન ફરી વળ્યા. આખરે આશરે ત્રણ કલાકે એ અળખામણું ફાટક ઊઘડ્યું અને અમારા ફીનિક્સ-વાસી કેદીઓ બહાર આવતા દેખાયા.

એ બધાંને કેદીના વેષમાં બહાર આવતા જોવાની મને આશા હતી, પણ સૌ તો પોતે જે વેષ પહેરી ફીનિક્સ સ્ટેશનેથી વિદાય થયા હતા એ અસલ વેષમાં ટાપટીપ્લનમાં સજ્જ થઈ બહાર આવ્યા.

સૌને મોખરે મારા પિતાશ્રી હતા. એમની પાછળ રાવજીભાઇ મગનભાઇ અને પછી એકમેકથી નાના એ ક્રમે બધા બહાર આવ્યા. સૌની પાછળ સૌના રખેવાળ અને ડરબનના હિંદીઓના માનીતા રૂસ્તમજી શેઠ નીકળ્યા. 'વંદેમાતરમ્' અને 'હિપ, હિપ હુર્રરે'ના પોકારોથી ગગન ગાજી રહ્યું. દૂરદૂરનાં છૂટાંછવાયાં ટોળાં ભેળાં થઇને માનવમેદનીનો પ્રવાહ ચાલ્યો. એ ભીડમાં મારા પિતાશ્રીને માંડ-માંડ હું પગે લાગી શક્યો. એમનો એવો હસતો ને પ્રસન્ન ચહેરો એ પહેલાં મેં કદી જોએલો જ નહિ એમ કહું તો ચાલે. રાવજીભાઇ, રામદાસકાકા, રેવાશંકર વગેરેને જોઈ લેવાનો ને 'કેમ છે, કેમ છે' એમ એકબીજાને પૂછવા જેટલો જ મળ્યો. વિનોદપ્રિય મિ. સૅમને બધામાં સૌથી વધુ દૂબળું પાતળું શરીર લઇને આવેલા જોઈ મને નવાઈ લાગી. પણ હું એ બધાના ચહેરા જોઉં ન જોઉં ત્યાં તો માણસોની આખી ભીડ સ્ટેશને જવા ઊપડી. માણસોના એ પૂરમાં પોતાની નાની જાતને સંભાળવી મને અઘરી પડી. એ તાણની અંદર ધુમરીઓ ન ખાવી પડે એટલે ભીડની બહાર નીકળી રસ્તાને સાવ કિનારે અમે ચાલવા લાગ્યા. સ્ટેશને પહોંચવાની બધાને ઉતાવળ હતી, કારણ મૅરિત્સબર્ગની ગાડી આવવાની હતી તેમાં પૂજ્ય કસ્તુર-બા, અને મારી બા વગેરે મૅરિત્સબર્ગ જેલમાંથી છૂટીને આવવાનાં હતાં. બાપુજી ને કૅલનબૅક સાહેબ તેમને લેવા મૅરિત્સબર્ગ ગયા હતા.

અમે સ્ટેશને પહોંચ્યા, પણ પ્લૅટફૉર્મ પર ન પહોંચી શક્યા. ત્યાં તો માનવસાગર ઊછળી રહ્યો હતો. ક્યાં યે ધરતી નજરે પડતી ન હતી. આઘેથી જ અમે બાપુજી તથા કૅલનબૅક સાહેબ સાથે કસ્તુરબા, મારી બા, મારાં કાકી અને જયાકુંવરબેનને જોયાં. ઘડીભર તો અમે પૂ. કસ્તુરબા સામે જોઈ જ રહ્યા. એમના પોષાક પરથી જ તેઓ ઓળખાતાં હતાં; ચહેરો તો સાવ સુકાઇને બદલાઇ ગયો હતો. ગોળ ચળકતો ચહેરો લાંબો ને કરચલીભર્યો થઈ ગયો હતો; ગાલ સાવ બેસી ગયા હતા. બાપુજીનું દૂબળાપણું જોઇ અચંબો થયો હતો, પણ બાનું હાડપિંજર જોઇને તો દરેકના મુખમાંથી ધીમી અરેરાટી સરી પડતી હતી. દેવદાસકાકાની તો આંખ ભીની થયાનું મને યાદ છે.

પણ લોકોના વધાવવા આડે ઊભવા ને જોવાનો વખત ન હતો. હું ભૂલતો ન હોઉં તો લોકોએ બા-બાપુ વગેરેને ખુલ્લી વિક્ટોરિયા ઘોડાગાડીમાં બેસાડ્યા ને ઘોડા છોડી લઈ માણસ વડે સરઘસ કાઢવાની ધમાલ કરી. પણ બાપુજીએ રોક્યા ને ધીમેધીમે સરઘસ

રુસ્તમજી શેઠને ઘેર જવા ઊપડ્યું.

હું ને દેવદાસકાકા સરઘસ સાથે ડરબનના ધોરી રસ્તાઓ પર ચક્રાવા ખાવાનું છોડી સીધા રુસ્તમજી શેઠને ઘેર પહોંચ્યા અને પાણી પી તાજા થઈ સરઘસના સ્વાગત માટે તૈયાર થઈ ઊભા.

સાંજ પડતાં સુધી રુસ્તમજીકાકાને ત્યાં ધમાલ ચાલતી રહી. વ્યાખ્યાનો થયાં, જલપાન ચાલ્યું ને બારે મેળો ભરાયો હોય એવો આનંદ રેલાઈ રહ્યો. પણ એ આનંદમાં યે ઉદ્વેગ રહ્યો હતો. 'પાછા જલદી જેલ જવું છે.' 'સ્મટ્સના અપમાનભર્યા કમિશનનો સચોટ બહિષ્કાર કરવો છે' ઈત્યાદિ મુદ્દાની ચર્ચા પ્રસરી રહી હતી.

જેલના સાથીઓ ડરબન શહેરના પોતાના અનેક વેપારી મિત્રોને ત્યાં મળવા-ભેટવા ગયા તેમની સાથે દેવદાસકાકા ભેગો હું યે દિવસ આખો રખડતો રહ્યો. જેલમાં ન જવા છતાં જેલવાસી ભેગું અમે યે મોં મીઠું કર્યું. પણ મને વધુ સ્વાદ તો એ લોકોને મળતો આદર જોવામાં આવતો હતો. જેલ જઈ આવેલા, એટલે એ દિવસે એમની હાલચાલ, હળમળ, વાતચીત, બધાંમાંથી જાણે ડહાપણ જ ડહાપણ નીતરી રહ્યું હતુ. એ ઝીલી લેવામાં મારૂં બધું ધ્યાન પરોવાયું હતું. પ્રશ્નો પૂછવાની મારે જરૂર ન પડતી; બીજાઓ પૂછતા તે હું કાન ભરીભરીને સાંભળી લેતો.

સાંજે ફીનિક્સ પહોંચ્યા. બધા એટલા થાક્યા હતા કે સ્ટેશને-થી ઘર પર ભેગા થઈ વહેલા પથારીમાં પડ્યા. વાતચીત માટે તો અનેક દિવસો મળવાના હતા.

હવે મને રજાઓ પડી. મારી બા આવ્યાં. કાકી આવ્યાં, એટલે ઘર વાળવું, બધાં ભાંડરૂના કપડાં ધોવાં-સુકવવાં-સાચવવાં, પથારી ઉપાડવી, પાથરવું, રસોડું સાફ કરવું, એ બધાં કામમાંથી છુટ્ટી મળી. દેવદાસકાકાને માથે છાપખાનાનું કામ હતું. પણ એમાં તો જેલમાંથી તાજા આવેલાઓ તથા ફરીથી જેલમાં જવાની તૈયારી કરનારાઓ કામે ન વળગી શકે, એટલે દેવદાસકાકાને છુટ્ટી ન હતી.

જેલમાંથી છૂટી આવેલા મિત્રોને સાતઆઠ દિવસનો વિસામો લેવા ઉપરાંત બને એટલા સ્વાદ કરી લેવાની ઉતાવળ હતી. પહેલાં તેઓ બગીચાઓનો ખૂણેખૂણો ખોળી વળ્યા. જે ફળ હાથ લાગ્યું તેનો સ્વાદ લીધો. મોઢા મસાલાની બંધી રસોડામાં પણ રાખવામાં ન આવી અને મસાલેદાર શાક, ફરસાણ, મિષ્ટાન્ન જે કંઇ થઇ શક્યું તે નિતનવું જેલવાસીઓને મળ્યું. પોતાની અબળખા પૂરી કરીને ફરી છ મહિના લગી કોરૂં દુર્જર ભોજન અને પાંજરાનાં પંખીનું જીવન તાજી હોંશથી વધાવી લેવા તેઓ તૈયારી કરવા લાગ્યા.

આમ અમારા વિદ્યાર્થી સાથીઓ ફરી સત્યાગ્રહ માટે કમર કસી રહ્યા હતા ત્યાં સમાચાર ફરી વળ્યા કે રેલવે હડતાલિયાઓએ બાપુજીને કહેણ મોકલ્યું છે કે 'તમે પણ અમને સાથ આપો તમે લોકો પરદેશમાં સત્યાગ્રહ આદરશો, ગિરમિટિયાઓની હડતાલ અને મોટી કૂચ કરશો ને અમે પણ રેલ હડતાલનું જોર બાંધીશું એટલે દક્ષિણ આફ્રિકાની સરકારને ગોઠણભેર થયા વિના છૂટકો નહિ થાય. ઇત્યાદિ'. આ સમાચારથી અમે બહુ ઉત્સાહમાં આવી ગયા અને અટકળો બાંધવા માંડી કે અમારી ફીનિક્સની ટોળીને હવે ફરીથી છ માસની કેદ મળશે એ પૂરી થયા પહેલાં જ આપણી જીત થવાની.

વિદ્યાર્થીઓ અને જુવાનિયાઓની જેમ મારી બા વગેરે પણ ફરી સત્યાગ્રહમાં ઝુકાવવાને તૈયારી કરી રહ્યાં હતાં. ડરબનની જેલ-કોટડીમાંથી છૂટા આવેલા પિતાશ્રીના અને ડરબન સ્ટેશન પર છૂટી-આવેલાં માતુશ્રીનાં દર્શન અને દંડવત કરી લીધા બાદ હું તો કામ-માંથી છુટ્ટી મળવાને લીધે મારા બાળ ગોઠિયાઓમાં એટલો બધો ઓતપ્રોત થઇ ગયો હતો કે 'આઠ દસ દિવસમાં જ તેઓ પાછાં જેલ જવાનાં છે, ને ફરી કોણ જાણે ક્યારે એમનાં ચરણોમાં બેસવાનો વખત મળશે, માટે લાવ એમની પાસે જઇને બેસું' એવી કશી બુદ્ધિ મને સૂઝી જ નહિ. સવારથી સાંજ ગોઠિયાઓ વચ્ચે જ મારી વીતતી.

પણ જવાનો દિવસ નજીક આવ્યો ત્યારે એક બપોરે મારી બાએ મને બોલાવીને પાસે બેસાડ્યો. પોતાની પાછળ નાના ભાઇ કૃષ્ણની કેવી સંભાળ રાખવી એ પૂછ્યું. બીજા યે પ્રશ્નો કર્યા. બધી વાત તો યાદ નથી. કલાક દોઢ કલાક એમની પાસે બેઠો હોઇશ. એ શિખામણ અક્ષરશઃ તો યાદ ન રહી શકે, છતાં એનો જે ભાવ મનમાં રહી ગયો છે તેની ટૂંકી નોંધ અનુચિત નહિ ગણાય.

'બારે બુદ્ધિ, સોળે સાન, ને વીસે વાન. જો, હવે બેચાર દિવસમાં તને બારમું વરસ બેસશે. હવે તને બુદ્ધિ ન આવે તો તારી કોડીની યે કિંમત નહિ રહે. પછી તો ચકોપની પેઠે પેટ ભરી ખાવું રહે. (ચકોપ અમારા ઘરનું પાણી અને બગીચાની ખોદાઈનું કામ કરતો ને સાવ મૂઢ દેખાતો.) જેનામાં અક્કલનો છાંટો ય ન બળ્યો હોય તેનું શરીર વધ્યે જાય એ શા કામનું? એવો માણસ કોઇના ખપનો ન રહે. આપણે તો એવા થવું જોઇએ કે જે મળે તે કહે 'આવ ભાઇ, બેસ'. જો, દેવદાસકાકા કેવા ચકોર છે! એને બાર વરસ પૂરાં થયાં પહેલાં અક્કલ આવી ગઈ છે. બધાં એને કેવા આદરથી બોલાવે છે ને વખાણ કરે છે! મગનકાકા પણ એની સમજણ ને ચતુરાઇનાં વખાણ કરે છે. તારે પણ સમજતાં, ને ચતુરાઇથી વાતચીત કરતાં શીખવું જોઇએ.

'સોળે સાન' એમાં 'સાન' એટલે ઇશારો. બધી વાત ઇશારામાં સમજી લેવી જોઇએ. પછી એને ધમકાવીને કહેવાનું ન હોય. અને 'વીસે વાન' એટલે વીસ વરસમાં શરીર જેવું બંધાયું તેવું બંધાયું. વીસ વર્ષે છોકરો મોટા મરદ જેવો લાગે, એને મૂછો ઊગે. જો વીસમે વર્ષે યે એ ટાચુકડા શરીરનો, સોળ વર્ષે સાન વિહોણો ને બાર વર્ષે બુદ્ધિ વિનાનો રહે તો જનમભર ટપલા ખાવાનું એના નસીબમાં રહે.'

સૂત્રની આ ચર્ચા સિવાય બીજી ઘણી યે વાતો થઈ. આ પછી મગનકાકા કેટલી વાર વઢ્યા હતા, કેટલી વાર ને શું કામ રોયો હતો વગેરે પૂછી પોતાના તરફથી અભય રહેવા કહ્યું: 'હવે તને મારો ડર લાગવો જોઇએ. હું તને પહેલાં ચીંટિયા ભરતી, પણ હવે તું મોટો થયો. તું બધું સમજી શકે, સારી રીતે વર્તે તો અમ રે શા સારૂ વઢવું પડે?'

છેવટે બોલ્યાં: 'આ જાનેવારીની પહેલી તારીખે દસ હજાર મા-ણસોની ટુકડી ટ્રાંસવાલ કૂચ કરવાની છે. અમારે બધાંને પણ એમાં જ જવાનું છે. એટલે એટલા દિવસ તો હું અહીં તમારી સાથે છું. પણ પછી કંઈ પાછા ત્રણ મહિને તમારૂં મોઢું જોવા આવી શકાવાનું નથી. એટલે બધે દૂર ટ્રાંસવાલની જેલમાં જઇએ તો વરસે દહાડે મળાય તો યે ઘણું. તું તો હવે મોટો થઈ ગયો છે, પણ કૃષ્ણને તારે મારી ઊણપ જણાવા ન દેવી જોઇએ. જોકે મગનકાકા છે ત્યાં સુધી તો તમે બે ય મજામાં જ રહેવાના.'

આમ મારી બાએ મને હૈયું ભરીભરી અમૃત પાયું જે આખી જિંદગી કામ આવ્યું. પૂરે પચાવી શક્યો હોત તો ઘણો આગળ વધ્યો હોત; પણ બાને પોતાના વર્તનથી ત્રાસ ન ઉપજે એની ચીવટ તો સદા મનમાં રહ્યા કરી અને અનેક ઝંઝાવાતમાંથી માર્ગ કાપી શક્યો.

પણ તે દિવસની આ આખી યે શિખામણ કરતાં મને એમાંથી વધારે આનંદની વાત તો એ લાગી કે ચાર્લ્સટાઉનથી પણ બમણી કૂચ બાપુજી કરવાના છે. 'દસ હજારની કૂચ થશે' એ મારી બા પાસેથી જાણ્યું એટલે હું ઊછળતો કૂદતો મારા ગોઠિયાઓ પાસે દોડી ગયો.

(ચાલુ)

પ્રભુદાસ છગનલાલ ગાંધી

સંસારનાં શહેરો

૩૩-અલ કાહિરા—કાઇરો—કેરો

મધ્યયુગી ખલીફાઓનું નિવાસસ્થાન, અરબ અને ઈસ્લામી સંસ્કૃતિ તથા કલાનું કેન્દ્ર અને સંગ્રહસ્થાન, ઉત્તર-પૂર્વ આફ્રિકાના વેપારનું મુખ્ય મથક, અને સમસ્ત આફ્રિકાનાં શહેરોમાં વધુમાં વધુ વસતિ ધરાવતું, આધુનિક મિસરની રાજધાનીનું આ નગર નાઈલ નદીના પૂર્વ કિનારે, તેના મુખ આગળના ફળદ્રુપ પ્રદેશમાં પાંચ માઈલ લંબાઇમાં પથરાએલું છે. અરધું નાઈલની ગોદના સપાટ પ્રદેશ પર અને અરધું મોકાત્તામની ટેકરીઓના ઢોળાવ પર વસેલું એ શહેર વિહંગદૃષ્ટિએ અત્યંત મનોહર છે. મોકાત્તામની ધારની છેલ્લી ટેકરી પર બાંધેલા સિટાડેલ (ગઢ) પરથી દૃષ્ટિપાત કરતાં નીચે પથરાએલા શહેરના પુરાણા કિલ્લાની દીવાલો, તેના વચ્ચેથી ડોકાતા ઊંચા મિનારાવાળી અને અદ્‌ભુત શિલ્પની કારીગરીથી ભરેલી મસ્જિદો, મહાલયો બગીચાઓ અને નગરચોક, નાનાનાના બેટોની ભરતગૂંથણીવાળી ધીરગંભીર વહેતી નાઇલ નદી ને હરિયાળીભર્યા તેની ખીણના પટ, એ બધાંનું દૃશ્ય હૃદયંગમ લાગે છે, અને દક્ષિણ ક્ષિતિજે ડોકાતા પિરામિડો તથા પૂર્વ તરફનાં રેતીનાં વેરાનો વચ્ચેથી ડોકાતી ડુંગરધારોમાં એ જડાઈ રહે છે.

આજનું કેરો એ તો મિસરમાં ઈસ્લામી અમલની ચોથી વાર વસેલી રાજધાની છે. અરબોએ મિસર જીત્યું તે પહેલાં એ પ્રદેશ બધો વેરાન હતો. નાઈલને સામે તીર બાર માઇલે ઇજિપ્તની પ્રાચીન પાટનગરી મેમ્ફિસ, અને ઈશાનમાં પાંચેક માઇલે હેલિયો પોલિસનાં પુરાણાં ખંડિયેરો ઉપરાંત કોઈ પ્રાચીન વસાહત આસ્થળે હોય તો તે બાબીલોનની. ઇ. સ. પૂર્વે ૫૨૫માં એ નામના પ્રાચીન નગરમાંથી નીકળી આવેલા વસાહતીઓએ તે વસાવેલી. ત્યારબાદ રોમનોએ એ બાબિલોનને કિલ્લેબંદી કરી ત્યાં લશ્કરી થાણું નાખ્યું; પણ તેમની પાસેથી ખલીફા ઉમરના સરદાર અમ્રે મિસર પર હલ્લો કરી ઈ. ૬૪૧માં તે જીતી તારાજ કર્યું અને તેને પડખે આજના કેરોનું પહેલું ઇસ્લામી સ્વરૂપ સ્થાપ્યું.

એ ઉમય્યાદ વંશનો અસ્ત થતાં અબ્બાસીદોના સરદાર સુલેમાને તે વંશના ખલીફા માટે એ જીતી ઈ. ૭૫૦માં તેની આજુબાજુમાં બીજું નગર વસાવ્યું જેનું સ્થાન આજ તદ્દન વેરાન છે. ત્રીજું નગર અલ-કતાઇ નામથી ઈ. ૮૭૩માં અહમદ ઈબ્ન તુલુને વસાવ્યું જેના અવશેષ રૂપ એ તુલુનનો સુંદર રોજો તથા થોડાં મકાનો આજ મોજૂદ છે.


ત્યારપછી ફાતીમી ખલીફ અલ-મોઇઝની વતી ઈ. ૯૬૮માં જોહર (ગોહર) અલ-કાઇદે મિસર જીતીને તેના વિજયના સ્મરણમાં નવી રાજધાની અલ-કાહિરા (વિજયનગર) તરીકે સ્થાપી તે આજના 'કેરો'નો અવતાર. ઇ. ૧૧૭૬માં ક્રુઝેડરોએ તેના પર નિષ્ફળ હુમલો કર્યો; એટલે પછી તરત સલાદીને ત્યાં ધારની છેલ્લી ટેકરી પર મજબૂત કિલ્લો બાંધીને શહેરને ચોમેર ગઢ વડે રક્ષી લીધું. મામેલુક સુલતાનોના અમલ નીચે તે ઠીક ફૂલ્યુંફાલ્યું, પણ તેમની પાસેથી ૧૫૧૭માં તુર્કોએ તે જીતી લીધું ને તેની પડતી થની ચાલી. ત્યારબાદ ઈ. ૧૭૯૮માં ફ્રેન્ચોએ તે જીત્યું. પણ ૧૮૦૧માં ફરી અંગ્રેજોની મદદથી તુર્કોએ તેનો કબજો લીધો. તુર્કી વાઈસરૉય મુહમ્મદઅલીએ ઇ. ૧૮૧૧માં મામેલુકોની કારમી કતલ કરી તુર્કોનો સંપૂર્ણ અમલ ત્યાં બેસાડયો અને એ શહેર ફરી પાંગરવા માંડયું. પણ ઈ. ૧૮૮૨ સુધીમાં બ્રિટિશ મુત્સદ્દીગીરીથી ધીમેધીમે તે ઇંગ્લંડની સાથોસાથ તેમને હાથ ગયું. ત્યાર પછી મિસર બ્રિટિશોના મિત્ર તરીકે હમણાં સ્વતંત્ર રાજ્ય થયું.

૧૯મી સદીની શરૂમાં માત્ર બે લાખની વસતિ ધરાવતું આ શહેર છેલ્લી (૧૯૨૧ની) ગણત્રીમાં લગભગ અગિયાર લાખની વસતિએ પહોંચ્યું હતું, જેમાં વિવિધ વર્ણ, ભાષા, પહેરવેશ, સંસ્કૃતિ, આચારવિચાર અને ધર્મ ધરાવતી અનેકવિધ જાતિઓનું ભાતીગળ મિશ્રણ થએલું છે. વર્ણ પ્રમાણે શહેરના મુખ્ય ત્રણ ભાગ છે. પુરાણા શહેરના ભાગમાં મૂળ તુર્ક વતનીઓ ને અરબો ઉપરાંત ગરીબ ખ્રિસ્તિઓ અને યહૂદીઓ પણ વસે છે. ત્યાં સાંકડા રસ્તા, ગીચતાથી વસેલાં મકાનો ને ભરચક ઠઠવાળી બજારો છે. પણ એ તરફનાં વિશિષ્ટ સારાસૅનિક કારીગરીવાળાં મકાનો ઘણાં સુંદર છે. અહીંના મૂળવતની ફેલ્લાહીનો કહેવાય છે. તેમનામાં અરબ લોહીનું મિશ્રણ વધુ છે ને બુદ્ધિશક્તિમાં તેજ હોવાથી વેપાર રોજગાર તેમજ હુન્નરકારીગરીમાં તેઓ આગળપડતા છે. સમાજનો ઉચ્ચ વર્ગ તુર્કો અને અર્ધતુર્કોનો છે. આ સિવાય શુદ્ધ અરબો, સીરીઅનો, આર્મીનિયનનો ને વેતરાં-મજૂરી કરતા હબસીઓ પણ અહીં છે. પરદેશીઓમાં ગ્રીકો, ઈટાલિયનો, અંગ્રેજો, ફ્રેન્ચો અને યહૂદીઓ પણ પુષ્કળ છે.

કોઇકે તો એના માટે લખ્યું છે કે કાઇરો નથી જોયું એણે દુનિયા નથી જોઈ. એની સુનેરી જમીન, એની અજાયબ નાઈલ, એનાં પ્રાસાદસમાં ઘરો, ફુમાસભરી હવા—એશિયાની સોડમને પણ આંટી દે એવી ખુશબૂથી ભરપૂર કાઇરોને દુનિયાની માતાને સ્થાને મૂકી શકાય.

જોવાલાયક સ્થળો તો કેરોમાં પારાવાર છે. એની ૨૫૦ ઉપરાંત નાનીમોટી મસ્જિદોમાં ખાસ ધ્યાન ખેંચતી ૧૦મી સદીમાં બંધાએલી અને યુનિવર્સિટી તરીકે કામ કરતી અલ-અઝહરની મસ્જિદ છે. મુસ્લિમ ધર્મસંસ્કૃતિના એ મહાવિદ્યાલયમાં દુનિયાભરના ઇસ્લામધર્મના ૧૨,૦૦૦થી વધારે વિદ્યાર્થીઓ

(અનુસંધાન પૃષ્ઠ ૨૧૨મે)



કાઇરોનું દિલચસ્પ વિહંગદૃશ્ય

પંચતંત્રની વાર્તાઓ

મેઘવર્ણે ફરીને વડ ઉપર સિંહાસનસ્થ થઈને સભા કરી, તથા સ્થિરજીવીને પૂછ્યું. 'શત્રુ વચ્ચે તું રહ્યો તે તને બહુ વસમું લાગ્યું હશે.' સ્થિરજીવી કહે, 'સાચું, શત્રુનો સહવાસ અસિધારાવ્રત જેવો છે. પણ કહ્યું છે:

શત્રુને વહતો ખાંધે સમો વર્તો સુબુદ્ધિમાન્ ।
કાળા નાગે જુઓ ભાઈ દેડકા બહુ મારિયા ॥

મેઘવર્ણ કહે, 'એ કેમ?' સ્થિરજીવી કહે:

કથા ૧૩

મન્દવિષ નામે એક બુઢ્ઢો કૃષ્ણસર્પ હતો. આમ ખાવાનું એને મળતું નહિ, એટલે બહુ દેડકાવાળા તળાવને કાંઠે જઈ અણમણો થઈને એ બેઠો. એને ઉદાસ જોઈને એક દેડકો બોલ્યો, 'મામા, આજ પહેલાં પ્રમાણે આહાર સારૂ કેમ વિહાર કરતા નથી?' સર્પ કહે, 'મને ખાવા ઉપર રુચિ રહી નથી, કારણ કાલ રાતે હું એક દેડકાને પકડવા ગયો તે સ્વાધ્યાય કરતા બ્રાહ્મણોની વચ્ચે ફરી પડ્યો, પણ ક્યાં ગયો તે મારા ધ્યાનમાં ન રહ્યું, ને મેં ઝપટ મારી તથા એક બ્રાહ્મણપુત્રને અંગૂઠે ડંખ્યો. ડંખ્યા ભેળો એ મરી ગયો, એટલે એના શોકાકુલ બાપે મને શાપ દીધો: "દુરાત્મન્, મારા અનપરાધી દીકરાને તું કરડ્યો, એટલે જા, તું દેડકાઓનું વાહન થા, ને એનું દીધું ખા." એટલે હું તમારૂં વાહન બનવા આવ્યો છું.' દેડકે જઈને દેડકાના રાજા જલપાદને વાત કરી. જલપાદ આવીને સર્પની પીઠે ચડ્યો ને સર્પે એને આમતેમ ફેરવીને પ્રસન્ન કર્યો. એક દિવસ મંદવિષ ઢોંગ કરીને ધીમેધીમે ચાલ્યો. જલપાદે પૂછ્યું, 'આજ તારી ગતિ કેમ મંદ છે?' સર્પ કહે, 'આહારવિરહથી હું દુબળો થયો છું.' વાહનપ્રિય જલપાદ કહે, 'તો મારી આજ્ઞાથી નાના દેડકાઓને ખા.' હવે સર્પ દેડકાઓને ખાવા મંડ્યો, ને થોડા દિવસમાં દેડકામાત્રનો ઘાણ કાઢી નાખ્યો, જેથી એનું બીજમાત્ર પણ રહ્યું નહિ.

એટલે કહું છું, 'શત્રુને વહતો ખાંધે' ઇતિ. હે રાજન્, જેમ મંદવિષે મંડૂકોને માર્યાં એમ મેં વેરીને હણ્યા. વનમાં અગ્નિ પ્રકટે છે તે ઝાડને બાળે છે, તો ય મૂળિયાં એનાથી બચી જાય છે, પણ મૃદુશીતલ જલપ્રવાહ મૂળિયાં સોત ઉખેડી નાખે છે. કહ્યું છે કે

ઋણ અગ્નિ અરિ વ્યાધિ નિઃશેષ કરતો સુધી।

રાજ્ય આમ નિષ્કંટક થયું છે, અને પ્રજાપાલનમાં તત્પર થઈને પુત્રપૌત્રાદિક્રમે ચિરકાળ ભોગવ.'

ઇતિ કાકોલૂકીય નામે ત્રીજું તન્ત્ર સમાપ્ત.

(ચાલુ)

દેસાઈ વાલજી ગોવિન્દજી



દેડકાનો રાજા જલપાદ સર્પની પીઠે ચડ્યો અને સર્પે એને આમતેમ ફેરવીને પ્રસન્ન કર્યો.



(ગંતૂષા)

મધુકરી

સિદ્ધિ તણું પૂર્ણવિરામ દૂર હો;
મહાગગનોની નિતયૌવના લીલા,
ગને ગમે અમૃતપાન તેનાં:
એ ઘૂંટઘૂંટ પીઉં હું થઉં મૉજમસ્ત,
ઝુલાવતો હું પૃથ્વી સમસ્ત,
ડોલું નહીં, ડોલાવતો સદા રહું
બ્રહ્માંડ કેરાં દૂરનાં સિંહાસનો.

—મોહિનીચન્દ્ર

સ્વ. મણિલાલ ઈચ્છારામ દેસાઈ

ગુજરાતના પત્રકારત્વમાં આજ ત્રેસઠ વર્ષથી પોતાની સેવા આપી રહેલા મુંબઈના જાણીતા સાપ્તાહિક 'ગુજરાતી'ના ભૂતપૂર્વ તંત્રી શ્રી મણિલાલ ઈચ્છારામ દેસાઈનું ગયા માસ (જૂન)ની ૧૧મી તારીખે પક્ષાઘાતને પરિણામે અવસાન થયું. ગુજરાતના વિચારપ્રવાહ ને સંસ્કારઘડતરમાં અગત્યનો જે ફાળો એ પત્રે પૂર્યો એમાં સત્તર વર્ષની સંગીન કારકીર્દિનો સ્વ. મણિલાલનો ફાળો ગુજરાતના પત્રકારત્વના ઇતિહાસમાં એમના નામનો અમર આંક મૂકી જાય એવો છે. રાજકારણ, સમાજ અને અલંકારણ ઉપરના નિશ્ચિત ને નીડર વિચારસરણી ધરાવતા એમના અગ્રલેખો, દેશના જીવનનાં વિવિધ અંગો પર દૃષ્ટિપાત કરીને તેનું સાચું સ્વરૂપ રજૂ કરતી, વિગતો તથા મુદ્દાઓથી ઠાંસીઠાંસીને ભરેલી 'સિંહાવલોકન'ની એમની લોકપ્રિય નર્માત્મક કંડિકાઓ, ક્વચિત ક્વચિત પ્રકાશી ગએલાં ચોટદાર ને તત્ત્વગ્રાહી ગ્રંથાવલોકનો, મુદ્રણ અને બીબાં ઢાળવાની ઉદ્યોગકળામાં તલસ્પર્શી ને સ્વાનુભવનું જ્ઞાન ધરાવતી એમની કલમનાં મૂલ્યવાન લખાણો, પ્રાચીન તેમજ અર્વાચીન ઉભય કાળનાં ગુજરાતી, અંગ્રેજી તથા સંસ્કૃત સાહિત્યનું એમનું બહુશ્રુત વાચન દર્શાવતાં એમણે કરેલાં એમનાં પિતાશ્રીનાં પુસ્તકોનાં સંસ્કરણો અને 'ગુજરાતી' પત્રના 'દીવાળીના અંક' જેવાં અનેક અંગો ખીલવવામાં રહેલી એમની દૃષ્ટિ—એ સૌ, આજે પણ નજર ફેરવતાં, એમની શક્તિનાં દ્યોતક સમાં ચમકી રહે છે. એમના અવસાનથી ગુજરાતે એક વિરલ વિદ્વાન તંત્રી તથા સ્વતંત્ર વિચારસરણીવાળો બુદ્ધિશાળી પત્રકાર ગુમાવ્યો છે. એમના આત્માને પરમ શાંતિ ઈચ્છી એમના જીવનની આછી રેખા 'ગુજરાતી'માંથી તારવીને આ નીચે આપીએ છીએ.

'ગુજરાતી' પત્રના મૂળ સ્થાપક અને મોટી મુશ્કેલીઓ વચ્ચેથી ઉજ્જ્વળ તથા નામનાભર્યું જીવન ઘડનાર સ્વ. ઇચ્છારામ સૂર્યરામ દેસાઈના જીવનમાં ઈ. ૧૮૮૦ના જૂન માસમાં બે પુત્રોનો જન્મ થયો: એક 'ગુજરાતી' પત્રનો અને બીજો સ્વ. મણિલાલનો. 'ગુજરાતી' પત્ર ૬ઠ્ઠી જૂનથી નીકળવા માંડ્યું હતું અને મણિલાલનો જન્મ ૨૬મી જૂન ૧૮૮૦ (સં. ૧૯૩૬ના જેઠ વદ ૪)ને દિવસે થયો હતો. પોતાને ત્યાં આ દૈહિક અને માનસિક એવા થએલા બે પુત્રોત્સવને સ્વ. ઇચ્છારામ પોતાના જીવનમાં એક શુભ શુકન માનતા.

ઈચ્છારામભાઇના સસરાને કોઇ પ્રજા નહિ હોવાથી સુરતમાં મોસાળમાં માતામહ શા. મોતીરામ લલ્લુભાઇ મપારાને ત્યાં ઈચ્છારામના બે પ્રથમ પુત્રો બાલુભાઈ ને મણિલાલ તથા એક પુત્રી હરકુંવર મોટાં થતાં હતાં. આરંભની કેળવણી મામકી શાળામાં મહેતાજીને હાથે તેમણે લીધા બાદ ઈ.સ. ૧૮૯૦-૯૧માં સ્વ. ઈચ્છારામ તેમને મુંબાઈ તેડી લાવ્યા અને એલ્ફિન્સ્ટન મિડલ સ્કુલમાં ભણવા મૂકયા, જયાંથી ૧૮૯૯માં તેઓ મૅટ્રિક્યુલેશનની પરીક્ષામાં પાસ થયા. આ વિદ્યાર્થીકાળમાં તેમના સહાધ્યાયી રા. મંગળદાસ પકવાસા (મુંબઇની ઉપલી ધારાસભાના માજી પ્રમુખ) અને વિનાયક નંદશંકર મહેતા હતા.



આ અભ્યાસકાળ દરમ્યાન સ્વ. મણિલાલને તેમના પિતાના મુદ્રણના ધંધામાં રસ પડવા લાગ્યો હતો ને સારૂં કંપોઝકામ કેમ થાય, સારા દેખાવવાળી ચોપડીઓ ગુજરાતીની પ્રેસમાંથી કેમ બહાર પડે, છાપખાનાની મુશ્કેલીઓ શી શી છે, એ સર્વેમાં માથું મારી તેઓ સમજવા લાગ્યા હતા. તે-

માં એમને એમ જણાયું હતું કે અંગ્રેજી ભાષાનાં સીસાનાં બીબાં (ટાઇપો)માં જેવી જુદીજુદી ક્રમબદ્ધ અને વિવિધતાવાળી નાની-મોટી જાતો અને સરળતા છે, તેવી હિંદની ભાષાઓમાં અને ખાસ કરીને ગુજરાતી તથા સંસ્કૃત ભાષામાં નથી. તે કેમ લાવવામાં ન આવે, તે માટે તેમણે વિચાર કરવા માંડ્યો અને તે માટે ઇંગ્લંડ અને અમેરિકાથી પુસ્તકો અને ચોપાનિયાં મંગાવી તેમણે વાંચવા માંડ્યાં તથા તેના સિદ્ધાંતો તે સમજવા લાગ્યા.

નાની ઉંમરના છતાં તેમણે કરેલો આ અભ્યાસ અને મનન એટલાં ઉત્તમ હતાં કે તેમના વિચારો સ્વ. ઈચ્છારામને ખૂબ પસંદ પડ્યા અને ૧૯૦૦ની સાલમાં 'ધી ગુજરાતી ટાઇપ ફાઉન્ડ્રી'ની સ્થાપના રા. મણિલાલને હસ્તે કરવામાં આવી. પ્રથમનાં ૩-૪ વરસોમાં જ એ નવી ફાઉન્ડ્રીએ ઘણું સારૂં કામ કરી બતાવ્યું અને જ્યાંત્યાં તેના માલનાં વખાણ થવા લાગ્યાં. આ સમયે પ્રચારકામ માટે જે નાનાં-નાનાં હસ્તપત્રો કાઢવામાં આવ્યાં હતાં તે ઉપરથી તેની ખાત્રી થાય છે. પણ આમ ધીમેધીમે સારી પ્રગતિ કરી રહેલી ફાઉન્ડ્રી નાણાંભીડને અંગે ઝડપ કરી શકતી નહોતી. તેથી ઈચ્છારામે પોતાના ભાગીદાર તરીકે પોતાના મિત્ર મગનલાલ ઠાકોરદાસ મોદી પાસેથી નાણાં ઉછીના લીધાં, અને તેમણે પોતાના ભત્રીજા રા. મણિલાલ મોદીને તેમાં પોતાના તરફથી નીમ્યા.

આ દરમ્યાન સ્વ. મણિલાલે કૉલેજના અભ્યાસનું કાર્ય ચલાવ્યું હતું; જોકે તેમાં જોઇએ તેવું લક્ષ તેઓ આપી શકતા નહોતા. ઈ.સ. ૧૯૦૫માં તેઓ મુંબાઈ વિદ્યાપીઠના સ્નાતક થયા, અને તે પછી એમ. એ.નો અભ્યાસ ચાલુ રાખ્યો, પણ તેમનું દિલ તેમાં બરાબર ચોંટતું નહિ. તેથી આખરે ઈ.સ. ૧૯૦૮માં તેઓ 'ગુજરાતી' પ્રેસમાં પિતાશ્રી સાથે ધંધામાં જોડાયા. ઇતિહાસ અને અર્થશાસ્ત્રનો તેમનો અભ્યાસ સારો હતો ને વાંચન વિશાળ હતું. તેથી પત્રકારત્વમાં જોડાવાનું તેમણે પસંદ કર્યું; પણ જો તેઓ સ્વહસ્તે સ્થાપેલા ને ખીલવેલા ટાઈપ બનાવવાના ધંધામાં જોડાયા હોત તો આજે એ દિશામાં અપૂર્વ કામગીરી કરી બતાવી હોત, અઢળક લાભ મેળવ્યો હોત અને ગુજરાતી તથા સંસ્કૃત ભાષાના અક્ષરોમાં જે વિવિધ શ્રેણીબદ્ધ ટાઈપરચના જણાતી નથી, તેમાં મોટું પરિવર્તન કરી દેખાડ્યું હોત.

ઈ. ૧૯૦૮માં સ્વ. મણિલાલ 'ગુજરાતી' પત્રમાં જોડાયા એ વખતે સ્વ. ઇચ્છારામને હસ્તકંપ અને હૃદયરોગની વેદના થવા લાગી હતી; તેથી લખવાના કામમાં તેઓ મણિલાલ, નટવરલાલ અને પ્રાણજીવન શાસ્ત્રી વગેરેની મદદ લેતા. સ્વ. મણિલાલે તે વખતે 'સિંહાવલોકન'ના મથાળા નીચે પ્રચલિત રાજકીય, આર્થિક વગેરે વિષયો ઉપર ટીકાત્મક અને વિચારાત્મક નાના નાના ફકરા રૂપ લેખો લખવા માંડ્યા હતા, જે દિવસે દિવસે લોકપ્રિય થતા હતા. ૧૯૦૯માં તેમણે પિતાશ્રીને વિનતિ કરી કે અંગ્રેજી પત્રોના ક્રિસ્ટમસ અંકોની માફક દર વરસે દિવાળીને પ્રસંગે એક સાહિત્ય વિષયક ખાસ અંક જો ગ્રાહકોને ભેટ આપવામાં આવે તો લોકપ્રિયતા વધે અને ગ્રાહકો પણ વધે. તેમની આ સૂચના કેટલાક ઉહાપોહને અંતે મંજૂર થઈ, અને ૧૯૦૯માં ગુજરાતીનો પ્રથમ દિવાળીનો ખાસ સાહિત્ય અંક પ્રકટ થયો. આજે તો લગભગ દરેક છાપું, પત્ર કે માસિક કોઈ ને કોઈ પણ રૂપમાં ખાસ અંકો આપવા લાગ્યું છે, પણ તેનો આરંભ ગુજરાતી પત્રકારત્વમાં કરવાનો મૂળ યશ 'ગુજરાતી' પત્રને જાય છે.

તેમણે ઉપાડી લીધેલા કામથી સ્વ. ઇચ્છારામ પોતાના જીવનના પાછલા કાળમાં વિશેષ કરીને નિવૃત્તિ ભોગવતા. આખરે ઈ.સ. ૧૯૧૨ના ડિસેમ્બરમાં સ્વ. ઈચ્છારામે પોતાનો દેહ સાથોસાથ સ્વ. મણિલાલભાઈના હાથમાં પડીને છોડ્યો, ત્યારે કુદરતીરીતે આખા કુટુંબનો અને ગુજરાતી પ્રેસ તથા પત્ર, કારખાનું, ટાઈપ ફાઉન્ડ્રી વગેરે ચલાવવાનો ભાર સ્વ. મણિલાલના શિરે આવી પડ્યો. આ બોજો તેમણે ઇશ્વર પર શ્રદ્ધા રાખીને ૧૨ વરસ સુધી હિંમતથી ઉપાડ્યો, અને તેમાં સારો યશ મેળવ્યો. ઈ.સ. ૧૯૧૪-૧૮ના પ્રથમ મહાયુદ્ધના સમયમાં નાણાંની પુષ્કળ મુશ્કેલીઓ વચ્ચે તેમણે 'ગુજરાતી' પ્રેસ અને પત્રનું નાવ નિર્વિઘ્ને હંકાર્યું હતું અને લોકપ્રિયતા જાળવી હતી.

૧૯૦૧માં સુરતમાં તેમના મોટાભાઈ બાલુભાઈનું મરકીની જીવલેણ બીમારીમાં મૃત્યુ થયું. તેમનાં નાનાં સગીર બાળકો માટે ૧૯૧૪માં સ્વ. મણિલાલને હાઇકોર્ટમાં પ્રોબેટ લેવા પડ્યાં હતાં, પણ ૧૯૧૯માં સુરતમાં રહેતાં સગાંઓએ કોઈ દુષ્ટ માણસોની શિખવણીથી ફોજદારી ખટલો ઊભો કર્યો તેમાં મણિલાલને અને કુટુંબીઓને ઘણા ખર્ચના ખાડામાં ઊતરવું પડ્યું અને ભત્રીજાને મોટી રોકડ રકમ આપી છૂટા કરવા માટે પ્રેસને માથે મોટું દેવું થઈ ગયું. આ દેવામાંથી મુક્ત થવાને માટે આખરે ગુજરાતી ટાઇપ ફાઉન્ડ્રીનો ભાગ તેમને બીજા ભાગીદારને વેચી નાખવો પડ્યો.

સને ૧૯૨૪માં મણિભાઈ પોતાનો ભાગ લઇને તથા 'ગુજરાતી' પત્ર લઇને પોતાના ભાઇઓ સાથેથી છૂટા પડ્યા. તેમણે પોતાની પાસેની બધી રોકડ મૂડી એક નવી ટાઈપ ફાઉન્ડ્રી-ધ બૉમ્બે લેટર ફાઉન્ડ્રી-કાઢવામાં અને તેને અદ્યતન સુધારાવાળી પદ્ધતિપર મૂકવામાં રોકી દીધી; અને સાહસ વેઠીને-દેવું પણ કરીને પુસ્તકો પ્રકટ કરવાનું શરૂ કર્યું. તેથી તેઓ નાણાંભીડમાં આવી પડ્યા, અને 'ગુજરાતી' પત્રને ગીરો મૂકવું પડ્યું. તે પછી તેમના નાના ભાઇઓ સાથે બાકી રહેલો હિસાબ કરતાં તેમને કેટલીક રકમ આપવાની નીકળી તેથી તે મુંઝાઈ ગયા, અને ગીરોમાંથી તેમજ બીજા વેપારી વગેરેનાં દેવાંમાંથી છૂટવાનો કોઈ માર્ગ દેખાયો નહિ ત્યારે આખરે નછૂટકે તેમને ઇ.સ. ૧૯૨૯માં નાદારીમાં નોંધાવવું પડ્યું.

આખરે 'ગુજરાતી' પત્ર, તેમનું પ્રેસ, ટાઈપ ફાઉન્ડ્રી વગેરે જાહેર લીલાઉથી હરરાજ થયાં. તેમાંથી 'ગુજરાતી' પત્ર તેમના નાના ભાઇઓએ બીજાની મારફતે ૧૯૩૦માં વેચાતું લીધું. સ્વ. મણિલાલે 'વીસમી સદી' સાપ્તાહિક ચલાવવા માંડ્યું, પણ તેમાં કોઈક લખાણ માટે સરકારે વાંધો લેતાં તે પત્ર બંધ પડ્યું. તે પછી તેમણે 'નવી રોશની' નામનું પત્ર કાઢ્યું, પરંતુ તે પણ થોડા સમય ચલાવીને બંધ કરવું પડ્યું. તે પછી મુંબાઈના મોટા મંદિરના મહારાજ શ્રી ગોકુલનાથજીના આશ્રયે 'વિશ્વદર્શન' પત્ર કાઢવા માંડ્યું, પણ સ્વ. મણિલાલ સ્વતંત્ર બુદ્ધિના અને સનાતન હિંદુ ધર્મના સુસ્થ હિમાયતી હોવાથી તેમનાથી સાંપ્રદાયિક વાડામાં પુરાઈ ન રહેવાયું અને કેટલીક નાણાંસંબંધી ખટપટ જામવાથી તેમને 'વિશ્વદર્શન'માંથી પણ ખસી જવું પડ્યું.

આ પ્રમાણે જીવનના મોટામોટા ઝંઝાવાતો તથા લીલીસૂકી ખમીને સ્વ. મણિલાલ કેમ જાણે થાકી ન ગયા હોય તેમ નાદુરસ્ત તબિયતને કારણે જાહેર પ્રવૃત્તિમાંથી ફારેગ થયા. ઈ.સ. ૧૯૨૯માં અમદાવાદમાં મળેલી બીજી ગુજરાતી પત્રકાર પરિષદના પ્રમુખસ્થાને તેઓ ચૂંટાયા હતા. તે વખતે તેમણે આપેલું ભાષણ પત્રકારિત્વ, તંત્રીત્વ, કારખાનું, છાપખાનું વગેરે વિષયોને ચર્ચતું વિદ્વત્તાભર્યું હતું, અને અમદાવાદની પ્રજાએ તેમનું સારું ગૌરવ-માન કર્યું હતું. આ પ્રસંગે તેમની જાહોજલાલીની ચરમ ટોચ હતી. તે પછી તેમને ઘણી આસમાનીસુલતાનીના ચક્રમાંથી પસાર થવું પડ્યું હતું. ઈ.સ. ૧૯૩૭

માં તેઓ જાહેર જીવનમાંથી લગભગ નિવૃત્ત થયા. પછી તેમણે જમણી આંખેથી મોતિયો કઢાવ્યો, પણ તેનાથી બહુ ફાયદો ન થયો. ગાઉટ, ડ્રૉપ્સી, ક્રૅમ્પ, સાયેટીકા વગેરે દર્દોએ તેમના પર વારંવાર હુમલા કરવા માંડ્યા અને ગઈ તા. ૨૬મી મેએ રસ્તામાં અકસ્માત પડી ગયા તેથી ડાબા અંગનો જે પક્ષાઘાત થઇ ગયો, તેમાંથી તેઓ ફરી પાછા સારા થયા નહિ.

સ્વ. મણિલાલને પોતાના જીવનમાં બે વાર લગ્ન કરવાનો પ્રસંગ પડ્યો હતો. પહેલી વારનાં લગ્ન હાંસોટ મુકામે થયાં હતાં. એ સૌ. મણિગૌરીથી તેમને બે પુત્રો થયા હતા, તેમાંથી નાના રા. રમણલાલ આજે મુદ્રણસામગ્રીનો વ્યાપાર કરે છે. બીજી વારનાં લગ્ન ૧૯૦૫માં થયાં હતાં. તેમનાથી તેમને બીજા પુત્ર રા. પ્રસન્નકુમાર છે.

તેમનું સાચું લખાણ તો 'ગુજરાતી' પત્રની કટારોમાં છે; પણ તે ઉપરાંત એક વાર્તા, 'ગુંબનમીમાંસા' નામનો એક શાસ્ત્રીય વિષયનો સુંદર ગ્રંથ, અગ્નિપુરાણનું ભાષાંતર, મહાભારત ભાગ ૩જાનું ભાષાંતર અને તેની વિદ્વત્તાભરી પ્રસ્તાવના તેમણે લખી છે. આખી અરેબિયન નાઇટ્સનું ફરી ભાષાંતર કરીને વિસ્તૃત પ્રસ્તાવના સહિત, છપાવી છે. અને એવું જ બીજું કર્નલ મેડોઝ ટેલરનું અમીરઅલી ઠગનું પુસ્તક 'ફાંસીગર' નામથી ઉતાર્યું છે. ઉપરાંત કામંદક નીતિસાર, શુક્રનીતિ તથા ભર્તૃહરિ શતક વગેરેનો સમુદ્ધાર કર્યો છે. ચાલુ રાજ્કીય, સામાજિક અને ધાર્મિક બનાવોની-ખાસ કરીને રાજ્કીય બનાવોની ચર્ચાસમાલોચના કરવામાં તેમની કલમ અત્યંત કાબેલ અને કુશળ હતી. કોઈ પણ વ્યક્તિ કે સંસ્થાની શરમ રાખ્યા વગર નીડરતાપૂર્વક નિષ્પક્ષપાત ટીકા કરવામાં તેઓ લગભગ અજોડ હતા. તેમના જેટલા વિદ્વાન, અનુભવી અને નીડર પત્રકારો કે તંત્રીઓ, ગુજરાતી પત્રકારત્વમાં આજે ઘણી અલ્પ સંખ્યામાં છે અને તેથી ગુજરાતી પત્રકારત્વને તેમની ખોટ ઘણા લાંબા સમય સુધી સાલશે. ('ગુજરાતી')

ચોખા

જગતની ત્રીજા ભાગની પ્રજાનો આહાર ચોખા છે. ઍટ્રોકર્કના કથન અનુસાર, માણસજાત અનાજનો ઉપયોગ કરતી થઇ ત્યારે સૌથી પહેલું ધાન્ય તેણે ચોખા ઉપયોગમાં લીધું છે. ઇતિહાસના આરંભકાળમાં આર્યોએ પોતાના પરિભ્રમણ સાથેસાથે જગતમાં આ ધાન્યને પ્રસરાવ્યું. કહેવાય છે કે પાંચ હજાર વર્ષ પૂર્વે ચીનમાં તેનો પ્રવેશ થયો. યુફ્રેટીસની હરિયાળી ખીણમાં બે હજાર વર્ષ પૂર્વે તેનું વાવેતર શરૂ થએલું. અરબ લોકોએ તેને સ્પેનમાં પ્રવેશાવ્યા. ઈટલીમાં તેનો પ્રવેશ ઈ. સ. ૧૬૪૭માં થયો કહેવાય છે. આજે તો હિન્દ, સિયામ, ચીન અને આફ્રિકાના વાસીઓમાંના કરોડોનો એ મુખ્ય આહાર છે. ભૂમધ્યના પ્રદેશોમાં તેમજ ઉષ્ણ અને અતિ ઉષ્ણ પ્રદેશોમાં પ્રધાન આહાર તરીકે એની ખેતી થાય છે. લડાયક ખમીરવાળા જપાનના લોકોનો એ પ્રધાન ખોરાક છે.

અન્ય કે દ્વિદળ ધાન્યોમાં ચોખાની વિશિષ્ટતા તેના સદ્યઃપાચ્યપણાના ગુણને આભારી છે. અવૈજ્ઞાનિક રીતિએ કરીને પોષણનું એક તત્ત્વ બાકી કર્યું ન હોય તેવા સારીરીતે રાંધેલા ચોખા એક કલાકમાં તો હજમ થઇ જાય છે, જ્યારે બીજાં ધાન્યોને પચાવતાં ત્રણથી પાંચ કલાક લાગે છે. આમ, માણસજાતનાં પાચન અવયવોને ઓછામાં ઓછો શ્રમ આપીને પોષણ આપવાનો ગુણ ચોખા ધરાવે છે; એટલે જ બિછાનાવશ દર્દીઓના ખોરાક માટે વૈદ્ય ડાકતરો દૂધભાતની ભલામણ કરતા હશે. આદ્યપોષક ગુણો યંત્રમાં છડાઇને ઊજળા દૂધ જેવા બનેલા અને ઓસાવીને ફટફટ કરી રાંધેલા ભાતમાં છે એમ રખે કોઈ માને! યંત્રમાં છડાએલા ને ઓસાવીને રાંધેલા ભાતમાં જીવ જેવું કશું પોષણ નથી રહેલું. ફાગતી ક્ષારો અને પ્રજીવકો યંત્રમાં છડાતાં અને તેના પરનું ફશકું ચાલ્યું જતાં નાશ પામ્યા હોય છે. થોડુંઘણું કાંઇ રહ્યું હોય તો તે ઓસાવીને પાણીમાં ફેંકી દેવાય છે! રહે છે માત્ર કુપથ્ય એવો સ્ટાર્ચ!

યંત્રછડ ચોખાની ફશકીમાં ૧૧ ટકા પોષક તત્ત્વો, ૭ ૨ ટકા તેલ તત્ત્વ અને ૫·૨ ટકા સેન્દ્રિય ક્ષારો તો ચાલ્યાં જાય છે. અણછડ ચોખામાં યંત્રછડ ચોખા કરતાં સરેરાશ દશગણા વધુ હાડ બાંધનાર સેન્દ્રિય ક્ષારો (orgnic salts) રહેલા હોય છે. ચોખામાં રહેલી કુદરતી સુવાસ (flavour) આ ક્ષારોને લઇને હોય છે. આ ક્ષારો પૈકીનો સિલિકન નામનો ક્ષાર તો યંત્રછડમાં સાવ નિર્મૂળ થાય છે. આ ક્ષાર સ્નાયુઓને સતેજ રાખનાર, શરીર સંવર્દ્ધનમાં મદદ કરનાર, રોગ સામે શરીરને ટકાવનાર અને આહારમાંથી સાંપડતી વિદ્યુતશક્તિને શરીરમાં જાળવી રાખનાર છે. ગંધક, લોહ, સોડિયમ, ચૂનો, મેગ્નેશિયમ અને ફૉસ્ફરસ એ ક્ષારો પણ ઘણે અંશે નાશ પામે છે. શરીરના રક્તાણુઓને ઘડનાર અને શરીરને જોઈતી ઉષ્ણતા જાળવનાર તરીકે લોહનું ભારે મહત્ત્વ છે. સોડિયમ તો બીજાં કોઈ પણ ધાન્ય કરતાં ચોખામાં વધુ પ્રમાણમાં રહેલું છે. સોડિયમનો ગુણધર્મ શરીરની દહનક્રિયામાંથી ઉત્પન્ન થતા કાર્બોનિક ઍસિડનું વારણ કરવાનો અને ઉચ્છ્વાસ વાટે શરીરમાંથી તેનો નિકાલ કરવાનો છે. લોહીની અમ્લતા—જે ઘણુંખરું રોગનું કારણ હોય છે—તેને અટકાવવાનું કામ પણ સોડિયમ કરે છે. બાકીના ક્ષારો—ચૂનો, મેગ્નેશિયમ, ફૉસ્ફરસ વગેરે પણ શરીરની રચનામાં અને સ્વાસ્થ્ય-સંચાલનમાં ઘણા અગત્યના છે. હાડકાં અને દાંતના આરોગ્ય માટે તે અનિવાર્ય છે.

આર્થિક દૃષ્ટિએ પણ ચોખાનું વાવેતર બીજાં અનાજના વાવેતર કરતાં નફાકારક છે. ચોખાના પાકને માટે જોઇતું પાણી મળી ગયા પછી બીજી કશી ચિંતા તેની રહેતી નથી. પ્રતિવર્ષ ઘઉંનું જ વાવેતર જે જમીનમાં થાય છે તે જમીન થોડાં વર્ષમાં ઊતરી જાય છે અને ઉત્તરોત્તર પાક મોળો પડતો જાય છે; જ્યારે ઓછા સાજસરંજામવાળો ખેડૂત પણ ચોખાની ખેતીમાં સારો પાક લઈ શકે છે અને જમીન તેનાથી ઊતરી જતી નથી.

પૌર્વાત્ય પ્રજામાં જે લોકો મુખ્ય આહાર તરીકે ચોખા નથી વાપરતા તે લોકો પણ પૂરક આહાર (accompaniment) તરીકે તેનો સારી પેઠે ઉપયોગ કરે છે. ભોજનમાં વિવિધતા લાવવા અને સદ્ય પોષણ સારુ તેની અનેક વાનીઓ બનાવે છે.

આમ એક રીતે કહીએ તો જગતની પ્રજાના મોટા ભાગની તો એ ખોરાકમાં અંધાલાકડી જેવો છે. —પ્રભુલાલ જ. ધોળકિયા

H_2O

પાણી બનાવી આપશો?

H_2O=પાણી, એ તો વિજ્ઞાનના સૌ વિદ્યાર્થી જાણે છે. પણ તમે પોતે પ્રયોગશાળામાં ગયા સિવાય રોજ એ H_2O બનાવો છો, અથવા બનાવી શકો.

સળગતી મીણબત્તી ઉપર કાચનો ઠંડો પ્યાલો ઊંધો વાળીને ધરો—જરાક જ વાર. પ્યાલો અંદર ઝાંખો થઈ જશે. કારણ? પાણીના ઝીણા કણ પ્યાલાની અંદરની બાજુએ જમા થઈ ગયા છે. આ પ્રમાણે જમા થએલું પાણી અગાઉ નહોતું મીણબત્તીમાં કે નહોતું હવામાં. પણ મીણબત્તીના બળવાથી ઉત્પન્ન થએલા હાઇડ્રોજન સાથે હવામાંનો ઑક્સિજન મળી ગયો અને શુદ્ધ જળ નીપજ્યું.

આ જ પ્રમાણે દરરોજ સાંજે જ્યારે ફાનસ પ્રગટવામાં આવે છે ત્યારે આરંભમાં H_2O બનીને ગોળાના કાચ પર તે ઠરેલું દેખાય છે, અને પછી ઉષ્મા વધતાં એ ઊડી જાય છે. —ગ. હ. દેસાઇ

આ મહિનો (જુલાઇ) ઇતિહાસમાં

તા. ૧ આયર કૂટે હૈદરઅલીને પોર્ટોનોવો-ના લડાઈમાં હરાવ્યો, ઇ. ૧૭૮૧.

તા. ૩ હિંદના પ્રાંતોમાં પ્રજાકીય શાસન દાખલ કરતા નવા બંધારણના વાઈસરૉયનો ખરીતો બહાર પડ્યો. ઈ. ૧૯૩૬ (જે અનુસાર ૧ એપ્રિલ ૧૯૩૭થી કૉંગ્રેસે પ્રધાનપદ લીધાં.)

તા. ૭ કલકત્તા કાઉન્સિલે મીર કાસમને કાઢી મીર જાફરને બંગાળાની ગાદીએ બેસાડ્યો. ઈ. ૧૭૬૩.

તા. ૧૨ અમેરિકાના નિસર્ગપ્રેમી ને સાધુચરિત સાહિત્યકાર હેન્રી ડેવિડ થૉરોનો માસાચુસેટ્સના કૉન્કૉર્ડ ગામે જન્મ, ઇ. ૧૮૧૭.

તા. ૧૭ આબીસીનિયાના શાહાનશાહ હેલ સીલાસીનો જન્મ, ઈ. ૧૮૯૧.

તા. ૧૯ પોતાના ધંધાની વિગતો ઉપર હૃદયસ્પર્શી અને લોકપ્રિય નવલકથાઓ લખનાર ઇંગ્લંડના અદ્યતન નવલનવેશ ડૉ. એ. જે. ક્રોનિનનો જન્મ, ઇ. ૧૮૯૬.

તા. ૨૧ સ્કૉટલંડની તળપદી ભાષાની છાંટવાળી પ્રતિભાશાળી કવિતાઓ વડે અંગ્રેજી સાહિત્યને અંકિત કરનાર સ્કૉટિશ કવિ રૉબર્ટ બર્ન્સનું અવસાન, ઈ. ૧૭૯૬.

તા. ૨૬ કૅપ્ટન વૉડે અલી મસ્જિદ જીતી ખાઈબર ઘાટ પર કબજો મેળવ્યો, ઈ. ૧૮૩૯.

તા. ૩૦ અંગ્રેજી સાહિત્યમાં વિખ્યાત 'એલેજી'નું અમર કાવ્ય મૂકી જનાર કવિ ટૉમસ ગ્રેનું અવસાન, ઈ. ૧૭૭૧.

આ માસની વ્યક્તિવિશેષ

જિસેપ ગૅરીબાલ્ડી

ઈટલીની આઝાદીના આ અણનમ આશકનો જન્મ ઈ. ૧૮૦૭ના જુલાઈની ૪થી તારીખે નાઈસ ગામમાં એક વેપારી વહાણવટીને ત્યાં થયો હતો. નાનપણથી જ તેના મનોરથ વહાણખેડૂ થવાના હતા. ૧૪ વર્ષની વયે તો બાપના વહાણ પર તેણે કામગીરી શરૂ કરી અને કૅબિનબૉયની પાયરીથી તાલીમ લેતો લેતો અંતે એક વહાણનો એ કપ્તાન થયો.

એ કાળે ઇટલી ખાનાખરાબીની ટોચે પહોંચ્યું હતું. સ્પેન, પોપ અને ઑસ્ટ્રિયા, ત્રણે એ દેશના ટુકડા કરી ધણીરાણી થઈ બેઠાં હતાં. દેશવટો ભોગવતા મ્યાટ્સિની (મૅઝિની) જેવા આદર્શ દેશવીરનાં દેશદાઝ અને સાહિત્યથી ઈટલી નવજાગૃતિ પામતું હતું. એવામાં સવાલાખ ઈટાલીઅનોએ 'તરુણ ઈટલી'ના ઝંડા નીચે પોપ અને ઑસ્ટ્રિયા સામે જગાવેલો બળવો નિષ્ફળ ગયો અને દેશભરમાં કત્લેઆમ ચાલી. આથી કપ્તાન ગૅરીબાલ્ડીનું હૃદય દ્રવી ગયું અને માની મુક્તિ માટે ઑણે દેશ-



સેવાની લડતમાં ઝંપલાવ્યું. માર્સેલ્સની સફર દરમ્યાન અને વતનપરસ્ત મૅઝિનીની મુલાકાત થઈ. એક જ ધ્યેયવાળા બે આઝાદ આત્માઓએ એકબીજાને ઓળખ્યા. ગૅરીબાલ્ડીએ મ્યાટ્સિનીને જીવનસાથ આપવા કબૂલાત આપી. તરતજ વહાણના એ સુકાનીને દેશનું સુકાન સોંપાયું. અને બળવાની પૂર્ણ તૈયારીએ પહોંચેલા જીનોઆ તેને મોકલ્યો. દુર્ભાગ્યે એ બળવો પણ નિષ્ફળ ગયો અને અનેક આફતો ઓળંગતો એ ૧૮૩૬માં દક્ષિણ અમેરિકા ઊપડી ગયો. ત્યાંપણ બ્રાઝિલની પોર્ટુગીઝ સત્તા સામે રાયોગ્રાન્ડે પ્રાંતે બળવો જગાવેલો, તેમાં પોતાના દેશવાસી ઇટાલીઅનોને એકઠા કરી તેણે સાથ આપ્યો. આ હમદર્દીભરી વીર સહાયથી એની કીર્તિ ચોમેર ફેલાઈ ગઈ. પણ છેવટે એ કેદ પકડાયો, જેમાંથી અનેક જુલ્મગારી સહી તે નાસી છૂટ્યો અને મૉન્ટેવીડિયો ગયો. ત્યાં પણ બ્રાઝિલની સત્તા સામે બળવો જગાવેલા એ પ્રાન્ત ઉરૂગ્વાઇને તેણે મુક્તિ અપાવી.

ઈ. ૧૮૪૮માં ઈટલીમાં ટસ્કનીનો ગ્રાન્ડ ડચૂક અને પેડમૉંટનો રાજા ચાર્લ્સ ભેગા મળી ઑસ્ટ્રિયનોને હાંકી કાઢવા તૈયાર થયા. પણ ખુદ રોમે જ ઑસ્ટ્રિયાને સહાય કરી ને ચાર્લ્સે ભયંકર હાર ખાધી. આ ખબર મળતાં ગૅરીબાલ્ડી અને મ્યાટ્સિની પાછા ઇટલીમાં ભેગા થયા. થોકબંધ જવાનો તેમને આવી મળ્યા. પોપ ભાગ્યો અને રોમ પ્રજાસત્તાક જાહેર થયું. પણ તરતજ સ્પેન, ઑસ્ટ્રિયા પોપ ને ફ્રાન્સે મળી રોમ પાછું છીનવી લીધું. અને વિ[illegible]

પોતાના સાથીઓનું દુઃખ ન જોઇ શકવાથી તેણે સૌને મુક્ત કર્યા. કઇ દિવસ સુધી દિશાશૂન્ય દશામાં એ રખડ્યાં, પણ આઝાદીના એ આતશને સંઘરવા કોઈ તૈયાર નહોતું. છેવટે તે ૧૮૪૯માં અમેરિકા ગયો.

ત્યાંથી પાંચ વર્ષે પાછા ફરી તેણે ૧૮૫૪માં માદરે વતન નાઇસમાં પગ મૂક્યો ત્યારે ઈટલીની રાજશેત્રંજ જુદીજ હતી. ઑસ્ટ્રિયનો સામે ફ્રાન્સનો લુઈ નેપોલિયન ઈટલીમાં ઊતર્યો હતો. તુરીનના રાજા વિક્ટર ઈમાન્યૂએલે પોતાના વિચક્ષણ રાજમંત્રી કાવૂરની સલાહથી નેપોલિયનને મદદ કરી. ફ્રાન્સની સહાયથી એને ઈટલીની મુક્તિ સાધવી હતી. ગૅરીબાલ્ડીએ તેમને પડખે રહી યુદ્ધો જીતી આપ્યાં; પણ બંને શાહેનશાહોએ જ્યારે અંતે વિલા ફ્રાંકની સંધિ કરી ત્યારે ઈટલી ઊંચું જ મુકાયું. પરાશ્રય શોધવામાં થએલી આ ભૂલ તેને તરત સમજાઈ ને બહારથી વિરોધ દેખાડતા પણ અંદરખાનેથી મદદ કરતા કાવૂરના ઉત્તેજનથી તેણે 'હજાર મરણિયા'ના નામે વિખ્યાત થએલા પોતાના 'લાલખમીસવાળા' સૈનિકો એકઠા કર્યા અને સિસિલી ટાપુમાં પહોંચી જઇ ત્યાંથી ૧૨૦૦૦ના લશ્કર સાથે એ સાન મેલીટો પહોંચ્યો. ફર્ડિનાન્ટ ભાગી ગયો. ગૅરીબાલ્ડીએ નેપલ્સ કબજે કર્યું ને પોતાના રાજા વિક્ટર ઇમાન્યૂએલને એ પ્રાંતનો રાજા જાહેર કર્યો. આ પરાક્રમોથી તેને 'હિઝ એકસેલેન્સી'નો ખિતાબ એનાયત કરવા માંડ્યો ત્યારે 'હું તો માત્ર ખેડૂત છું; અને એ ખિતાબને લાયક તો રોમ અને વેનીસ લઈશ ત્યારે જ થઇશ' એટલું કહેતો એ પોતાને ગામ પાછો ફર્યો. પણ હજુ એના ચિત્તને શાંતિ ન હતી; રોમ હજી પરતંત્ર હતું.

ફરી તે ચુનંદા સૈનિકોનું દળ ભેગું કરી ૧૮૬૭માં નીકળ્યો અને રોમમાં પ્રવેશવા બે વાર મથ્યો, પણ રોમને પોપના હાથમાંથી છોડાવીને સ્વતંત્ર ઇટલીનું પાટનગર બનાવવા યુરોપ તૈયાર ન હતું. ફ્રાન્સે તેની સામે દળ મોકલ્યું; ઇટાલિયન સૈન્યને પણ તેને પકડવા જવું પડ્યું. સૈનિકો તો તેને પૂજતા હતા. અંતે તેને સમજાવીને કેપ્રેરામાં તેના નિવાસસ્થાને પાછો મોકલવામાં આવ્યો.

પછી તો તેને રોમમાં ચેમ્બર ઑફ ડેપ્યુટીઝમાં ચૂંટવામાં આવ્યો, ને ૪૦૦૦૦ પૌંડની થેલી તથા ૨૦૦૦ પૌંડનું વર્ષાસન તેને બાંધી આપવામાં આવ્યાં.

જુવાનીનાં સ્વપ્નો સિદ્ધ કરવામાં જીવન આખું મથનાર ઈટલીના એ મુક્તિદાતાએ ૧૮૮૨ના જૂનની બીજી તારીખે કૅપ્રેરામાં

એકલ દેતા દાન જે એકલ ઝૂઝત જંગ
એકલ જગનિંદા સહે એ વીરોને રંગ

—ર. વિ. પાઠક



ફ્રાન્સની રાજ્યક્રાન્તિ બાદ રોળમા લુઇને વધસ્તંભ પર ખડો કરવામાં આવ્યો ત્યારે શાંતિપૂર્વક પોતાના અંતક સમીપ જઈ, એકઠી થએલી મેદિની તરફ નજર નાખતાં તે સગર્વ બોલ્યો, 'સજ્જનો, મારા પર જે આરોપ મૂકવામાં આવ્યો છે એમાં હું નિર્દોષ છું; છતાં મારા દેહાંતથી ફ્રાન્સવધુ સુખી નીવડો.'

અનેકાર્થી શબ્દ: કૂચ=રવાના થવું તે; લશ્કરી ઢબની ચાલ; છૂપી વાત અથવા રહસ્ય; કુંજો કે ભોટવો.

કહેવતો કેમ પડી: 'દાઢીના દોઢસો ને ચોટલીના ચારસો.' સંકટ વેળા સમયસૂચકતા વાપરવાનું બોધતી આ કહેવત પાછળ એક વોરાની ચતુરાઈની એવી વાત છે કે રાત્રે બહાર નીકળેલા એક વોરાજી ચોરના હાથમાં સપડાઈ ગયા અને ચોરે તેમની દાઢી પકડી, દોઢસો રૂપિયા છુટકારા માટે માગ્યા. ચતુર વોરાજીએ યુક્તિ કરી પોતાની સ્ત્રી પાસે રૂપિયા મંગાવતાં જણાવ્યું કે 'આ દાઢીના દોઢસો માગે છે તે ઝટ લાવ, નહિતર જો ચોટલી પકડશે તો ચારસો આપવા પડશે.' મૂઢ ચોર આનો મર્મ ન સમજતાં ચારસોની લાલચે દાઢી છોડી ચોટલી પકડવા ગયો; પણ વોરાજીને માથે તો તોલો હતો, તેથી હાથ ભોંઠો પડ્યો ને વોરાજી છટકી ગયા.

ગણિતગમ્મત–કોઇપણ રકમ ધારો અને તેને ઉલટાવી એ બંનેની બાદબાકી કરો તો બાકી રહેતી સંખ્યાના આંકડાનો સરવાળો હમેશાં ૯ જ આવશે.

આ મહિનાનું નામ જુલાઈ–તે આ માસમાં જન્મેલા જુલિયસ સીઝરના નામને સ્મરણાંકિત કરવા તેની પછી તેના સરદાર માર્ક ઍન્ટનીએ સત્તા પર આવીને પ્રચલિત કરેલું.

આખી દુનિયાની વસ્તીનો પાંચમો ભાગ હિંદમાં વસે છે એ તો કદાચ ઘણા જાણતા હશે, પણ દુનિયાના નિરક્ષરોનો ત્રીજો ભાગ હિંદમાં વસે છે એ ઓછા જ જાણતા હશે.

સ્વિટ્ઝર્લૅાંડ અને ફ્રાન્સમાં વહેતી ર્‌હોન નદી દુનિયાભરની નદીઓમાં સૌથી વેગીલી છે. કેટલાક ભાગમાં તો તે કલાકે ૪૦ માઈલને વેગે વહે છે.

ઘોડો ને હાથી ઊભાં ઊભાં ઊંઘે છે, કૂતરો અર્ધ જાગૃત જ સૂએ છે; સાપ ને માછલાંની આંખો ખુલ્લી પરંતુ સ્થિર રાખીને નિદ્રા લેછે.

બ્રિટન આ લડાઈમાં 'રોજનું' જેટલું ખર્ચ કરે છે તેટલા ખર્ચમાં હિંદુસ્તાનની પ્રાંતિક સરકારોને મધ્યસ્થ સરકારનું ઉદ્યોગોને આપવામાં આવતું ઉત્તેજન ખર્ચ 'પંદર વરસ લગી'ની કળે ને છતાં પૈસા વધે. (હરિજનબંધુ)

શબ્દપરિચય

શાલિધાન્ય=ચોખા, ઘઉં, જવ, મકાઈ, બાજરી, જુવાર વગેરે એકદલ ધાન્યો માટે સંસ્કૃત ભાષામાં આ શબ્દ વપરાય છે.

દ્વિદલધાન્ય=બે ફાડિયાંવાળા—ચણા, વાલ, વટાણા, અડદ, મગ, ચોળા વગેરે કઠોળ ધાન્યો માટે સંસ્કૃતમાં આ શબ્દ છે.

હાઇડ્રોજન ગૅસની શેડને દર ચોરસઇંચે ૬ લાખ પાઉન્ડના દબાણથી છોડવામાં આવે તો તે ૩ ઇંચ જાડા પોલાદના પતરામાં પણ આરપાર કાણું પાડી શકે.

ટમાટાં પહેલાં ઝેરી મનાતાં. એ વહેમને ન ગણકારતાં ટમાટાંનો પ્રથમ આસ્વાદ કરી એક આરોગ્યવર્ધક શાક તરીકે દુનિયાને તેની ભેટ ધરનાર મિચેલ ફેરિસ કૉવે હતો. ર્‌હોડ ટાપુ પર ન્યૂપૉર્ટમાં તેનો સ્મરણસ્તંભ છે.

ટૉર્પિડોની શોધ ઈ. ૧૭૭૭માં ડેવિડ બુશનેલે અમેરિકામાં કરી.

અશુદ્ધ જોડણીના અનર્થ

કડુ–એક વનસ્પતિ ઔષધિ
કડું–ગોળ વાળેલો ધાતુનો સળિયો
કુચી–કુચડી.......કુંચી–ચાવી; ઉપાય
આંગલું–ઝભલું.......આંગળું–આંગળી
પલ–માંસ; ચાર તોલા જેટલું માપ. પળ–ક્ષણ

—રમણ અંબાલાલ શાહ

હામ્બુર્ગ (જર્મની)ના ડૉ. બ્રાન્ડરે ઈ. ૧૬૬૯માં ફૉસ્ફરસની શોધ કરી.



દેશદેશના શિરવેષ—અરબનો.

એ હાથમાં સરસામાનનાં પડીકાં સાથે છત્રી સંભાળવી ચોમાસામાં કેટલી મુશ્કેલ છે તે જાણનારાઓને આનવી 'છત્રી ટોપી'ની શોધ આશીર્વાદ રૂપ લાગશે. માથામાં સજ્જડ બંધ બેસે તેવી ટોપી પર છત્રીના સળિયા જડેલા હોય છે ને હડપચી નીચે આવતી ચામડાની પટ્ટી વડે તે મજબૂતીથી પકડાઈ રહે છે.

ઑસ્ટ્રેલિયા પર પહેલવહેલો પગ મૂકનાર ગોરો ટોમસ વ્હાઈટ હતો. ૧૬૨૨માં આસ્ટ્રેલિઆની પશ્ચિમના એક ટાપુ પર તે ઊતરેલો.

માણસની હોજરી પૂરી ભરાઇને ફૂલે ત્યારે લગભગ ફૂટબૉલ જેવડી થાય છે, અને તદ્દન ખાલી થઇને સંકોચાય છે ત્યારે એક આંગળ જેવડી બની જાય છે!



રેલવે લાઈનની બાજુએ જોવામાં આવતાં આવાં જે પાટિયાં રેલવે લાઇનની સપાટી દર્શાવવા મૂકેલાં હોય છે તેના બે હાથમાંનો એક લેવલ બતાવતો હોય છે, જ્યારે બીજો ઊંચો અગર નીચો હોય છે તે એ દિશાની લાઈનનું ચઢાણ કે ઢોળાવ દર્શાવે છે. ઉપરના ચિત્રમાં એવો ઢાળ દર્શાવતા હાથમાંના આંકડાનો અર્થ એ થાય છે કે હવે આવતી જમીન ૧૯૦ ફૂટે ૧ ફૂટ ઢોળાવવાળી છે.

નેપાળમાંથી કોસી નદી બિહારમાં ઊતરે છે ત્યાં તે એક માઈલનો ભેટ બનાવી વારંવાર પૂર્વમાંથી પશ્ચિમમાં અને પશ્ચિમમાંથી પૂર્વમાં પોતાનો પ્રવાહ બદલે છે.

કાગળના બારસોમા અંશ જેટલો પાતળો સોનાનો વરખ થઈ શકે છે. સો તોલા સોનામાંથી એવો વરખ ૧૪૬ ચોરસ ફૂટ જગ્યા પુર પાથરી શકાય.

હિંદુસ્તાનના દ્રાક્ષના વેલાઓ પરથી આખા દેશની મળીને માત્ર ૧૧ હજાર રતલ દ્રાક્ષની પેદાશ થઇ શકે છે. કૅલીફૉર્નિયા જેવા પેદાશી દેશ એક એકરે ૮ હજાર પૌંડ દ્રાક્ષ આપે છે.

શેઠ (નોકરીના ઉમેદવારને સવાલો પૂછતાં પૂછતાં)–હું; તમે કદી જૂઠું બોલ્યા છો કે?
ઉમેદવાર–નાજી; પણ શીખી શકીશ ખરો.



સારનાથ મ્યુઝિયમમાંનું શિવમસ્તક

બે
શિલ્પપ્રતિમાઓ
હિંદની અને મિસરની



મિસરનો પ્રાચીન બાદશાહ રામેસિસ—બીજો

હિંદ અને મિસર—જગતની જૂનામાં જૂની સંસ્કૃતિઓના અવશેષો ધરાવતા આ બે દેશોની પુરાતન શિલ્પમૂર્તિઓ જોતાં એક સ્પષ્ટ તફાવત નજરે તરી આવે છે. ઉપર આપેલું સારનાથનું શિવ-મસ્તક જુઓ કે સારનાથની મૈત્રેય બુદ્ધની કે વિષ્ણુની બીજી પ્રતિમાઓ જુઓ; ભારતે તેમાં કોઈ અનેરી આધ્યાત્મિક શાંતિ ઉતારી જણાશે. જ્યારે બીજી બાજુ મિસરની પ્રતિમાઓ અજબ ચેતન અને તાદૃશતા સાથે ગંભીર ભભક, જોમ અને સત્તા દર્શાવતી ત્રિકાળમાં માનવશક્તિનો સર્વોત્તમ ડંકો વગાડતી જણાય છે. પ્રસન્ન શાંતિ અને સ્વાસ્થ્યનો અનુભવ કરાવતી મુદ્રાઓ તથા ધ્યાનસ્વરૂપો સર્જનાર ભારતના શિલ્પીઓએ એનાં દર્શન કરનાર પર ભય સત્તા કે પ્રભાવની છાપ પાડવા કરતાં તેના હૃદયમાં શાંતિ ને ભક્તિ પ્રેરવા પ્રત્યેક રેખા ને વળાંકને નવી જ મૃદુતા અર્પી છે અને નશ્વર તાદૃશતા કરતાં અમર શાંતિ-સમાધિને આદર્શ બનાવ્યો છે. આ રીતે મિસર ને ગ્રીસની પ્રાચીન કળાઓ કરતાં ભારતની કળાએ કલાપ્રગતિની સીમા આગળ વધારી છે.







ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ

ઉપર: 'જીવન લહરી'—ચન્દ્રકાન્ત પટેલ, (અમદાવાદ) બીજું ઇનામ; જમણી બાજુ 'નિસડાનાં રહેવાશી'—ડી. ડી. બારોટ (વિજાપુર) ત્રીજું ઇનામ. વિગતો માટે જુઓ પૃ. ૨૦૦

←ટપાલની ટિકિટો ઉપર યુદ્ધનાં સાધનો

જંગલવાસી આદિ જાતિના લડવૈયાઓથી માંડીને છેલ્લી ઢબની ટેંકો ને ઍરોપ્લેનો તથા યુદ્ધમાં ઘવાએલાંની શુશ્રુષા કરનાર નર્સ (છેલ્લી ટિકિટ) સુધીનાં વિવિધપ્રકારનાં યુદ્ધસાધનો પ્રદર્શિત કરતા આ સમૂહમાં તીરકામઠાંને ભાલાધારી લડવૈયા, બંદુકધારી સૈનિક, ઘોડેસવાર સરદાર, વહાણનો કાફલો, કાળમુખી તોપ, હાથોહાથનાંયુદ્ધ, મોટરલૉરી, પુરવઠાનાં જહાજો, તાસીરો કરતી ટુકડીઓ આદિ અનેકરૂપી પ્રવૃત્તિનું દર્શન છે.